
॥ श्री हरिः ॥ श्रीमते रामानुजाय नमः ॥ Reg No

ગમ્મત સાથે જ્ઞાન છે, આ પુસ્તક મોઝાર;
સમ્મત સહુ મતને થશે, છે અધ્યાત્મક સાર.



આ સંતનું સાહિત્ય છે (અથવા) મેઘજીની મિલકત; એજ

દીલનું દર્પણ.

અથવા બીજુ નામ અંતરના; આરશી ને મુખ્ય નામ તો

મુકુંદના-મનોભાવ

લેખક તથા પ્રકાશક.
લેખક. શ્રી પતિની કૃપાથી, માંગરોળવાળા
પુજારિ શ્રી વૈષ્ણવ વિપ્ર મેઘ લાલજી (ઉર્ફે) મુકુંદદાસજી

અમદાવાદ—શ્રી 'સત્યવિજય' પ્રિન્ટીંગ પ્રેસમાં પાંચકુવા
દરવાજામાં શા. સાંકલચંદ હરિલાલે છાપ્યું. ૧૯૭૬માં

આ અંતરની આરશી, દીલ દર્પણને કાજ;
શોધ શોધી સર્વદા, મને મુમુક્ષુકાજ;

મુખના ડાગ મટાડવા, દરપણ દખો જેમ;
દીલના ડાગ મટાડવા, આ પણ વાંચો એમ:

(કીંમત (૮) આના ધર્માદામાં જશે.)

અનુક્રમણિકા.

(સંવત ૧૯૭૬) ———o——— (શ્રી રામનૌમી.)

સંવત-૧૯૭૬-આવૃત્તિ પહેલી. પ્રત-૫૦૦ સન. ૧૯૨૦.

(દોહરો.)


વિનવું વાંચક વૃંદને, છાપ્યું છે કરિ શુદ્ધ;
તોય કોય ભુલ હોય તો, સુધારશો સ્વબુદ્ધ;

☛ अर्पण पत्रिका. ☚

શ્રીવર ચરણે સમર્પિ, પુસ્તક કર્યું પ્રસાદ;
સ્વામી શ્રીરઘુનાથને, અરપ્યું પ્રીતિ સાથ;

પ્રસાદરૂપ પુસ્તક કરિ; દઉં હરિજનને હાથ;
જેથી વાંચે પ્રેમથી, પુરણ પ્રિતી સાથ;

गरुडजी चक्र तिलक शंख म्हारुति



मनहर छंद.

अनंत श्रीरामानुजीके पुरे प्यारे अनुयाय,
श्रीमत् रणछोडरायजीके खास दास है;
वडीया नरेश वेंकटेश के है भक्तराज,
कीये म्होत म्होत छोटे बडे भले काज है.
*दोलत वाले वो नाहिं धन्य धन वाले वोहि,
धर्म कार्यमें हजारो रुपिया लगाये है;
छपवाये ग्रंथ म्होत पवित्र प्रिती के साथ,
बावावाळा म्हादुर ने हाथ न सकुचे है.
दीलके बडे उदार स्वामी के पदमें प्यार,
याको नित्य बांचनेके लीये ये तैयार है.

श्रीखरारिपुर (खुरासा)
सं. १९७६नी, वसंत पंचमी
ता.-२६-१-१९२०.

ली.-आपका शुभेच्छक.
श्री वेंकटेश्वरके अर्चक.
मुकुंद रामानुजदास.
(મેઘજી લાલજી).

પ્રસાદ ગુરૂ ગોવિંદનો, આ દીલ દર્પણ ખાસ;
વડીયા નરેશ વાંચવા, પ્રિતે રાખો પાસ;

આ અંતરની આરસી, દીલનું દર્પણ ખાસ;
મનોભાવ મુકુંદના કરશે જ્ઞાન પ્રકાશ;

*અર્થ-લક્ષ્મીપતિની શેવામાં ધન ખર્ચો છો તેથિ આપ ધનવાનને ધન્ય છે; ને અવળે રસ્તે ઉડાડે તે દોલત-નામ-બે લત્ત-કઇ-આ લોકમાં નીંદાને પરલોકમાં નર્ક.

(વાંચનારને નમ્ર વિનંતિ).

પુસ્તક પૃફ તપાસિને, છપાવ્યું છે કરિ શુદ્ધ;
તોય કોય ભુલ હોય તો, સુધારશો સ્વહ બુદ્ધ.

મ્હારાં પ્રિય બંધુઓ અને બ્હેનો, આ પુસ્તકમાં જે કાંઇ લખ્યુ તે માત્ર મ્હારૂં મનોકલ્પીત નથી, પરંતુ શ્રૃતિ, સ્મૃતિ. પુરાંણ, ઇત્યાસ વિગેરેનાં શ્રવણથી મહાપુર્ષોના સમાગમથિ ને સ્વાનુભવથિ સમય પરત્વે સ્ફુર્યું તેની નોટ, એજ આ છે, અકેક વાકયની અંદર દિર્ઘદ્રષ્ટિથી જોશો તો બહુ સારનો સમાવેશ છે, આજ સુધિમાં જે મેં શ્રવણ કર્યું તેનું મનન કરિને ખાસ મુદાના વાકયોને દોહાના રૂપમાં મુકયાં છે, બધેયથિ,

તત્વતત્વને દોહિને, કર્યું દોહામાસ્થીત;
સજ્જન વાંચો શાંતિથિ, સ્થીર કરિને ચિત્.

વાંચે પણ નહિં કરે વિચાર તે સમજે નૈ સઘળો સાર માટે વિચારિને વર્ણનમાં આણવું એજ સુણ્યાનિ સાર્થકતા, આમાં જ્યાં સ્ત્રીઅંગ વિશે વાકય છે, તે બ્હેનોએ પુરૂષ વિશે છે એમ સમજવું ને તે પણ પરસ્ત્રી પુરૂષ વિશેજ છે. ભુલચુકની ક્ષમા ચ્હાનાર આપ સર્વનો શેવક મેગજી. (ઉર્ફે) મુકુંદ રામાનુજદાસ; સર્વનું શ્રેય ચાહુંછું. વધારે નહિં તો દર મહીને એક વખત પ્હેલેથિ છેલે સુધિ આ પુસ્તક વાંચવા વ્હાલાં જનોને વિનંતિ છે; श्रीहरि शर्णम्

॥ [illegible] ॥ श्रीमते [illegible] नमः ॥

॥ लक्ष्मीनाथ समारंभा । नाथ यामुन मध्यमाम् ।
[illegible] पर्यंतां । वंदे गुरुपरं परम् ॥

॥ मुकं करोति वाचालं । पांगुलंघयते गीरिं ।
यतकृपा तमहं वंदे । परमानंद माधवं ॥

દીલ દર્પણ.

પ્રકરણ પહેલું.

મુકુંદ અને મુમુક્ષુ.

શ્રીમત મ્હારાજાધિરાજ શ્રી રણછોડરાયજી જગતપતિની પરમ પવિત્ર જગપ્રસિદ્ધ શ્રીદ્વારકાંપુરિથી (૬૦) કોસ દુર; સુદામાપુરિ અને પ્રભાસની વચ્ચે; એક શહેરમાં મુકુંદ અને મુમુક્ષુ નામના બે મિત્રો બજારને રસ્તે ચાલ્યા જતા હતા; તેવામાં દીવસના ૧૦ાા ને સુમારે જાહેર રસ્તા ઉપર કોઈ બે ત્રણ માણુસ એક મોટિ વખારમાં વૈદું જમાવીને બેઠા હતા; ને તે વૈદની વખારમાં ઘણા માણસો વૈદું કરાવવા બેઠાં હતાં; અને બીજાં પણ ઘણાં માણસો દોડિ દોડિને દાકતરની દુકાને આવતાં હતાં; તે

ડાકટરનો એક માણુસ ઉંચા ચોક ઉપર ઉભિ ને આવિ રિતે મોટે સાદે બુમ પાડતો હતો કે; નયનામૃત ઔર તન્દુરસ્તીકી દવાય લિજીયેં, ચક્ષુ સુધારક ઔર તન પુષ્ટિકિ દવાય લિજીએં; તેજોય મુમુક્ષુ પ્રત્યે મુકુંદે કહ્યું કે;—

(દોહરો)–નયનાં મૃત તન પુષ્ટિની, દવા લીયે બહુ લોક;
જ્ઞાનામૃત મનતુષ્ટિની, દવા લીયે જન કોક.–૧–

મુમુક્ષુ કહે શું કહ્યું; મુકુંદ કહે જુઓ આ કેટલાં બધાં લોકો ચર્મ ચક્ષુની ચિવટમાં, અને તન પુષ્ટિની ત્રેવડમાં લાગી રહ્યાં છે; પરંતુ હ્રદય ચક્ષુને સુધારનારૂં જ્ઞાનામૃત; અને મનને તુષ્ટ બનાવિને મોક્ષ દેનાર જે ભગ્વદ્ ભજન રૂપિ દવા છે; તેને માટે આટલી તજવિજ કરનાર તો કોઇકજ ભાગ્યશાળી જીવ નિવડે છે;–૧– મુમુક્ષુ કહે; તે સાચું પરંતુ શરિરના રોગો મટાડવા માટે આ દવાઓની પણ જરૂર છે. મુકુંદ કહે; તે ભલે પરંતુ એ દવાઓથી શરિરના રોગો કાયમને માટે મટતા નથી; અને ભગ્વદ્ ભજનથિ તો ભવોભવના રોગ મટિ જાય છે; મુમુક્ષુ કહે ભગ્વતભજન પણ શરિર સારૂં નિરોગી હોય તો થૈ શકે; તુકુંદ કહે—

(દોહરો)–તન સુધારવા શું મથે, મનની કર તજવિજ;
મન સુધર્યે તન સુધરશે, મન છે તનનું બીજ.–૨–

અર્થાત મન સુધર્યાથિ તન સુધરે છે; જેમ હાથ ધ્રુજવાથી કલમ ધ્રુજે છે; ને હાથ સ્થીર થવાથી કલમ ધ્રુજતિ નથી; તેમ મન રોગી થવાથી તન રોગી થાય છે; ને મન નિરોગી થવાથી તન તેનિ મેળે નિરોગી થાય છે; ટુકામાં કહોતો તનનુ મૂળ બીજ મન છે, મનરૂપિ બીજમાંથી તનરૂપિ વૃક્ષ તૈયાર થા છે; જેવું બીજ તેવું

વૃક્ષ; તેમ જેવું મન તેવું તન મળે છે; તેથિ કહ્યું છે કે;–૨–

(દોહરો)–જો બીજ બગડે મેઘજી, તો બગડે તે ચિજ:
માટે મન તન બીજને, સુધાર્ય કરિ તજવિજ.–૩–

સુમુક્ષુ કહે તનનું બીજ મન કેવિ રિતે; મુકુંદ કહે આશા ત્યાં વાસા ને મતિ તેવિ ગતિ જેવું મન તેવું તન મુવા પછી મળે; એમ કહેવાય છે; અને **एक मृगीके कारणे भरत धार तिन देह** તે પરથી સિદ્ધ થાય છે કે તનનું બીજ મન છે; કેમકે જો મૃગલીના બચ્ચામાં ભરતજીનું મન હતું તો મૃગનું શરિર તેને મળ્યું; તે વાત શ્રીમદ્ભાગવત પુરાણમાં પ્રસિદ્ધ છે; તેથિ દ્રઢ થયું કે તનનું મુખ્ય બીજ મન છે; વાસ્તે જો મન સુધરે તો તન એની મેળે સુધરશે; માટે મનને સુધારવાની તજવિજ રાખવિ જોયે, મન સુધર્યાથી સર્વ સુખ; ને બગડયાથી સર્વ દુખ મળે છે;–૩–

તેથિ કહ્યું છે કે;—

(દોહરો)–મન સુધર્યા સમ મેઘજી, નહિં કોઇ લાભ મહાન;
મન બગડયા સમ શ્રૃષ્ટિમાં નથિ બિજું નુકશાન.–૪–

અર્થાત્ જો મન બગડે તો ચોરિ, જારિ, જુઠું બોલવું, જુગારિ હરામખોરિ. વિગેરે વ્હાલાં લાગે, ને તેવું કરવાથિ પરિણામે કેદ, શરિરમા છેદ, ને હૃદયમાં ખેદ, થાય ને મુવા પછી મ્હાદુખ માલીકથિ વિમુખ થવાના પરિણામમાં પામવું પડે; યમદુતને હાથ ચડે, તેનો મજબુત માર જડે; આખર નર્કમાં પડે, તેમાં કોટિકોટિ કલ્પ સુધિ સડે; ને તે પછિ નિચિ યોનિયોમાં જન્મ જડે; તેમાં પુર્વના સંસ્કારે કુસંગનો કુરંગ ઝટ ચિતપર ચડે; અને પાછો તેવિજ પ્રપંચ જાળમાં ગુંથાય ને નર્કે જાય, એમ વારંવાર સંસારમાં ગોથાં ખાય; તેવું કષ્ટ

માત્ર એક મન બગડવાથી પેદા થાય; માટે મન બગડયા જેવું જગતમાં કોઈ પણ નુકશાન નથી; અને જો મન સુધરે તો સ્નાન, દાન, જ્ઞાન, ધ્યાન, ગોવિંદનું ગુણગાન, જપ, તપ, તિર્થ. ભજન, પુજન, વિગેરે સત્કર્મ કરવાં ગમે; ને સારાં કર્મ કરવાથી પરિણામે પાપનો નાશ બુદ્ધિનો પ્રકાશ હૃદયમાં હુલ્લાસ, શ્રીપતિનો વિશ્વાસ, તેથિ તેનો જ અનન્યદાસ થાય, તમામ ત્રાસ જાય; જીંદગી પર્યંત શ્રી અનંતની પેઠે પ્રભુનાજ ગુણ ગાય, છેલ્લી દેહ પુરિ થાય કે તુરત દેવાધિદેવના દિવ્ય ધામમાં મુકામ થાય; ત્યાં કાયમ ઠીક ઠેકાણે ઠરે, પાછો ન ફરે; તેવું મ્હાસુખ માત્ર એક મન સુધરે તો મળે; માટે આ જગતમાં મન સુધર્યા સમાન બીજો કોઈ લાભ નથી; એમ મથિ મથિને જોતાં નુક્કરર થાય છે; ને ગીતાજીમાં પણ મુખ્ય એજ વાત કહે છે કે—**मन एव मनुष्याणां कारणं बंध मोक्षयोः** અર્થાત્ મન એજ મનુષ્યોને બંધ મોક્ષનું મુખ્ય કારણ છે; જો મન વિષમય વિષયમાં બંધાણું તો તે બંધાય ચુક્યો ને મુક્ત થયું તો તે મુક્ત થયો; માટે મનનેજ સુધારવાની તજવિજ રાખવિ જોયે,—૪—મુમુક્ષુ કહે કેવિ રિતે તજવિજ રાખવિ; મુકુંદ કહે; વિષય ભોગનું પરિણામ રોગ; તે પોતાનું મન વશ ન હોવાથી અનેક જાતના ભોગ; ને તેના પરિણામમાં અનેક જાતના રોગ તનને ને મનને લાગુ પડે માટે વિષયભોગ; તે ખરો ભોગ નથિ; પરંતુ તે રોગ છે; માટે જરૂર ખપ જેટલીજ લપ રાખવિ જોયે; કે જેના વિના શરિર ચાલેજ નહિં, તેટલા પુરતો વિષયભોગનો ઉપયોગ વિધિથિ કરવો જોયે; પરંતુ સ્વાદમાં લલચાયને ઇંદ્રિયોના ચસથિ કરેલ વિશેષ ભોગો રોગોનું મુળ છે; તેથિ કહ્યું છે કે;—

(દોહરો)–ગળાં સુધિ લાગે ગળ્યું, પછિતો પેટ ભરાય;
જે જમિયે તે ઠીક છે, સ્વાદે શિદ લલચાય.–૫–

એમ સમજીને શિરા માટે શ્રાવક, અને પ્રસાદિયા વૈશ્નવ તથા ખાવા માટે બાવા ન થાવું પરંતુ પવિત્રતાથિ પોતાને ખરિ ખાત્રી થાય કે આ અનાજ અશુદ્ધ કે અનિતિનું તો નથી; એમ ચોક્સ તપાસ કરિને સ્વહસ્તે શ્રીપતિને ધરિને જેટલાથિ શરિર ચાલે તેટલી જ પ્રસાદી એક વખત લેવિ જોયે; તો દિન પ્રતિદિન; દિલ ખિલવા માંડે; ને તમામ રોગ છાંડે; મુમુક્ષુ કહે; ત્યારે તો સ્ત્રીઓના અંગનો સંગ સ્પર્શ મૈથુનાદિ વિગેરે ભોગથી તો જરૂર રોગ પેદા થતા હશે; મુકુંદ કહે તેમાં શું પુછવું તેતો રોગનુંજ ઘર છે; પરનારિમાં મોહવાય એટલે પરમોહથિ પરમો પેદા થાય; ને સંગ કરવાથી ચાંદતરિકે ચાંદિનો રોગ અર્થાત્, ચાંદ, ક્ષ, મળે; ને કાંમરૂપિ મ્હા ભયંકર રોગ તેતો માત્ર સ્ત્રીના શરિરના ચિંત્વનથિજ તનમાં ને મનમાં તત્પર પ્રવેશ કરે છે; તે ઉપરથીજ કહ્યું છે કે,—

(દોહરો)–સંત તુલ્ય સજ્જન નહિ, બ્રહ્મ તુલ્ય નહિ ભોગ;
ભક્તિ તુલ્ય ભુષણુ નહિ, કામ તુલ્ય નહિ રોગ.–૬–

અર્થાત જગતમાં સંતપુરૂષ સમાન કોઈ સજ્જન નથી; કેમકે परोपकाराय सतांविभुतयः ॥ સત્પુર્ષો પારકાના કલ્યાણુ માટે જ કલ્પાએલા હોય છે; અને જે બ્રહ્મનો આનંદ છે;તેની સમાન બીજો કોઇ શ્રેષ્ટ ભોગ ક્યાંય નથિ કેમકે ॥ आनंदं ब्रह्मणो विद्वान्नबिभेति कुतश्चन ॥ અર્થ ॥ આનંદ બ્રહ્મનોગ્નાતા નબિએ કોઇથિ કદા ॥ અર્થાત બ્રહ્મનો ભોગી સદા નિર્ભય થાય છે; માટે એજ ખરો ભોગ; અને જગતમાં જેટલાં ઘરેણા (ભુષણ) છે; તે કોઇ ભક્તિની બરો-

બર નથી ભક્તી સર્વથી શ્રેષ્ટ ભુષણ છે;કેમકે॥ भक्ति कितो जनार्दनः॥ ભક્તિરૂપ ભુષણથી સર્વેશ્વર પણ સામું જુવે છે; માટે ભક્તિ તુલ્ય બીજું ભુષણ નથી; અને કામ તુલ્ય બીજો રોગ નથી, કેમકે કામથી તમામ રોગની ઉત્પતિ છે; कामःक्रोद्धाभि जायते ઈત્યાદી પ્રમાણથિ સિદ્ધ છે; અને તે કામને જગાડનાર સ્ત્રી અંગ સ્પર્શ સ્મરણાદિ છે. –૬–તેથિ કહ્યું છે કે

(દોહરો)—નારી નાગણસેં બુરિ, નાગણ ડસે મરાય;
નયન નારિસેં જોડતાં, નખ શિખ વિખ ભરાય.–૭-

અર્થાત નાગણિને દુરથી દેખવાથી, કે સ્મરણ કરવાથી ઝેર નથી ચડતુ પરંતુ ડંસ કરે ને દાઢ ફુટે તોજ ઝેર ચડે છે, અને સ્ત્રીના શરિરનાં અવયવો રૂમરૂ જોયા વિના માત્ર દુરથી સ્મરણ કરતાં જ નખથિ શિખ પર્યંત ભયંકર જુલ્મી કામ રૂપિ ઝેર કારો ઝેર કરવા જાગ્રત થૈ જાય છે;–૭–તેથી કહ્યું છે કે;

(દોહરો)—વેસ્યા વાઘણથિ બુરિ, વાઘણ વિંખે અંગ;
વેસ્યા અંગે વળગતાં કોટિ સુકૃત ભંગ.–૮–

અર્થાત સિંહણ મળે તો માત્ર સ્થુળ શરિરનેજ વિંખિને ખાય જાય; પરંતુ કરેલા પુન્યને કાંય તે ખાય નહિં; અને વેસ્યાના વળગવાથી તો શ્રૃતિના શબ્દોમાં ॥ पर योनिं पतेत बिंदु कोटि पुजा विनष्यतिः ॥ અર્થ પરસ્ત્રીમાં એક બિંદુ માત્ર પણ વિર્ય પડવાથી કોટાન કોટિ દાન, પુન્ય, જપ, તપ, વૃત, નિયમ, દેવપુજન, ધ્યાન, ભજન, વિગેરે તમામ સત્ કર્મ માત્ર પરસ્ત્રી અંગના સંગથી વિર્ય સ્ખલિત થતાં એકજ વખતમાં બધાં સત્કર્મ બળિ જાય છે; માટે કહ્યું કે; વેસ્યા અંગે વળગતાં કોટિ સુકૃત ભંગ એવો અનંગ રૂપિ

રોગ, સ્ત્રીના સંભોગથી બે ઘડી કદાચ શાંત થાય; પરંતુ પછી ઔર ઉતપાત, લલુતા દીન રાત, તેનિંજ વાત;એજ પંચાત, તેનેજ રિઝ· વવા કરામત કરવામાં વય વિતે ને અંતે જમદુતઝીતે; માટે જે સ્ત્રી સંભોગ તે તો મહા રોગ છે;-૮-મુમુક્ષુ કહે તે મ્હા રોગ શાથિ મટે; મુકુંદ કહે;

(દોહરો)-રામ નામકી ઔષધિ, ખરિ નિતસેં ખાય;
અંગ પિડા વાધે નહિં, મહા રોગ મિટ જાય.-૯-

અર્થાત શ્રી રામ નામ રૂપિ ઔષધિ સાચી દાનતથી નિતિ ધર્મથી નિત્ય લ્યે તો અંગની પીડા અને કામ રૂપિ મ્હા રોગ પણ મટિ જાય છે;-૯- માટે ખરો ભોગ તો ભજનાનંદ, અને બ્રહ્માનં- દનોજ છે; કે જેનાથી તમામ શરિરના અને મનના સ્થુળ; અને સુક્ષમ રોગોનો નાશ થૈ જાય છે; અને કદાચ પુર્વનાં પાપે પ્રારબ્ધ યોગથી શરિરમાં રોગ હોય; તો પણ બ્રહ્મના આનંદથિ તેના મનમાં તેનું કષ્ટ નથી થાતું; માટે હમેશાં શ્રી પતિનું ગુણ ગાન, ધ્યાન, અ- ર્ચન, પુજન, વાંચન, વિચાર, શ્રવણ, મનન, નિદિ ધ્યાસન એજ ખરો ભોગ; કહેવાય; ને તેને માટે ઉધ્યોગ કરે એજ સાચાં મનુષ્ય કહેવાય; મુમુક્ષુ કહે; ત્યારે ભગવાનનેં ભુલિને બીજા ભોગ ભોગવનાર પણ માણસતો છે; તેને શું સમજવા મુકુંદ કહે; ॥ **मनुष्य रुपेण मृगाश्चरंति** ॥ અર્થાત તે મનુષ્યના આકારવાળાં પશું છે એમ જાણો; મનુષ્ય તો જે મનને સુધારે, તે મનુષ્ય તે મનને સુધારવાનાં સાધન એજ કે;

(દોહરો)-ભજન, પુજન, ભોજન કરે, નાય, ખાય, ને ગાય;
તે મનુષ્ય છે મેધજી, અન્ય પશુ કહેવાય;-૧૦-

અર્થાત્ પ્રભાતમાં વ્હેલા ચાર બજે નિદ્રામાંથી નિવૃત થૈને હાથ પગ મુખ ધોયને, માન્સી પુજા અથવા પ્રભાતિયાં, અથવા શ્રી રામનામના જપ રૂપે ભજન કરે, ને તે પછિ શરિર શુદ્ધિ કરીને શ્રી હરિનું મુર્તિમાં મંદિરમાં અથવા ઘરમાં પુજન કરે; તે પછી પવિત્રતાથી તૈયાર કરેલ રસોયનો ભગવાનને ભોગ ધરે; પછી આરતિ કર્યા બાદ પાપમાંથી બચવાની પ્રાર્થના કરિને પ્રભુના પ્રસાદનું ભોજન કરે; તે પછી પ્રભુ તરફથી પોતાના વર્ણાશ્રમ પ્રમાણે જે શેવા (ધંધો) મળેલ હોય તેમાં લાગે, ને પાછા સાંજે સ્પર્શા સ્પાર્શના દોષ નિવાર્ણાર્થે નાહિને શ્રી પતિની સેવા કરિ ભોગ ધરિને પ્રસાદ લ્યે; ને તે પછી ગામ ગપોડા નહિં પણ ગોવિંદનાં ગુણ ગાન સુતાં સુધિ સર્વ સજનો મળિને કરે; તેતો માણુસની ગણત્રીમાં ગણાય, બાકી તો પશુ તુલ્યજ કહેવાય; કેમકે જગતમાં વિષય ભોગમાં તો પશુ પણ પ્રવિણ છે; અને તેવા વિષય ભોગ માટે માણુસ મથિમરે, તે, મનુષ્યાકારે પશુજ છે; જેમ ખોટો રૂપિયો સાચા રૂપિયાના આકારમાં હોય પણ તે કાંસા કુટનો કટકો કહેય; અને રેલ્વે ટિકટની ઓફીસ આગળ જતાંજ તેના લલાટમાં લોખંડનો ખીલો ખુંચે; તેમ અંતકાળે ઇશ્વરની ઓફીસના ફિરસ્તા સાચાં માણુસને માન અને દિવ્ય વિમાનમાં બેસવાની ટિકેટ આપે અને ખોટાને સોટા મારિને ખડખદતા કીડા વાળા કુંભી પાકમાં નાખે; માટે મન સુધારે તે મનુષ્ય; બાકી તો કીડી મકોડા ને મધ માખીઓ, શું, મીષ્ટાંન નથિ ખતાં; શું, બકરાઓ દીવસમાં દસ બાકડીઓ નથિ ભોગવતા; શું; ગધેડાઓ વારંવાર ગધેડિની પાછળ નથિ દોડતા; શું; કુતરાંઓ કામાતુર નથી; શું; હાથિ સ્રીના મોહમાં નથિ મરિ જતા (કાગળની

હાંથણીને દેખિને;) શું ભમરા સુગંધિના શોકીન નથી, શું મૃગલાંએ રાગનાં રસીયાં નથી; શું, પતંગીયાં રૂપમાં મોહિને રાખ નથિ થઇ જતાં, તેને તેવા ક્ષુદ્ર વિષયોને માટે વય વિતાડનારા અને મથિ મરનારા અને કાંઇ પુરૂષાર્થ કર્યો ગણાય શું; બલ્કે નહિં; ખરો પુર્ષાર્થ તો તે કહેવાય કે–૧૦–

(દોહરો)–પરમ પુરૂષ પ્રભુ એક છે, બીજું અંતે વ્યર્થ;
પ્રભુ અર્થે ઉધ્યમ કરે તે સાચો પુરૂષાર્થ;–૧૧–

અર્થાત પુર્ષાર્થ એટલે જે બધાં ચેતન્યનો નિયંતા આદિ પુરૂષ પુર્ણ પુર્ષોતમ જે કહેવાય છે; તેને મેળવવા માટે જે ઉધ્યમ તેનું નામ પુરૂષાર્થ પુરૂષને અર્થે; કરવું તે પુરૂષાર્થ; બાકી બીજા વિષયોને મેળવવા મથવું તે તો વિષયાર્થ કહેવાય; પ્રભુની સેવાનીમીતે કરો તે પુર્ષાર્થ ખરો છે; અને તે પુર્ષાર્થ કરવામાં મુખ્ય મન સુધારવાની જરૂર છે;–૧૧–અને મન સુધારવાનો મુખ્ય આધાર સત્વ ગુણી આહાર પ્રભુપર પ્યાર ને અન્ય વિષયની આશાનો તિરસ્કાર, કરવા ઉપર છે; શ્રી પતિની સેવાની આશા વિનાં બીજી આશાઓ છોડવાથી, ને શ્રી પતિનાં ગાન ધ્યાનમાં મન જોડવાથી દીન પ્રતિદિન દિલ સુધરે છે;–૧૧–મુમુક્ષુ કહે;કેટલાક લોકો એમ કહે છે કે વારંવાર ખુબ વિષય ભોગવવાથી મન તૃપ્ત થૈ જાય છે; તેથિ પછી શાંતિ થાય છે; મુકુંદ કહે.

(દોહરો)–પ્યાસ વિષયની મેધજી, પિધે પડે ન મંદ;
જેમ તેમને ભોગવા, તેમ તેમનો છંદ.–૧૨–

અર્થાત જગતમાં વિવિધ વિષયોનો પાર નથી, તે બધા મન માન્યા પ્રાપ્ત થવાને કાયમ સ્થીર રહેવા મુશ્કેલ; અને આશાતો

બધા વિષય મેળવવાની એક પછી એક ઉઠયાજ કરે; એમ કર્તાં આયુષ ખલાસ, નેં આશ ત્યાં વાસ; ને ફરિને એજ વિષયોની તપાસ એમ ઘટમાળનાં ચું'ચવણીનો છેડો આવેજ નહિં;-૧૨-માટે.

(દોહરો)-રાખ્ય આશ અવિનાશની, નાશ તણી શી આશ;

મુકુંદ મન મુક્ય રામમાં, મળે આશ ત્યાં વાસ.-૧૩-

અર્થાત જે નાશવંત પદાર્થની આશા; તે છેવટ દુખદાય થાય; માટે નાશવંત વિષયના ભોગી નહિં પણ બ્રહ્મરસના ભોગી થવું; ને તે બ્રહ્મરસના ભોગને યોગ્ય થવા સારૂ મનનેં સુધારવું જોઇએ; કેમકે તે મનથી મેળવિ શકાય છે; અને મન ભવોભવ ભેગું આવે છે માટે મનને સુધારે તે સમજુ અને મનની દરકાર ન કરે ને તનને તાજું કરવામાંજ તત્પર રહે; તે ગાફલ ગણાય,-૧૩-કેમકે;

(દોહરો)-સારાં માઠાં શરિર તો, આખર જાય વિંખાય;

મન એનુ એ મેઘજી, સાથેં બધેય જાય.-૧૪-

માટેં મનને સુધારવાની ચીવટ સચોટ કરવિ જોયેં, તે સદા સાથે રહેનાર છે, ને શરિર તો જુદાં જુદાં અનેક, થાય ને મટિ જાય છે;-૧૪-મુમુક્ષુ કહે; જીહા કહે છે કે મન અને ઇંદ્રિઓ જીવ સાથે જાય છે, મુકુંદ કહે; ચોખ્ખુ સમજાય છે; અંતે, કાંનના, નાકના, જીભના, નેત્રના, એમ દરેક ઇંદ્રિયોના દેવતા ઉઠી જાય છે; ને તે ઇંદ્રિયો સહ જીવની પ્હેલાંજ પ્રયાણ કરે છે ને બીજા દેહમાં તેના તેજ જીવને માટે મુકરર ઠરે છે; ને તે સર્વ ઈંદ્રિયોમાં મુખ્ય મન છે; બાકી બીજી ઈંદ્રિયો તો બીચારિ મનને આધિન છે, તેથિ કહ્યું છે કે

(દોહરો)-પાંચ ઈંદ્રિ તુજ પુત્રી છે, તેમાં મન છે મુખ્ય;

તે પ્રભુનેં પર્ણાવતાં, મટશે દારૂણ દુખ.-૧૫-

અર્થાત જેમ જુવાન પુત્રીઓને કુંવારિ રાખવાથી કલંક લાગે, ને તેમાંથી દારૂણ દુખ જાગે; પરંતુ લાયક પતિને ગોતિને પર્ણાવિને પતિને સોંપિ દિધી હોય તો કલંક લાગે નહિં; તેમ પાંચ કર્મેંદ્રિઓને પાંચ ગ્નાનેંદ્રિઓ; ને તેની સાથે મુખ્ય મન છે તે મન નવરૂં રહેવાથી નખોદ વાળે; ને ઇંદ્રિયોને પણ ખોટે ચાળે ચડાવે; પરંતુ જો તે મનનું લગ્ન પ્રભુની સાથેં કરિ દીધું હોય તો દરેક ઇંદ્રિયો તેની દાસીઓ તરિકે શ્રીપતિની સેવામાં લાગી જાય; પછી જેમ પતિવ્રતા સ્ત્રી પતિનેં જમાડીને જમે; પતિને પોઢાડીને પોઢે, અને પતિની પ્હેલાં ઉઠીને પતિની શેવાની સામગ્રી તૈયાર રાખે; અને સદાય પતિનીં શેવા પરાયણ રહિનેં આગ્ના મુજબ વર્તે: તેમ મનને પણ પતિવ્રત્તા જેવું લાયક કરવું-જોયેં; ને પ્રભુનીં આગ્ના મુજબ વર્તન રાખવુ જોયેં; તો પછી જેમ પતિવ્રત્તા સ્ત્રીપર તેમના પતિનો પુર્ણ પ્રેમ હોવાથી તે સતિને કોઇ દીવસ છેહ દેતો નથી; ને બીજું કોઇ તેને કનડી પણ શકતું નથી; ને કદાચ, કનડે તો તે સતિના સત્યથી કનડનારનો કાળ ફાળ ભરતો તુરત આવે છે; તેમાં દ્રષ્ટાંત રાવણ દુર્યોધનાદિનાં ઘણાં છે; માટે મનને જલ્દી શ્રીપતિ સાથે પર્ણાવિ દેવું જોયેં; તેમાં વિલંબ કરવાથી જીવને જોખમ છે; વાયદામાં ફાયદા નથી.-૧૫-

એટલા માટે કહ્યું છે કે

(દોહરો)-તાજાં તન મન મેલજી, કર ભગ્વતનેં ભેટ;

વાશિ વૃદ્ધપણે પ્રભુ, નહિં સ્વીકારે મેટ.-૧૬-

અર્થાત જેમ પાંચ વર્ષથી પચીશ વર્ષ સુધિની નિષ્કલંક કુંવારિ કન્યા કોઇને પર્ણાવિયેં તો તે ખુશીથિ પર્ણે; પરંતુ એંશી વર્ષની ડોશીને કોઇની સાથે પર્ણાવવા કહીયેં તો તે પર્ણે નહિં; ને મશ્કરિ

કરે છે; એમ માનીને ગુસ્સે થાય; આમ સાધારણ માણુસ પણ એવાં કુરૂ શરિર સાથે પરણતાં નથી; તો મ્હા શોકિનનો શોકિન રાજાઓનો રાજા; અને દેવોનો દેવ; તે કેમ છેતરાશે; વાસ્તે તાજાં તન અને મન શ્રીપતિને સોંપિ દેશું તોજ તે સ્વીકારશે; અને નાનાંથિ પર્ણેલિ પ્રિયાને પછી વૃદ્ધ થાય તોય કોય કાઢિ મુકતું નથિ ને સંભાળ રાખે છે તેમ પ્રભુ સદા તેથિ વિશેષ ખબર રાખશે; અને જેમ તાજાં સુગંધિ પુષ્પ (ફુલ)ની ટોપલી ભરિને દરબાર સાહેબની ઉપર નાખિએં તો તે ફુલને ખોળામાં રાખે અને ફુલ નાખનારની ઉપર પ્રસન્ન થૈને ઇનામ આપે; પરંતુ એજ ફુલ દસ દીવસ સુધી એક ટોપલિમાં રાખિને સડી જાય પછી રાજાની ઉપર નાખિએં તો તે ગુસ્સે થાય: ને નાખનારને જેલ જાત્રા કરવી પડે; તેમ સાઠિને બુદ્ધિ નાઠિને હાથમાં લ્યે લાઠિ; તે પછિ માળા લૈને ચાળા કરવા બેસે; ને બિલ્વતિ જુવાનીમાં બારે બુદ્ધ, ને સોળે સાંનને વિશેં વાંનનો ઉદય થતો આવતો હોય તે વખ્તે તાજાં તન મન રૂપિ પુષ્પને પેશાબની ટોપલીમાં રાખિને સડાવિ, કોહોવરાવી, બગાડીને પછી એંશી વર્ષે ઇશ્વરને અર્પણ કરિયે તે કેમ રાખે, બલ્કે નજ રાખે; માટે તાજાં તન મન તુરત શ્રીપતિને પર્ણાવિ દેવાં જોયેં; પરંતુ શ્રીપતિને સત્વ ગુણ પ્રિય છે; માટે તન મનને વર્તનથી સાત્વીક બનવું જોયેં; તો તે શ્રીપતિને પર્ણાવિ શકાય, માટે આચાર વિચાર વિહાર વાંચન દિક્ષા અને દાનત બધું સાત્વીક જોયેં; તો મન સત્વ ગુણી બને.—૧૫— અને તેમાં મુખ્ય મનની બનાવટ અન્નથિ થાય છે એમ ઉપનિષદ્‌માં કહે છે; કે, ॥ अन्नो मयं मनः आपो मयं प्राणः ॥ ઇત્યાદીનો અર્થ દોહરામાં દર્શાવ્યો છે.

(દોહરો)—અન્ન એવું મન મેધજી, પાણી તેવાં પ્રાણ;
પ્રભુ પ્રસાદ વિનાં બીજું, જમવાથિ છે હાંણ.—૧૭—

મુમુક્ષુ કહે મનને શ્રીપતિની સાથે કઇ વિધિથિ વરાવવું; મુકુંદ કહે; તે વિશે નારદ પંચ શ્રી નારદ પંચ રાત્રમાં બ્રહદ્ બ્રહ્મ સંહિતા;અને ભારદ્વાજ સંહિતામાં વિસ્તારથી વિધિ બતાવી છે; તે પ્રમાણે વિધિથિ વરવું ને મૃત્યુને તરવું; ફરિ ન અવતરવું પડે એવું વિશુદ્ધ વર્તન કરવું; અને એ ખાસ ખ્યાલમાં રાખવું કે; પ્રભુ પ્રસાદ વિનાં બીજું જમવાથિ છે હાણ; કેમકે મન બગડે તે મોટિ હાનિં; મુમુક્ષુ કહે રોજ પ્રભુનો પ્રસાદ ક્યાંથિ મળે; મુકુંદ કહે; પોતાના ઘરમાં મંદિર બનાવિને તેમાં લાલાજી કે બાલાજી, અથવા શ્રી દ્વારકાંધીશ કે જગદીશ, શ્રીરામસ્વામી કે રાધેસ્યામ અથવા જેમાં વધરે દીલ લાગે તે કોઈ પણ વિશ્નુનું વિગ્રહ વિધિથિં પધરાવીને દરરોજ સેવા પુજા પંચ રાત્રમાં કહેલ વેદોક્ત વિધિથિ કરવિ; પવિત્રતાથી રસોય તેને માટેં કરિને તેને ધરવિ; તેનું નામ પ્રસાદ; મુમુક્ષુ કહે; ત્યારે તો દરેક ઘરમાં શ્રીપતિનીં શેવા જોયેંજ; મુકુંદ કહે જરૂર જોયેં જે ઘરમાં શ્રીપતિની શેવા નથિ થાતિ તે ઘર સ્મશાન તુલ્ય ગણાય; અને જેના મનમાં માન્સીક શ્રીવરની શેવા નથિ થાતિ તે મન પણ મસાણ તુલ્ય ગણાય; માટે દરેક મનુષ્યેં ઘરમાં કાયીક; અને મનમાં માન્સીક શ્રીપતિનીં સેવા નિત્ય કરવિજ જોયેં; કેમકે જે ઘરમાં શ્રીપતિનીં સેવા હોય; તે મંદિર કહેવાય, અને જે મનમાં માન્સી સેવા થાતિ હોય તે મન પણ મંદીર ગણાય; અર્થાત જો ઘરમાં ઠાકોર સેવા હોય તો ઘર પવિત્ર બન્યું રહે, અને માન્સી પુજાથિ મન પવિત્ર બન્યુ રહે; માટે ઘરને અને મનને મંદિર જેવાં કરવાં હોય તો બેઉ સેવાનીં જરૂર છે, અને સ્મશાંન જેવાં રાખવાં હોય

તો કાંઇ જરૂરથી; કેમકે સ્મશાંન જેવાં અપવિત્ર તો છેજ, અને મનુષ્ય દેહમાં આવીને મનને નહિં સુધારિયે તો પછી કુતરાં બકરાં અને ઉંટ ગધેડાંના અવતારમાં તો શી રિતેં સુધરશે; તે ઉપરથી કહ્યું છે કે **॥ अन्य क्षेत्रे कृतं पापं तिर्थ क्षेत्रे विनश्यति तिर्थ क्षेत्रे कृतं पापं वज्र लेपो भविष्यति ॥** તેનો અર્થ નીચે.

(દોહરો)–અન્ય ક્ષેત્રનાં પાપનો, તિર્થ ક્ષેત્રમાં નાસ;
તિર્થ ક્ષેત્રનાં પાપનો, વજ્રલેપ મય પાસ.–૧૮–

તેનો ટુંકો અર્થ એકે બીજે રહીને કરેલ પાપો તિર્થ ક્ષેત્રમાં આવીને ધોય શકાય; પરંતુ તિર્થક્ષેત્રમાંજ રહિને જે પાપો થાય; તે કયાંય ધોવાય નહિં; પણ દિર્ઘ દ્રષ્ટિથિ તેનો અર્થ એવો છે કે; અન્ય ક્ષેત્ર એટલેં મનુષ્ય સિવાય બીજાં શરિર તે સાધારણ ક્ષેત્ર; અને જીવ તે ક્ષેત્રજ્ઞ; તે ક્ષેત્રમાં રહેનાર કહેવાય; તે જીવે; સિંહ સાપ શ્વાન વિગેરે લક્ષચોરાશી જાતનાં ક્ષેત્ર (શરિર)માં રહિનેં જે પાપો કર્યાં; તે તમામ પાપો મટાડવાનું સાધન તિર્થક્ષેત્રરૂપિ મનુષ્યનું શરિર મળ્યું છે; તેમાં જીવ આવીને ઇશ્વરની આજ્ઞાનુસાર ભક્તી કરવા લાગી જાય તો બીજી દેહમાં કરેલાં પાપો ભાગી જાય; અને પાપો જવાથિ મન પવિત્ર થૈ જાય; પરંતુ તિર્થરૂપિ મનુષ્ય દેહમાં આવિને પણ મનને સ્વચ્છ કરવાની ચિવટ રાખે નહિ અને પાપ પરાયણ પશુની પેઠે વિષયોમાં મગ્ન રહે તો પછી તે દ્રઢ વજ્રલેપ જેવા પાપોના પટ મન અને આત્મા ઉપર ચડે; ને વારંવાર નર્કમા પડે;–૧૯– તે માટે કહું છું કે;

(દોહરો)–સિંહ સાપને શ્વાન થઇ, ખુબ કર્યાં તે ખુન;
તે પાપોને કાપવા, મચાવ્ય મુકુંદ ધુંન.–૨૦–

અર્થાત જે અનાદિનાં કરેલાં પાપો છે; તેને કાપવા માટે પ્રભુના નામની ધુન લગાવવી જોયે વિચાર કરો કે આપણે સિંહના શરિરમાં રહિને કેટલા બધા રૂષિમુનિ સાધુ સન્યાસિ, ગાય, અને બ્રાહ્મણો અને નિર્બળ પશુઓનિ હત્યાઓ કરિ હશે; અને સર્પના શરિરમાં રહિને કેટલાં નિર્પરાધી બાળકોને સ્ત્રીઓને અને પશુપક્ષીઓને ડંસ કરિને મારિ નાખ્યાં હશે; અને કુતરાંના અવતારમાં કેટલાં ભુખે મરતાં ભિક્ષુકોના પગની પીંડીના માંસ વડચકાં ભરિને કાઢિ લીધા હશે; તેવાં પાપો કોઇ સિમા વગરનાં ચોરાશી લક્ષ યોનીમાં અવતરિને કર્યા છે; તે પાપોને હર્દમ હરિનામ સ્મરણથિ; કાઢિ મુકવાં જોયે; છતાં નહિ કાઢિયે ને આ દેહમા આવીને પણ પાપ કરશું; તો પછી બગલા, બિલ્લી કે બકરાના અવતારમાં બધાં પાપો બાળિ શકશું; બલ્કે નહિજ બળે; પરંતુ આ અવતારમાંજ ઉદરમાં આપેલો કોલ પાળિયે તો માલીક તરફથી શિક્ષાની માફિ મળે; કે બધાં પાપો ટળે; -૨૦-મુમુક્ષુ કહે શું કોલ આપ્યો છે, મુકુંદ કહે.

(દોહરો)-ઉદર ઉંધે મસ્તકે, તેં આપ્યો છે કોલ;
મત મુલિજા મેઘજી, હરિ હરિ હર્દમ બોલ;-૨૧-

અર્થાત જે વખતે ઉદરમાં ઉંધે માથે લટકિને કષ્ટ પામતાં હતાં ત્યારે પ્રભુને કોલ આપિને આપણે કહેલું છે કે હે નાથ જોમને આ દારૂણ દુર્ગંધિ વાળા ખાડામાંથી બ્હાર કહાડો તો હું અખંડ શ્વાસેશ્વાસ શ્રી રામ નામનો જાપ કરિને પાપ પ્રજાળિશ, તે નિષ્પાપ થૈને આપના ચર્ણાર્વિંદમા સ્થીર ઠરિશ, એમ કોલ આપીને એકંદર જીવો આવેલ છે, છતાં તેમ શ્વાસોશ્વાસ તેના નામનો જાપ નહિં કરિયે ને કોલથિ જુદા પડશું તો તેનિ શિક્ષામાં અઠ્યાવિશ નર્ક ભોગવિને

ચોરાશી લાખ જાતના શરિરમાં સિંકળાવું ને અકળાવું પડશે; ને વળી તેમાં રહિને પાર વગરનાં પાપો ભેળાં થાશે; મુમુક્ષુ કહે પાપના પરિણામમાં દુખ અને પુન્યના પરિણામમાં સુખ સાંપડે એમ હું સમજ્યો; મુકુંદ કહે સમજીને મનને સુધારવું તોજ સાંભળ્યું ને સમજ્યું સાર્થક ગણાય; માટે પાપોથી બચવું ને ધર્મમાં ધસવું; નહિંતર શ્રીહરિની હજુરમાં હાંજા ગગડી જવાના; વિશ્વપતિનો વારંટ નિકળિને પાપીને પકડે છે; અને શ્રીકૃષ્ણની કોર્ટમાં રજુ કરિને જમ રાજા જુબાનિ લ્યે છે; અને કહે છે કે ઓ દુષ્ટ પાપિ પ્રાણીતું કેમ કોલ આપિને જુઠો પડયો માટે સહન કર શિક્ષા; -૨૧- મુમુક્ષુ કહે; ત્યારે એવી શિક્ષા શા માટે સહન કરિયેં; નારાયણનું નામ સ્મરણ કરવામાં નાણું ક્યાં બેસે છે; કે એવિ ક્યાં મ્હોટિ મ્હેનત છે; મુકુંદ કહે તે ખરૂં પરંતુ મન સુધરે તો શ્રી રામ સ્મરણ થાય; નિકર વિષય સ્મરણ થાય; કેમકે અનાદિ કાળથિ વિષય સ્મરણની ટેવ પડી ગઇ છે; તે ટેવ ટાળવા માટે વિશુદ્ધ વર્તન વાળા; વર્ણોમાં પ્રથમ વર્ણ સર્વ તિર્થ સ્વરૂપ સુપાત્ર સદ્દગુરૂનો સહવાસ કરવો જોઇયે,—મુમુક્ષુ કહે પ્રથમ વર્ણનાગુરૂ સર્વ તિર્થ શિ રિતેં કહ્યા; —મુકુંદ કહે;

॥ શ્લોક ॥

पृथिव्यानितिर्थानियानि तिर्थानि सागरे; ।
सागरे सर्वे तिर्थानि विप्रस्य दक्षिणं पदे; ॥

(અર્થ દોહરો)

પૃથ્વિમાં જે તિર્થ છે, તે સહુ સાગર માંહિ;
તે તિર્થો દક્ષિણ પદે બ્રાહ્મણને કહેવાય;-૨૨-

તે બ્રાહ્મણ વળિ ભક્ત જન, સંત સંન્યાસિરૂપ;
સર્વે તિર્થો સંતમાં, તે સહુ તિર્થ સ્વરૂપ; -૨૩-

મુમુક્ષુ કહે મ્હારાજાધિરાજ ગોબ્રાહ્મણ પ્રતિપાળ ભક્ત વત્સલ ભવ ભય હારિ અવધ વિહારિ શ્રીમરામ સ્વામીની પુર્ણ પ્યારિ શ્રી અવધપુરિ; ત્થા શ્રીવૃંદાવન વિહારિ ગોવર્ધનધારિ કંસા અરિ મુરારિ શ્રીકૃષ્ણચંદ્રનિ પુર્ણ પ્યારિ શ્રી મથુરાંપુરિ; ત્થા ત્રિલોકપાવનની શ્રી-ગંગાજીને જટાની ઘટામાં છાતીથી ધારનાર કામને બાળનાર કૈલાસપતિનિ અતિ પ્યારિ શ્રીકાશિપુરિ; અને દેશપતિ દ્વારકેશની દેદિપ્યમાન શ્રી-દ્વારકાંપુરિ; તે પરમ પાવન તિર્થ સ્થળ છે; તે તુલ્ય સંતને સમ-જવા મુકુંદ કહે અહો સાચા સંતનું મ્હાત્મ્ય અપાર છે; તેની તો તુલનાજ ન થૈ શકે; ને તેથિજ સાચાના નામ ઉપર કાચા પણ મોજ મારે છે; નામેં વેપારિ કમાય ખાયને નામે ચોર માર્યો જાય તેમ; આ કળિ કાળમા સાચા સાધુ સંતને નામે અને વેશેં પારા-વાર પાખંડિ પણ પુજાય છે; અને પાખંડીને લિધે સાચા પણ ક્યાંય માર્યા જાય છે; એમ અગંડમ બગડંમ અંધેર પણ કળિયુગમાં ચાલે છે; મુમુક્ષુ કહે તેમાં સાચા ને ખોટા શી રિતે વરતાય મુકુંદ કહે;

(દોહરો)—નહિ કુલિનકે કર કમલ, કુલહિન પિછવ્ર ન પુંછ;
મુકુંદ મુખકે બચનસેં; પહિચાનો નિચ ઉંચ;-૨૪-

અર્થાત્ કહેવત છે કે; આદમિકા તોલ એક બોલમેં પહિચાનિ યે એ ન્યાય અનુસાર ઓળખિ શકાય;

-૨૪-મુમુક્ષુ કહે; ઉપરથિ અચ્છીને ભિતરકી રામજી જાણે, તેમ હોય તો; મુકુંદ કહે માત્ર ઉપરના આડંબરથી ભોળવાવાનું નથિ પરંતુ ત્રણ્ય રિતે તેની તપાસ(પરિક્ષા)કરવી જોયે; મુમુક્ષુ કહે ત્રણ્ય રિતે

કેમ; મુકુંદ કહે; વખાણ, લખાણ, ને લખણ, ત્રણેય સારાં હોય તો તે ઠીક ગણાય; નહિ તો નૌ ગજના નમસ્કાર કરવા લાયક ગણાય; મુમુક્ષુ કહે; વખાણ લખાણ અને લખણ ત્રણેય યોગ્ય હોય તેવા સંતને તો તિર્થ સ્વરૂપ સમજવા કે; મુકુંદ કહે તેવા સંત તો સર્વ તિર્થ સમાન ગણાય; સાંભળો કહું;

(દોહરો)—સંતનું અંગ અવધપુરિ, કાયા કાશીરૂપ;
મુકુંદ મન મથુરાંપુરિ; દિલ દ્વારિકાં સ્વરૂપ; –૨૫–

મુમુક્ષુ કહે; ત્યારે પાખંડીને શું ઉપમા આપવિ; મુકુંદ કહે નીચેના દોહામાં દર્શાવું છું;

(દોહરો)—દંભિનું દાદુર ઉર; ક્રૂર ઉર કસાય જાણ;
મેલું ચિત્ત ચમાર છે; મન મલીન મસાણ; –૨૬–

મુમુક્ષુ કહે ત્યારે હવે બરાબર વિગતથિ વિભાગ પાડીને સંત અને અસંતનાં દીલ દર્શાવો; મુકુંદ કહે એટલા માટેજ આ પુસ્તકનું નામ; દીલ દર્પણ; રાખ્યું છે; કે જે અથ ઇતિ વાંચવાથી સંત અને અસંત દીલ જોઇને જાણી શકાય;

(દોહરો)—દેખો દિલ દર્પણ વિશે, પુરણ થશે પ્રકાશ;
વાંચિ વિચારિ વર્તતાં, ઉર પ્રગટે અવિનાશ; –૨૭–

અર્થાત આ દીલ દર્પણ નામનું પુસ્તક વારંવાર વાંચવાથિ વિચારવાથિ ને તેમાં કહ્યા મુજબ શુભ વર્તન કરવાથી, વિશુદ્ધ દીલ થશે ઉરમાં અવિનાશિનાં દર્શન થશે; –૨૭– એટલા માટે કહ્યું છે કે—

(દોહરો)—મુખના ડાગ મટાડવા, દર્પણ દેખો જેમ;
દીલના ડાગ મટાડવા, આ પણ વાંચો એમ; –૨૮–

અર્થાત્ આજના શોખિન જુવાનિયા જેમ સાથેને સાથે ખિસામાં દર્પણુ (અરીસો) મુખ જોવા માટે રાખે છે અને વારંવાર અરિસામાં જુવે છે, કે જેથા મોઢાં ઉપરના ડાગ માલુમ પડે એટલે તુરત તે ડાગને ધોયને કાઢિ નાખે; તેમ આ દીલના દુર્ગુણરૂપિ ડાગ દેખાડનારૂં દીલ દર્પણુ છે તેને પણુ સદા સાથે રાખીને વારંવાર તેમાં જોવું જોયે;ને દુર્ગણુરૂપિ ડાગ દીલપર દેખાય તેને દુર કરવા કોશિશ કરવિ જોયે. -૨૮- કેમકે ઇશ્વરે આપણુને સર્વ વાતે છુટ મુકિ છે; તેમાં ચાહે તો દાદુર જેવાં ઉર બનાવિને અંતે દુખ ભોગવિયે; ને ચાહે તો ઉત્તમ અવધપુર જેવાં ઉર બનાવિને અખંડ સુખ ભોગવિયે;

(દોહરો)—ચાહે ઉર દાદુર કરો ચાહે અવધપુર રૂપ;
મુકુંદ માનવ શારિરથિ મેળવ વસ્તુ અનુપ; -૨૯-

અર્થાત્ દાદુર (દેડકાં) જેવાં દીલ બનાવવાથી તો કાયારૂપિ કાદવમાં પુરાયને પડયા છયે અને હજી એવા જ થાશું તો નર્કરૂપિ કાદવમાં ગર્ક થાશું; અને જો શ્રીઅવધપુર જેવાં ઉર પવિત્ર બનાવશું તો જેમ શ્રી અવધપુરમાં પરિબ્રહ્મ મ્હારાજાધિરાજ શ્રીરામચંદ્રજી પ્રગટ થયા તેમ આપણા અવધપુર જેવાં ઉર હશે તો તેમાં પણુ પ્રભુ પ્રગટ થશે; માટે માનવ તનથી તો એવિ અનુપમ વસ્તુ પ્રગટે એવું-જ ઉર બનાવવું જોયે; -૨૯- મુમુક્ષુ કહે શ્રીઅવધપુર અને દાદુર-જેવાં ઉર કેમ વરતાય તે યથાર્થ કહી બતાવો; મુકુંદ કહે;

(દોહરો)—પવિત્ર ઉર અવધપુરિ, દુષ્ટ ઉર દાદુર;
અવધપુરિ દાદુર કથા સુણી શુદ્ધ કર ઉર; -૩૦-

અર્થાત્ જે પવિત્ર ઉર છે તે શ્રીઅવધપુર જેવાં શ્રીરામ સ્વામીના નિવાસ સ્થાન છે; અને જે દુષ્ટ દીલ છે તે દાદુર જેવાં

દુર્ભાગી છે; તે બેઉની કથા સાંભળિને દાદુર જેવા દોષ દુર કરિને અવધપુર જેવું ઉર બનાવો; -૩૦-

મુમુક્ષુ કહે દાદુર તો કમળના વનમાં જાય તોય પણ કમળ તરફ ધ્યાન નથિ દેતાં ને કાદવ કીચડ ખાયા કરે છે; તેમ દાદુર જેવું દુષ્ટ ઉર શું કરે છે; મુકુંદ કહે મ્હારે મંદિરમાં સેવાનો સમય થઇ ગયો છે; માટે કાલે કહિશ; એમ કહિને મુકુંદનું મંદીરમાં જવું થયું; અને મુમુક્ષુ એ જે શ્રવણ કર્યું તેનું મનન કરવામાં મન રહ્યું ને આ પ્રકરણ પણ પુરૂં થયું;

પ્રકરણ બીજું.

દુષ્ટ ઉર દાદુર.

મુમુક્ષુ કહે દુષ્ટ ઉર દાદુર કેવિ રિતે કીચડ ખાય; તે કહો મુકુંદ કહે

(દોહરો)-સંત સુજન મન કમલ વન; જહાં જાવે દાદુર;
તોહુ કુથલિ કીચડ ગ્રહે; રહે કમલસેં દુર;-૩૧-

અર્થાત, સંત પુરૂષો રૂપિ કમળના વનમાં દાદુર જેવાં દીલ જાય; તો પણ કમળના પરાગ રૂપિ જે ગ્નાન; તેને ગ્રહણ કરે નહિ;

અને ત્યાં જઇને પણ કકળાટ, અને કુથલી રૂપિ કીચડનું, કચકાણ કરે; તે દાદુર નામ દેડકાં જેવાં દીલ કહેવાય;–૩૧–મુમુક્ષુ કહે સંતના મન રૂપિ કમળના વનમાં ક્યાં કમળ ખિલે છે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–સંત સુજન મન કમલ બન, ખિલે વિશુદ્ધ વિચાર;
શબ્દ કમલમુખ કમલસે, દેવે દિખાવ બ્હાર;–૩૨–

અર્થાત્ સજ્જન; એવા જે સત્પુરૂષો જે છે; તેના મન રૂપિ કમળ વનમાં પવિત્ર વિચાર રૂપિ કમળ તિત્ય નવિન પ્રગટ થાય છે;ને તેમના મુખાર્વિંદ એટલે મુખરૂપિ કમળમાંથી શબ્દરૂપિ કમળ બ્હાર જણાય છે;–૩૨–મુમુક્ષુ કહે દેડકાને તો નિર્મળ જળ કરતાં ડોળું જળ વધારે પ્રિય હોય છે; તેમ દુષ્ટ ઉર દાદુરને તો ડોળું જળ પ્રિય નથી, મુકુંદ કહે;

(દોહરો)–કામ કથા કુથલિ કિચડ મેડક મનકું મિષ્ટ;
રામ કથા જલ નિર્મલા લગે ન ઇનકું ઇષ્ટ;–૩૩–

અર્થાત્ કર્મ કથા, રૂપિ કાદવવાળું જળ; તથા કોઇની નીંદા વગેરે કુથલિ રૂપિ કિચડવાળિ વાતો, રાતો ભર જાગીને પણ કરે; કેમકે તેમાં પ્રિતિ છે; અને જો રામકથા વિગેરે કાંઇ ભગવત્ ચર્ચા રૂપિ નિર્મળ વાણી રૂપ પાણીનો પ્રવાહ ચાલે તો તુરત ત્યાંથી ઉંઘે કાં ઉઠી જાય; કેમકે તેમાં પ્રિતિ નથિ;–૩૩–મુમુક્ષુ કહે દેડકાં તો વર્સાદનું નિર્મળ જળ હોય તેને પણ ડોળું કરીને પછિ તેમાં ખુબ ખુશિ થૈને ખેલે છે; તેમ દંભી દુષ્ટ દાદુર જેવાં ઉર ક્યાં નિર્મળ જળને ડોળું કરિને ખુશી થાય છે; મુકુંદ કહે;

(દોહરો)–શ્રુતિ શબ્દ જળ મેઘકા; ઉંધા અર્થ લગાય;
કુથલિ નિંદા કિચ કરિ; દાદુર ઉર હરખાય;–૩૪–

અર્થાત્ શ્રૃતિ (વેદ)ની વાણી જે મહા પવિત્ર અને નિર્મળ અમૃત પાણી રૂપિ તે વાણી છે; તેના ઉલટા ઉંધા અર્થ કરિને ફુલાય અને નિંદા કરે કે વેદમાં મુર્તિ પુજાનું પ્રમાણ ક્યાં છે શંખ ચક્રાંકીત થવાનું ને પંચ સંસ્કારવાળિ શ્રી વૈષ્ણુવિ દિક્ષાનું પ્રમાણ ક્યાં છે; એમ પુરા અર્થ વિચાર્યા વિનાં શુષ્ક વેદાંતિઓ યાદવ પ્રકાશની પેઠે વેદને નામે ખેદનાં કામ કરિને ખુશિ થાય અને ખરિ રિતે શુદ્ધ સાત્વીક વેદોક્ત શ્રી વૈષ્ણુવિ દિક્ષાની નીંદા કરિને રાજી થાય—૩૪—મુમુક્ષુ કહે શ્રી તોતાદ્રિ સ્વામીજી મ્હારાજ તરફથિ; તપ્ત મુદ્રા વિજય નામની નાની પોથિ પ્રસિદ્ધ થૈ છે તેમાં તો મેં મુર્તિ પુજા અને શ્રી વૈષ્ણવી વેદોક્ત દિક્ષા વિશે ચારે વેદના પ્રમાણ વાંચ્યા છે; અને વેદાંતનું શ્રી ભાષ્ય શ્રીમાન યતિરાજ ભાષ્યકાર સરકાર ત્રીદંડધારિ ભવ ભયહારિ શેષાવતારિ શ્રી રામાનુજાચાર્યે બહુ સરલ ને શ્રેષ્ટ ચોખું સમજાવ્યું છે; ને તે સર્વોપરિ ઠર્યું છે; વેદાંતના સુસ્પષ્ટ અર્થ એવા અવતારિ પુર્ષો આપિ ગયા છે; તો પણ તે ન તપાસતાં; કુથલીરૂપિ કચડ દાદુર જેવાં દીલને પસંદ આવે છે; અસ્તુ એવા અવતારિ સત્પુરૂષનાં વચનરૂપિ કમળ પ્રાપ્ત છે છતાં; કુથલિરૂપિ કીચડ ખાય તેને ખાવા દયો ને જમતે હાથે જવા દયો; આપણે શ્રી અવધપુર જેવાં પવિત્ર ઉરની સરખામણી શ્રી અવધપુર સાથે કરો કે જેથિ શ્રીપતિનું સ્મરણ થાય; મુકુંદ કહે વાહવા આનંદ થયો; શ્રી અવધ વિહારિ ભવ ભય હારિ સદા સુખકારિ નિપુર્ણ પ્યારિ કથા અથાહ છે તો પણ તેમાંથી જેટલું પુછશો તેટલું ત્રીજા પ્રકરણમાં કહિશ; હમણાં મંદિરમાં જઇશ સેવામાં સામીલ થઈશ ને આવીને જવાબ દઇશ; મુકુંદે એમ કહ્યું કે બીજું પ્રકરણ પુરૂં થયું;

પ્રકરણ ત્રીજું.

શ્રી અવધપુરિ.

શ્રીમત્ મ્હારાજાધિરાજ ગૌબ્રાહ્મણ પ્રતિપાલ ભક્ત વત્સલ ભવ ભય હારિ સંત સુખકારિ ધનુષ ધારિ સયુ ગંગ તિર વિહારી શ્રીરામચંદ્રજી જગતપતિનિં પર પવિત્ર જગ પ્રસિદ્ધ વેદમાં વખણાયેલી શ્રી અવધપુરિનિ કથા કહે એમ મુમુક્ષુયે કહ્યું; મુકુંદ કહે;

(દોહરો)—અવધપુરિ અપરાજીતા, ઉનરૂપ સંત સુજાંન;
અવધપુરિ અરૂ સંતકી કથા કહું સુણ કાન;—૩૫—

અર્થાત્ જેનો કદી, વધ, નહિ એવિ જે શ્રી અવધપુરિ; અપ રાજીતા છે; તેની સમાંન સંત પુરૂષોનો સુંદર દેહ છે; તેવા સંત પુરૂ ષની અને શ્રી અયોધ્યા પુરિનિ કથા કહું; તે કાનેથી સાંભળો;—૩૫ મુમુક્ષુને મુકુંદ કહે પુછતા આવો; મુમુક્ષુ કહે; શ્રી અયોધ્યાગાં તો કન ભુવન અને કોપ ભુવન છે; તે સંતમાં ક્યાં છે; મુકુંદ કહે;

(દોહરો)—કનકભુવન સતસંગ મેં, સંત બસત દીન રાત;
કોપભુવન કુસંગમે. સંત કભિ નહિ જાત;—૩૬—

અર્થાત્ સત્, એવા જે, શ્રીહરિ તેનો સંગ જેનેં કાયમ મ વડીયેં ધ્યાન દ્વારા દીલમાં બન્યો રહે છે; અને અરસપરસમાં પ શ્રીપતિનિજ ચર્ચા ચલાવવા રૂપિ સત્સંગમાં જે દીવસ રાત નિવા

કરે છે; તે કલ્યાણકારિ કનકભુવન છે; તેથિ કુસંગ રુપિ કોપ ભુવનમાં તેને જાવાનો પ્રસંગ નથિ;-૩૬-મુમુક્ષુ કહે શ્રી અયોધ્યામાં તો કેકઇ માતા ત્થા તેનિ મંથરા નામની દાસિ અને દશરથ રાજા પણ હતાં, તે સંતના શરિરમાં ક્યાં છે; મુંકુંદ કહે;

(દોહરો)-મન મલિનતા મંથરા, કેકઇ જાન કુસંગ;
દશરથ દિલ ખેચાણુ હૈ, લગત સંગસે રંગ:-૩૭-

અર્થાત્ કાચા સંત ભક્ત કે યોગી હોય, તે, જો મલીન મનવાળાંનો સંગ કરે તો કેકઈની પેઠે કુસંગ લાગી જાય, ને દશરથની પેઠે દસે ઈંદ્રિયોનું ને મન રૂપિરથનું અર્થાત મનોરથનું તે તરફ ખેચાણુ થૈ જવાથિ સંગનો રંગ ચડી જાય, વાસ્તે કાચાંને સાચાં કરવા ચેતવણી સારૂ આ ઉપરનો દોહરો છે; -૩૭-મુમુક્ષુ કહે શ્રી અયોધ્યાના રાજ્ય સિંહાસન પર ભરતજીને બેસારવા સારૂ કેકઇ માતાયે ઘણીજ તજવિજ કરિ; ને શ્રીરામચંદ્રજીને વનવાસ આપ્યો છતાં પણ શ્રીભરતજી રાજ્યથિ રાજી નજ થયાને; શ્રીરામસ્વામીને પાછા વાળવા ગયા; ને છેવટ શ્રીરામસ્વામીની આગ્નાથિ પાછા આવિને નંદિગ્રામે નિવાસ કરીને શ્રીનિવાસ વનવાસથી પાછા પધાર્યા ત્યાં સુધિ ટેક રાખિંને તપ કર્યું; તેમ સંત પુર્ષો કયું રાજ્ય નથિ સ્વીકારતા ને કયા નંદિ ગ્રામમાં નારાયણ મળે ત્યાં સુધિ ટેક રાખિને તપ કરે છે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)-ભરત રૂપ પ્રભુ ભાવ હૈ, ગ્રહેન અહંપદ રાજ્ય;
નંદિગ્રામ એકાંતમે, તપકરતે પ્રભુ કાજ;-૩૮-

અર્થાત્ સત્‌પુર્ષોમાં જે પ્રભુ પ્રત્યેનો પુર્ણ ભાવ છે તે શ્રીભરતજીરૂપ છે; કેમકે તે પ્રેમથિ પ્રભુને આધિન સદા રહે છે; ને સર્વસ્વ

સર્વેશ્વર શ્રીપતિનું છે એમ સમજીને અહંબુદ્ધિથી પોતાનું સ્વતંત્ર ધણીપણુ કોય પદાર્થ ઉપર નથિ રાખતા; પરંતુ પ્રભુનું સમજીને પ્રભુની આજ્ઞા પાલન રૂપં પ્રભુયે સોપેલું સાચવે છે; અને જગના વિષ્મય વિષયથી ઉદાસ રહિને તેમાં ન ફસાતાં એકાંતમાં અંત પર્યંત અનુષ્ટાન, તપ, વ્રત, વિગેરે સુકમ કરે છે; નેં કયારે અવધિપુરિ થાયને પ્રભુ લેવા પધારે; એમ સ્મરે છે; –૩૮–મુમુક્ષુ કહે શ્રી ભરતજીએ તો શ્રીરામ સ્વામીની શ્રીચરણુ પાદુકાને રાજ્ય સિંહાસન ઉપર બિરાજ માન કરિ હતિને પોતે પુરજન પરિજન વગેરે તમામ તે શ્રીરામ સ્વામીની ચરણુ પાદુકાનાં દાસ તરિકે રહિને તમામ રાજ્યનો વહિવટ નિતિ ધર્મથિ ચલાવતાં હતાં ને પ્રભુનું ભજન કરતાં હતાં તેમ સંત શું કરે છે; તે કહો; મુકુંદ કહે.

(દોહરો)–ઇશ્વર અરચા રૂપકું સોંપે ઘરકા રાજ;
દાસરૂપ આપેં રહિ કરે વહિવટ કાજ;–૩૯–

અર્થાત્ પરમેશ્વરનિં પ્રતિમા (મુર્તિ) એટલે જેને અમારા શ્રી સંપ્રદાયમા ચર્ચા અવતાર કહે છે; ને અર્થ પંચકમાં–પર-વ્યુહ–વિભવ–અંતર્યામી–ને સર્વથિ સુલ્લભ અર્ચા અવતારનું અનુષ્ટાન અહિ આપણા માટે કહ્યું છે; તે શ્રીપતિની શેવા કરવા, અને તેનાં ઠરવા પોતાના અધિકાર પ્રમાણે, શાલીગ્રામ, લાલાજી, બાલાજી, કે ચિત્રજી, નીસેવા ઘરમાં પધરાવે; ને ઘરના, તનના, ધનના, જનના, સામનનાં, ને સર્વના સ્વામી સર્વેશ્વર રાજા તેનેજ ગણે ને ઘરનાં તમામ જન તેનાંજ દાસ બણે; અને ઘરનાં જે કામકાજ કરે તે તેની સેવા સમજીને નિતિ ધર્મથિજ કર્યે જાય; એટલે જેમ શ્રી ભરતજીયેં શ્રીરામસ્વામીનું રાજ્ય ગણીને તેનિ આજ્ઞાને આધિન બણિને આજ્ઞા

મુજબ રાજ કર્યું તેમ સંતપુર્ષો પણ સાચા ધણીનું ગણીને તેનિ આજ્ઞાને આધિન બણિને સેવાનાં કાર્ય કરે છે;-૩૯-મુમુક્ષુ કહે શ્રી રામ સ્વામીયેં તો વનમાંવિચરિને ઘણા જીવોનું કલ્યાણ કર્યું; અને, લંકાં, કિષ્કીધા, તથા અયોધ્યાના રાજ્યથિ નિસ્પૃહિ રહ્યા; તેમ સંત પુરૂષ કયા વનમાં વિચરિને કયા જીવોનું કલ્યાણ કરે, ને કયા રાજ્યથિ નિસ્પૃહિ રહે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)-જગ જંગલમેં સંતજન, ચહે સર્વકા શ્રેય;
અજ ઇંદ્રાદિક રાજ્યસેં, રહે સદા નિસ્પ્રેહિ.-૪૦-

અર્થાત સત્પુર્ષો જગતને જંગલ જેવું જાણે છે; અને તેમાં પોતે શ્રી વૈકુંઠ નગરને રસ્તે ચાલે છે; ને તે માર્ગથિ ભુલાં પડેલાં લોકોને તે માર્ગ દેખાડવા રૂપ તેનું કલ્યાણ કરે છે; અર્થાત સવળે રસ્તે ચલાવે છે; ને ભુમી સ્વર્ગ કે બ્રહ્મલોક પર્યંતના રાજ્ય ભોગ વૈભવથિ નિસ્પૃહિ રહે છે; ને સદા શ્રીપ્રતિની સેવાજ કરવા ચહે છે. ૪૦ મુમુક્ષ કહે, વનમાં રાવણનો મામો મારિચ માયાવી કપટિ મૃગ-બનિને અમ્માંજીના આશ્રમ પાસે આવ્યો, તેમાં શ્રીજાનકી અમાંજી લોભાયાં તો શ્રીરામ સ્વામીથી વિખુટાં થયાં, ને લંકામાં વિયોગનાં દુઃખ સહ્યા, તેમ સંત પુરૂષ કેમાં લોભાય તો વિષ્ણુનો વિયોગ થાય; ને દુસહ દુઃખ સ્હેવવાં પડે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)-બનાવટિ કપટિ મૃગી, જગ માયાકું જાન;
ઉનમેં આત્મા મોહિકે, હોતે હે હેરાંન;-૪૧-

અર્થાત; કનકને કામનિં ચોકિ આડિ સ્યામનિ રામનિ રમતમાં એજ લુંટે; એવિ જે ભગવાનનેં ભુલવનાર જગ્તની મોહમાયામાં જે લોભાયા, તે વિષ્ણુથિ વિમુખ થયા, ને દારૂણ દુખ સહ્યાં

એવાં આપણે પણ રહ્યાં છિએ;-૪૧-મુમુક્ષુ કહે શ્રીરામ સ્વામીની સેવામાં તો હનુમાનજી હાજર રહ્યા હતા, ને શ્રીરામ સ્વામીની આજ્ઞા બરાબર પાળતા હતા, તેમ સંતના શરિરમાં હનુમાનજીકોને જાણવા તે કહો; મુકુંદ કહે,

(દોહરો)-મન હનુમાન સમાન હઇ, સેવામેં સામીલ;
જો હઇ હરિકિ આજ્ઞા, ઉનમેં કરત ન ઢિલ;-૪૨-

અર્થાત્ સતપુરૂષોનું મન જેમ શ્રીહનુમાનજી શ્રીરામ સ્વામીનિં સેવામાં સદા રહે છે તેમ શ્રી પતિની સેવાનાજ ચિંત્વનમાં રહે છે; અને આજ્ઞામાં વિના વિલંબે હાજર રહે છે; માટે સંતનું મન છે, તે શ્રી હનુમાનજી તુલ્ય છે;-૪૨-મુમુક્ષુ કહે હનુમાનજી તો પવનપુત્ર અને પવનવેગી છે; તેની તુલ્ય સંતનું મન શિરિતે તે કહો મુકુંદ કહે;

(દોહરો)-પવન વેગસે મેઘજી, મનકા વેગ મહાન;
યાકે કારન કહત હૈ, મનકોં હમ હનુમાન;-૪૩-

અર્થાત્ મનનો વેગ પવનથિ પણ વધારે છે; તેથિ મનને હનુમાનજીનિ ઉપમા યોગ્ય છે;-૪૩-મુમુક્ષુ કહે હનુમાનજી તો ગામો ગામ હોય; અને બીલ્લી ઉંદરને ને પોતાનાં બચ્ચાંને મોઢામાં પકડે તેમ શ્રી રામથિ વિમુખની અને અભિમુખની ખબર હનુમાનજી લ્યે છે તેમ મનરૂપિ હનુમાન એવિ રિતે રહીને બધાંનિ ખબર લ્યે છે કે નહિ; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)-મન હનુમાન સમાન છે; સહુના તનની સાથ
રામ વિમુખ અભિમુખની; ખબર લીયે દીનરાત;-૪૪-

અર્થાત્ જેમ શ્રી હનુમાનજી ગામેગામ હોય, તેમ, મન રૂપિ હનુમાન દરેકના શરિરમાં હોય છે; જેમ હનુમાનજી ભગ્વત્ ભક્તોની

રક્ષા કરે છે, ને દુષ્ટોને શિક્ષા કરે છે; તેમ મન હનુમાન પણ સત્પુર્ષો એવા જે ભગવત્ ભક્તો, તેને સારા વિચાર કરાવિને સદ્ રસ્તે ચલાવિને સુખ આપે છે; અને દુર્જનોને દુષ્ટ રસ્તે ચલાવિને દુખ આપે છે;–૪૪–મુમુક્ષુ કહે શ્રી હનુમાનજીને તો શ્રી સીતા માતાની શુદ્ધ લેવા જતાં સિંધુ આડો આવ્યો; તો જે શ્રીરામ કહિને તરાપ મારિને સિંધુને કુદીને પ્હેલેપાર પ્હોંચ્યા; તેમ સંતનું મનરૂપિ હનુમાન ક્યા સિંધુને કેવિ રિતે કુદિને પ્હેલે પાર જાય; મુકુંદ કહે

(દોહરો)–જે શ્રી રામ કહિ સંત જન, મન હનુમંતા વિર;
ભવ સાગરકું કુદિકે, પાવહિ પહેલા તિર;–૪૫–

અર્થાત્ સત્પુર્ષો શ્રી રામ સ્મરણના પ્રભાવથિ ભવ સાગરમાં ડૂબતા નથિ, મે અંતકાળે છેલ્લે સ્વાસે પણ શ્રી રામનામનું ઉચ્ચારણ કારને જે શ્રીરામ; એમ કહીને, આ પ્રકૃતિમય બ્રહ્માંડને ભેદિને વિજાંને સામે પાર વયા જાય છે;–૪૫– મુમુક્ષુ કહે, શ્રી હનુમાનજીને સિંધુ ઉલંઘવા જાતાં વચમાં સિંહકા નામની રાક્ષસિ વિઘ્ન કરવા આવી, છતાં તે ન ફાવી, અને શ્રી હનુમાનજી તેની પાસે ન ઠેરતાં સુસવાટિભેર લંકામાં પ્હોંચ્યા; તેમ સંતને ભવસાગર કુદવા જાતાં વચમાં વિઘ્નકાર સિંહકા રૂપ કોણ થાય છતાં ન ફાવે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–સિંહકા રૂપ પરઅસ્રીકું, જાને જનુંનિ સમાન;
ઠહરે નહિ ઉનકિ નજીક, ચુકે નહિં નિશાન;–૪૬–

અર્થાત્ સત્પુર્ષો એમ સમજે છે કે પરસ્રીના મોહમાં ફસાશું તો સર્વ શુભ સાધનનો ને પોતાનો નાશ થશે, કેમકે, જનાં ત્યાં ફૂનાં, એમ સમજીને પરસ્રીને માતા તુલ્ય લેખે, અને કોય પરસ્રી

પાસે નથિ ડરતા અને પોતાનું નિશાન જે પરમાત્માને પ્રાપ્ત થવાનું છે, તે નથિ ચુકતા,-૪૬-મુમુક્ષુ કહે, શ્રી હનુમાનજીએ જેમ લંકામાં જઇને સીતાજીની શુધ લીધી, ને લંકામાં લાય લગાડી દીધી, તેમ સંતનું મનરૂપિ હનુમાન કોની શુધ લે છે ને કઇ લંકામાં લાહ્ય લગાડી દે છે તે કહો; મુકુંદ કહે;

(દોહરો)—આત્મા સીતા માતકી, મન હનુમાન શુધ લાએ;
લંકાપુર દુર્વાસ્ના, વાકોં દિંયા જલાઇ;-૪૭-

અર્થાત્ લંકા રૂપિ દેહમાં જાનકી રૂપિ જીવ પુરાયેલ છે; તેનિ સંતના મન રૂપિ હનુમાન શુધ લે છે; ને જેમ લંકામાં લાય લગાડી, તેમ લીંગ શરિરરૂપિ લંકાને બાળી નાખે છે; એર્થાત્ દેહરૂપિ લંકામાં જે વિષ્મય વિષયની વાસના છે; તેને ભગ્વદ્ ભજનના બળથિ બાળી નાખે છે;-૪૭-મુમુક્ષુ કહે શ્રી હનુમાનજીએ લંકામાં લાય લગાડી, છતાં એક શ્રી રામભકત વિભિષણજીનું ઘર આબાદ રાખ્યું; બાળ્યું નહિં; તેમ સંત કઈ વાસનાને નથિ બાળતા ને આબાદ રાખે છે તે કહો; મુકુંદ કહે;

(દોહરો)—હરિ મિલાપ કિ વાસના, ઉનકો રખે અબાદ;
કનકનગર જગ વિભવ સુખ, વામેં નહિં લલચાત; -૪૮-

અર્થાત્ સત્પુર્ષોનું મન રૂપિ હનુમાંન જે છે; તે શ્રીપતિને પ્રાપ્ત થવાની વાસ્નારૂપિ વિભિષણનું જે ઘર; તેને આબાદ રાખે છે; વિસ્નુને મળવાની વાસ્નાનો નાશ નથિ કરતા; અને કનકનગર જેવાં જગ વૈભવનાં ચાર દીવસના સુખમાં લલચાયને લપટાતા નથી;-૪૮-

મુમુક્ષુ કહે શ્રીહનુમાનજીએ તો ઇંદ્રંજીતને પણ જીતિ લીધો; ને સિતાજીનો પુર્ણ પત્તો મેળવિને રાક્ષસોનિ કપટ જાળમાં ન ફસાતાં

શ્રીરામ સ્વામીની પાસે નિર્વિઘ્ને પ્હોંચ્યા; તેમ સંતનું મન હનુમાંન ક્યા ઇંદ્રજીતને જીતિને જગપતિ પાસે જાય; તે કહો, મુકુંદ કહે;

(દોહરો)—ઇંદ્રજીત રૂપ ઇંદ્રિકોં, જીતિ જાય હરિ પાંસ;
રામ વિમુખ જન રાક્ષસો, વાકા નહિ વિશ્વાસ; -૪૯-

અર્થાત્ દશ ઇંદ્રિયો રૂપિ ઇંદ્રજીતને જીતિને, જાનકીરૂપિ જીવનો પુરતો પતો મેળવિને રામથિ વિમુખ રાક્ષસ જેવાં નાસ્તીક લોકોનાં મોહ માયામય વચનોનો વિશ્વાસ નહિ કરિને શ્રીહરિનિ પાસે સંતનું મનરૂપિં હનુમંત હાજર થાય છે; -૪૯-

મુમુક્ષુ કહે શ્રીહનુમાનજીએ તો શ્રીરામ સ્વામીને સીતાજીના સર્વ સમાચાર આપ્યા; ને તુરત વાનરોનિ સેન્યા મેળવિ; અને શ્રીરામ સ્વામીને સાથે લઈ જઇને અસુરનો સંહાર કરિને શ્રીજાનકિજીને હાથો હાથ શ્રીરામ સ્વામીને સોંપ્યાં; તેમ સંતનું મનરૂપિ હનુમંત સેનું સૈન્ય મેળવેને ક્યા રાક્ષસોનો સંહાર કરે ને કોને લઇને શ્રી હરિને સોંપે; તે કહો; મુકુંદ કહે

(દોહરો)—સદ્‌ગુણ સૈન્ય મિલાયકે, કરિ વિકાર સંહાર;
હરિ પાસ હનુમાન મન, ચલે જીવ સહ પ્યાર; -૫૦-

અર્થાત્ જેમ શ્રીહનુમાનજીએ વાનરોનું સૈન્ય મેળવ્યું તેમ, સંતનું મન હનુમંત, દયા, ક્ષમા ધીરજ, સાત્વીકપણું. સંતોષ, શાંતિ, ઇત્યાદિ સદ્‌ગુણનું સૈન્ય મેળવિને સાથે મુખ્ય સ્હાયક શ્રીરામ લક્ષ્મણરૂપિ શ્રીપતિ, અને સદ્‌ગુરૂને રાખિને, કામ, ક્રોધ, લોભ, મોહ મત્સર, મમત્વ, રાગદ્વેષ, દંભ, વિગેરે દુષ્ટ દાનવનું દળ દેહરૂપિ લંકાં નગરમાં રહે છે તેનો નાશ કરિને, જાનકીરૂપ જીવને તેના તાબામાંથી મુક્ત કરિને મનરૂપિ હનુમાન તે જીવને જગપતિ પાસે લઇ જાય

છે. -૫૦-મુમુક્ષુ કહે શ્રીહનુમાનજીને તો શ્રીરામ સ્વામી અને શ્રી-
માલસ્વામી, એટલે શ્રીલક્ષ્મણજી પ્રાણથિ પ્યારા હતા; તેમ સંતના
મન હનુમંતને કોણ પ્રિય છે; મુકુંદ કહે;

(દોહરો)—સંત શ્રીમત્ હનુમંતકો, ગુરૂ ગોવિંદ પ્રિય જાણ;
ઉનકિ આગ્નાસેં સોઈ, દેવે સત્વર પ્રાણ -૫૧-

અર્થાત્ સંતના મનરૂપિ હનુમંતને, શ્રીમદ્ એટલે શ્રીનો મત; નામ સિદ્ધાંત; સંપ્રદાય; તેના ગુરૂ એટલે સર્વમાન્ય; ॥ वर्णानां ब्राह्मणो गुरुः ॥ તે બ્રાહ્મણના કુળમાં પ્રગટ થયેલા એવા, ગુરૂ, તે કોણ જે,

॥ प्रथमो नंतरुपश्च, द्वितियो लक्षणस्तथा, ॥
तृतीयो बलरामश्च, कलौरामा-जौ मुनिः ॥

(શ્રીહારિત સ્મૃતિનાં વચ છે;)

(શબ્દાર્થ) પ્રથમનો યુગ, જે સતયુગ, તેમાં અનંત એટલે પેષજી જે ધરણિ ને ધારણ કરિ રહ્યા છે ને જેના ઉપર શ્રીમન્નારાયણ શયન કરિ રહ્યા છે; એજ પેષજી બીજી વખતના યુગમાં શ્રીલક્ષ્મણજી રૂપેં પ્રગટ્યા; ને ત્રીજી વખતના, યુગમાં, શ્રી બલરામજી રૂપે પ્રગટ્યા; એજ આ ચોથિ વખનના યુગથાં એટલે કલિયુગમાં— આજથિ ૧૦૦૦ વર્ષ પહેલાં દક્ષિણ દેશમાં મુળ નામ શ્રીભુતપુરિ; અને હાલ પેરમ બુધરનામથિ પ્રખ્યાત છે; તે શહેરમાં શ્રીકેશવાચાર્ય અને શ્રીકાંતિમતિ નામનાં મ્હા પવિત્રવિપ્ર દંપતિને ત્યાં પોતે જગતગુરૂ ધર્મ ધુરંધર શ્રીમાંન; રામાનુજાચાર્ય; નામ રૂપેં પ્રગટિને ૧૨૦-વર્ષ અવની ઉપર રહિને શ્રીસંપ્રદાયને સુસ્થીર કર્યો; તેના

પ્રતિનિધિ, તેનિ રહેણિ કરણિ મુજબ ચાલનારા, જે સદ્ગુરૂ, અને શ્રીપતિ, એ બેઉ સંતના મનરૂપિ હનુમંતને પ્રાણથિ પ્રિય હોય છે; તેથી તેની આજ્ઞાને આધિન થૈને રહે છે;-૫૧-મુમુક્ષુ કહે શ્રીરામ સ્વામીયે તો સમુદ્ર ઉપર સેતુ બાંધ્યો; તેમ સંત ક્યા સમુદ્ર ઉપર સેતુ (પાજ-પુલ) બાંધે છે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)-શુભ વિચારકિ પોથીરૂપ, સંત રચત હે સેતુ;
ઉનપર જગ જન મન ધરિ, પાવત કૃપા નિકેતું;-૫૨-

અર્થાત શ્રીરામ સ્વામીયે સમુદ્ર પર સેતુ બાંધ્યો; તેમ સત્પુષો પવિત્ર વિચારની પોથિ રૂપ પુલ ભવ સાગરથિ પાર થાવા સારૂ બાંધે છે; જેમકે શ્રીરામાનુજાચાર્ય સ્વામિયે શ્રીભાષ્યાદિ ગ્રંથ ગુંથ્યા શ્રીવાલ્મીકી મહર્ષિએ રામયણાદિ, શ્રીવ્યાસ મુનિએ શ્રીમદ્ભાગવતાદિ, તેમના પિતા પરાશર મુનિએ, પુરાણોમાં રત્નરૂપ શ્રીવિષ્ણુપુરાણ, તેમ આ કલિયુગમાં પણ, શ્રીતુલસિદાસજીયેં તુલસીકૃત રામાયણ, શ્રીમાન અનંત પ્રસાદજીયેં આનંદાદિ અનેક પુસ્તકો, તે બધા ભગસાગર પાર થવાનાં પુલ રૂપ પુસ્તકો રચીને તે ઉપરથી પોતે ભવ પાર થયા અને આપણે માટે તે પુસ્તક રૂપિ પુલ અહિં કાયમ મુકી ગયા છે; તે ઉપર જગજન પોતાના મનને ચલાવે તો ભવસાગર પાર થાય ને વૈકુંઠમાં જાય; ને ત્યાં શ્રીપતિને સદાને માટે પામે ને વિરામે ૫૨- મુમુક્ષુ કહે શ્રીરામ સ્વામીયેં તો શ્રીઅવધપુરમાં બહુનિતિથી રાજ્ય કર્યું. તેમ સંત ક્યા અવધપુરમાં કેવિ રિતે રાજ્ય કરે છે; તે કહો અને શ્રીઅવધપુર પાસે શ્રી સર્યુગંગા વહે છે, તે સંતમાં કયાં છે;અને શ્રી અયોધ્યાના હનુમાનજી હાજર રહે છે;તે સંતની અંગ

અયોધ્યામાં ક્યાં છે તે કહો; મુકુંદ કહે;

(દોહરો)—અંગ અવધપુર સંતકો, મન સમર્થ હનુમાન;
સર્યુગંગ ગીરા વિશુદ્ધ, રામરાજ્ય, વિજ્ઞાન;–૫૩–

અર્થાત સંતનુ શ્રી અંગ છે; તે શ્રી અવધપુર, અવધ એટલે જેનો કદી વધ થાય નહિ તેવું અંગ જેને પરિણામે પ્રાપ્ત થાય છે તે, અવધપુર; તેમાં મનરૂપિ હનુમાન સમર્થ સેવામાં હાજર રહે છે; અને સર્યુ ગંગા એટલે હ્રદય રૂપિ જે, સર-તળાવ-સરોવર-તેમાંથિ, શ્રી સર્યુ ગંગાના પવિત્ર પાણિરૂપિ વાણીનો જે પ્રવાહ ચાલે છે; તે શ્રી સર્યુગંગા છે; કેમકે માનસરોવર રૂપિ, મન સરોવરમાંથી નિકળિ, તે સર્યુ; જેમ શ્રી સર્યુગંગા માનશ્રોવરમાંથિ નિકળ્યાં તેથી સર્યુ ગંગા નામ પડયું છે; તેમ આ સંત પુરૂષની ગિરાગંગ પણ મન સરોવરમાંથિ નીકળિ છે; તેથિ તેનું નામ પણ સર્યુગંગા છે; (સર, યું, ચલા, ઉસિકે વાસ્તે, સરયુ, એસા નામ રખા ગયા હૈ;) જેમ શ્રી સરયુ ગંગાના સ્નાનથિ તન પવિત્ર થાય છે, તેમ સંતની શ્રી વાણીરૂપિ સર્યુમાં પણ મનને મજ્જન-સ્નાન કરાવાથિ મન પવિત્ર થાય છે; અને જેમ શ્રી રામસ્વામીયે નિતિધર્મથિ રાજ્ય કર્યું; તેમ સંત પુરૂષમાં વિશુદ્ધ પરબ્રહ્મનું જે જ્ઞાન; છે તે, વિજ્ઞાન; નિતિ ધર્મવાળું શ્રી રામનું રાજ્ય છે; એમ જાણો,–૫૩–મુમુક્ષુ કહે શ્રીરામ સ્વામિયે તો, અંતે શ્રી અવધપુર વાસિનો ઉદ્ધાર કર્યો; તેમ સંત ક્યાં અવધ વાસિનો ઉદ્ધાર કરે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)—અંગ અવધપુર સંતકો; ઉનકે આશ્રીત લોક;
ઈનકું સત્ય સમુઝાયકે, તારત અંત છયોક;–૫૪–

અર્થાત સંત પુરૂષનું શ્રી અંગ એજ શ્રી અવધ; કેમકે ॥जहाँ

राम तहां अवध निवासा ॥ એ પ્રમાણે; જે સત્પુરૂષના રત્નસિંહાસનરૂપિ હ્રદય ઉપર પ્રગટ શ્રી રામ બીરાજતા હોય;તેનું અંગ શ્રી અવધપુર; અને એવા સંતના શ્રી અંગરૂપિ શ્રી અવધનાં જે આશ્રીત–શર્ણાગત–સત્સંગી લોકો જે હોય તેને સતશ્રી હરિ જે છે; તેનું યથાર્થ ગ્નાન ભાન આપીને અંતે સંત જરૂર તારિ લ્યે છે;–૫૪–મુમુક્ષુ કહે; આ કથા સાંભળિને મ્હારે હવે મ્હારૂ દીલ કેવું બનાવવું; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–ઉર અવધપુર ચાહેકર ચાહેકર દાદુર;

માનવ તનસેં મેધજી, વતન નહિં હે દુર–૫૫–

અર્થાત આ ગ્નાન ગમ્મતની કથા સાંભળિને જેવું દીલ બનાવવું હોય તેવું બનાવો; ચાહે શ્રી અવધપુર જેવું ઉર બનાવો, ને ચાહે તો દાદુર જેવું બનાવો; આ મનુષ્યના તનથિ વતન દુર નથિ; –૫૫–મુમુક્ષુ કહે મ્હારે તો શ્રી અવધપુર જેવું ઉર કરવું છે;અને તે સાચા સંતના સંગથિ થૈ શકે; પરંતુ સાચાને શી રિતે વરતવા, અને કેવિ રિતે તેના ગ્નાનનો લાભ મેળવવો; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–મનહર છંદ મુકુંદ કહે; તે વાંચીને વિચાર્ય;

પાખંડીને પરહરિ, સાચામાં કર્ય પ્યાર;–૫૬–

(રાગ મનહર છંદ.)

સંત ન કહેવાય માત્ર ભગવાં કે ભભુતિથિ;
સંત ન કહેવાય બચ્ચા કહિને બોલાવવે—૧
સંત ન કહેવાય માત્ર જટાજુટ બનવાથિ;
સંત ન કહેવાય દાઢિ મુછને મુંડાવવે;—૨
સંત ન કહેવાય માત્ર ટિલાં માળા ટોપિ થકી;

સંત ન કહેવાય મોટિ જમાત જમાવવે;—૩
સંત ન કહેવાય માત્ર બાવા બનિ બેસિ રહયે;
સંત તો કહેવાય મુખ્ય મનને સુધારવે;—૪
સંત ન કહેવાય માત્ર દંડકમંડળ ગ્રહ્યે;
સંત તો કહેવાય સત્ય ધર્મ વધારવે;—૫
સંત તો કહેવાય બહુ સંતોષ વધારવાથી;
સંત તો કહેવાય વાસ્નાઓને વિદારવે;—૬
સંત તો કહેવાય સત્ શ્રી હરિમાં મગ્ન રહે;
સંત તો કહેવાય અંત રામને રિઝાવવે;—૭
સંત તણી નાત જાત મુકુંદ મુકરર નથિ;
સંત વરતાય વાણિ વરતન તપાસવે:—૮

(દોહરો)—સંત તણા સહવાસથી, પામે હૃદય પ્રકાશ;
જુઠ્ઠામાં જોડાય તો, થાય બુદ્ધિનો નાશ;–૫૭–

મુમુક્ષુ કહે આગળ આપે કહ્યું હતું કે ક્રૂરમન કસાય તુલ્ય ગણાય; તો તે ક્રૂર મનને કસાયની સરખામણી શિ રિતે થાય; તે કહિ બતાવો એટલે એવાં ક્રૂર ઉરથિ દુર રહિ શકાય; મુકુંદ કહે એ પણ આપે ઠીક કહ્યુ અહિં ત્રીજું પ્રકરણ પુરૂં થયું; હવે ચોથા પ્રકરણમાં કહિશ, ને પુછશો તેનો જવાબ દઇશ; એમ કહિને મુકુંદ મંદિરમાં જાય છે ને પ્રકરણ પુરૂં થાય છે;

પ્રકરણ ચોથું.

કૃરમન કસાય.

મુમુક્ષુ કહે; ક્રૂર મનને કસાય કહો છો તેમ લોક વાયકા પણ છે કે અમુક માણસ તો દુષ્ટ નિર્દય કસાય જેવો છે. અને એવા ક્રૂર મનવાળા નિર્દોષ બાળા બૈરિને મારવામાં કાળા હાથ કરતા હોય, ને કોય દયાળુ દેખે તો તેને મોઢે પણ કહે છે; અરે ભુંડા કસાય; ઢોરની પેઠે શું ઢાબરે છે; જરા તો દયા રાખ્ય; કસાય કાં થા; તે વાત ખરિ છે કૃરમન કસાય તુલ્ય જ કહેવાય; માટે બરાબર તેવાં કૃર મનની કસાય સાથે સરખામણી કરિ આપો એટલે એવાં ક્રૂર ઉરથી દુર ચેતિને ચલાય; મુકુંદ કહે;

(દોહરો)—કોમલ મન કાશીજી હે; કૃરમન કસાય જાન;
કસાય ઔર કાશિજીકી, કથા કહું સુંન કાન;—૫૮—

અર્થાત્ જે, મન, કોમળ છે તે કાશિજી છે; અને જે ક્રૂર છે; તે કસાય તુલ્ય છે; તે બેઉનિં કથા કહું એટલે સાર અસાર સમજાય—૫૮—મુમુક્ષુ કહે પ્રથમ કસાય જેવાંની કરણી કહો; મુકુંદ કહે પુછો, એટલે કહું; મુમુક્ષુ કહે; કસાયતો પોતાની પાસે કાતા રાખે; તેથિ ગરિબ પશુનાં ગળાં કાપે; તેમ કૃર મન કસાય કેવા કાતા રાખે અને કોનાં ગળાં કાપે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)—કપટ રૂપ કાતા રખે, કૃર કસાઇ મન;
ગરિબ લોક પશુ રૂપકી; કાટત હૈ ગરદન;—૫૯—

અર્થાત નિર્દય કૃર મનરૂપિ કસાય જે છે; તે કપટરૂપિ કાતી રાખે છે; ને તેથિ વિશ્વાસિ ગરિબ લોક બીચારાં પશુ જેવાં; જેને

કાંઇ; હિસાબ કિતાબ આવડે નહિં તેને ગળે છેતરવા રૂપિ છરિ મુકે છે, તેથી તે હિંદી ભાષામાં બેપારિ લોક કહેવાય છે, એટલે તે બે છરિ રાખે, મુમુક્ષુ કહે, બે છરિ કઇ; મુકુંદ કહે; માલ લેનાર પાસેથી હકસી, અને દેનાર પાસેથી હાંસલ, એમ બે બાજુથી કાપે તે બેઉ, પારિ (છરિ) તેથી બે પારિ કહેવાય, ને વખતેં હિસાબમાં ગોટાળો, ને તોલવામાં દગો કરિને બે પારિમાંથી ચાર પારિ પણ કોઇ થઈ જાય; એવાં ક્રૂર ઉર કસાય કહેવાય;–૫૯–મુમુક્ષુ કહે; બરાબર છે; પણ કસાય તો પશુનેં મારિને માંસ ભક્ષણ કરે ને રૂધિર, પિયે છે; તેમ એવાં ક્રૂર મન કસાય કયા માંસનું ભક્ષણ; અને કયા રૂધિરનું પાન કરે છે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)—હરામ કા ધન હરત હૈ; સો હૈ રૂધિર સમાન;
પર નારિ કું ભોગનાં; માંસ ભક્ષ વોહિ જાન;–૬૦–

અર્થાત્ કોઇને છેતરિને હરામનું ધન લ્યે તે રૂધિર સમાન સમજો; કેમકે મ્હા મ્હેનતે, લોહિને ટિપે નાણુ ભેળું થાય છે; તે છેતરિને, મારિને, દબાવિને, કે ડરાવીને લેવું તે લોહિ તુલ્ય લેખાય; ખેંચિને; ગેરવ્યાજબી કોઇનું કાંઇ નહિં લેવું જોયેં; ને લ્યે તો તે રક્ત તુલ્ય છે; તે બાબત ગોરખનાથ પણ કહે છે કે;

॥ सहज दिया सो दुध बराबर। मांग लिया सो पानि ।
खेंच लिया सो रक्त बराबर । गोरख कि है बानीं ॥

અર્થ.—દક્ષણા, કે, બક્ષીશ, ખુશિથિ આપે તે દુધ તુલ્ય શુદ્ધ સાત્વીક ધન કહેવાય; અને શ્રદ્ધા નહોય તોય માગીને શરમાવીને લેવું. તે પાણી તુલ્ય ગણાય; અને ખેંચિને (કોચવીને) લોહાયેં લેવું તે રક્ત નામ લોહિ તુલ્ય લેખાય; અને પરસ્ત્રીને ભોગવવી તે માંસ ભક્ષણ તુલ્ય લેખાય; કેમકે પરસ્ત્રીનાં અવ્યવો રૂપિ માંસના

લોચા ચુંથવાથી આનંદ માનવો તે જીવતાં શરિરનાં માંસ ભક્ષણ કરવા જેવું જ છે; માટે તેવાં મન હોય તે કસાય કહેવાય;-૬૦- મુમુક્ષુ કહે; કસાયથિ તો લોકો કંપે છે; ને તેની પાસે પણ જવા ચ્હાતાં નથિ; ને કદાચ અગવડતાથિ ભુલ્યે ભટક્યે આવિ ચડે તોપણ તેનો વિશ્વાસ કરિને તેને ત્યાં સજ્જન વિરામ કરતાં નથી; તેમ ક્રૂર મન કસાય જેવું છે તેનાથિ કોણ કંપે છે; ને વિશ્વાસ નથિ કરતું; તે કહો; મુકુંદ કહે.

(દોહરો)—ક્રૂર મનસેં સબ કંપતે, જાતે નહિં ઉન પાસ;
અગવડસેં આઇ ચડે, કરત ન તોઉ વિશ્વાસ;-૬૧-

અર્થાત્ નિર્દય, લુચ્ચા, કે દગાખોર; તેનાથિ સહુ કોય કંપે છે તેથિ તેવાં ક્રૂર મન કસાયથિ દુર રહે છે; તેની પાસે સજન જવા ચ્હાતાં નથિ; ને વખતેં કોય અટકે સટકે તેનું કામ પડે તો પણ તેનો વિશ્વાસ ન કરે; કોણ જાણે બેપારિ ચાર પારિથી કાપી નાખે તો શું કરવું એમ સમજીને એવાં ક્રૂર મન કસાય જેવા દગાખોરની દુકાને, જતાં દીલ કમ્પે છે, તેથી ક્રૂર મન કસાય તુલ્ય છે;-૬૧- મુમુક્ષુ કહે કસાય ખાનામાંથિ તો દુર્ગંધ છુટે છે; અને ત્યાંથિ નાક આડો ડુચો દઇને જલ્દી નાસી જવું પડે છે; તેમ ક્રૂર મનરૂપિ કસાય ખાનામાં કઇ દુર્ગંધ હોય, અને તેનિ પાસેથિ કોણ નાક આડો ડુચો દઇને નાસિ જાય; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)—ક્રૂર કસાય મનકિ મહા, અપકિર્તિ દુર્ગંધ;
પવિત્ર જન યહ બચનસેં, કર્ણ કરત હૈ બંધ;-૬૨-

અર્થાત્ ક્રૂર મનરૂપિ કસાયનિં અપકિર્તરૂપિ દુર્ગંધ, આસપાસ બાસ મારતિ ઉડયા કરે છે; અને તેની કર્મ કથા વ્યથા નામ પીડા કારિ હોય છે; તેથિ સજ્જન, તેવાં ક્રૂરમન કસાયની કુથલીનીં વાતો નથિ સાંભળતાં અને ત્યાંથિ કાન આડા ડુચા દઇને નાશિ જાય છે;

–૬૨–મુમુક્ષુ કહે ત્યારે હવે એક પ્રશ્ન પુછિ લઉં પછી આપણે પણ એનિં વાત બંધ કરિયેંને કાશિપુરિ જેવાં કોમળ મનને સ્મરિયેં; મુકુંદ કહે જલ્દી પુછિ લ્યો, મુમુક્ષુ કહે કસાય તો જાતના મુસલમાન હોય; હિંદુ તો ન હોય; છતાં હિંદુ ક્રૂર મન રાખે તો તે શું મુસલાન કહેવાય; મુકુંદ કહે;

(દોહરો)—અર્થ હિંદુનો એજ કે, હિંસાથિ રહે દુર;
હિંસક જનને મેઘજી, સમજો સત્ય અસુર;–૬૩–

અર્થાત્ હિંદુ હોય તેણે હિંસાથિ દુર રહેવું જોયેં; અને જે હિંસા કરનાર છે તેને ચોખ્ખા અસુર (રાક્ષસ) જાણો; અર્થાત્, હિંદુ, એ બે અક્ષરનો અર્થ એવો છે કે, હિં, એટલે, હિંસ્સા, અને દુ, એટલેં દુર, એટલે હિંસ્સા જેનાથિ દુર રહે અર્થાત્ જે હિંસ્સાથિ દુર રહે તે હિંદુ કહેવાય, ને હિંદુનો અવતાર મળ્યા છતાં જે હિંસ્સા કરેતે મુસલમાનથિ પણ ખરાબ; રાક્ષસ તુલ્ય સમજવા;–૬૩–
મુમુક્ષુ કહે ત્યારે હજી એક પ્રશ્ન ભેળાભેળો પુછિ લઉં; કે, હિંસ્સા એટલેં શું કોઇને જહાંનથી મારિ નાખવું તેનું નામ હિંસ્સા કહેવાય કે, નઃ કાંઇ જુદો અર્થ છે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)—દીલ દુભાવવું કોઇનું, તે હિંસ્સાજ ગણાય;
હરિ સ્મરિ હક ચાલવું, એ હિંદુત્વ જણાય;–૬૪–

અર્થાત્ હિંસા એટલે કોઇ પણ પ્રાણીનું દીલ દુભાવવું તેનું નામજ હિંસ્સા છે; કોઇને કઠણ વચન કહિને અથવા કોઇ પણ પ્રકારથિ, મન, વાણિકે, કર્મથિ કોઇનું મન કોચવવું તેનું નામ હિંસ્સા; માટે ખુન ચોરિ વ્યભિચારિ વિગેરેં દુષ્ટ કર્મ કરવાથી તો કેકનાં દીલ કોચવાય; એટલે એતો હિંસ્સા છેજ; તેમાં કહેવું શું;

પણ મુખ્ય તો કોઇનું મન કોચવવું એજ હિંસા; માટે કોઇનું દીલ દુભાય તેવું મન વચન કે કાયાથિ કાર્ય ન જ કરે ને શ્રીહરિને સ્મરે ને હક માર્ગે ચાલે; તે હિંદુ કહેવાય; અને હિંદુનું શરિર હોય છતાં ક્રૂર મન કસાય કેકનાં મન કોચવે, માટે તે કસાય તુલ્ય જ છે-૬૪-એમ મુકુંદે કહ્યું એટલે પ્રકરણ પુરૂં થયું માટે હવે ચાલો શ્રી કાશિજીમાં જાયેં ને સંતના ગુણ ગાયેં,

---

પ્રકરણ પાંચમું.

શ્રી કાશીપુરિ.

શ્રીમત્ મ્હારાજાધિરાજ, જગતનિયંતા ષડૈશ્વર્યવંતા વૈકુંઠવાશી અવિનાશિ, વામન અવતાર ધરિને ત્રણ પગલે ત્રીલોકભરિને બ્રહ્માનિ પુરિમાં જેનાશ્રી ચર્ણાવિંદ પ્હોંચ્યા તે બ્રહ્માયે જોયા કે તેમાં મ્હો યાને તુરત ધોયા, તે જળ કમંડળમાં રાખ્યું;સગરના સાઠ હજારના ઉદ્ધાર માટે ભગીરથના ભાવથિ નિચે નાખ્યું તે જેણે ઝીલિને જટાની ઘટામાં છટાથિ રાખ્યું, ને ધિરેથિ ધરણિ ઉપર નાખ્યું ભગીરથનું મન રાખ્યું ને આખુ જગત અધ્યાપિ પર્યંત, જેનો લાભ લેવા ધારે તે લ્યે છે; એવાં ત્રીલોક તારિણિ અધમ ઉદ્ધારણિ શ્રી ગંગાજીને શીરપર ધારિને ગંગાધર નામ ધારણ જેણે કર્યું; તે ત્રિપુરારિ કામારિ્ . કૈલાંસપતિની પુર્ણ પ્યારિ શ્રીકાશીપુરિની કથા,

યથાર્થ, સંતની સાથે સરખાવિ આપો; એમ મુમુક્ષુએ મુકુંદને કહ્યું; કે તુરત મુકુંદે, તે કલ્યાણકારિ કાશિપુરની કથા કહેવા ચહ્યું.

(દોહરો)–મુકુંદ શુદ્ધ મન સંતકા, કાયા કાશિરૂપ;
જહાં સંત નિત બસત હૈ, ઉનકા ભાગ્ય અનુપ–૬૫–

અર્થાત મુકુદ આનંદ કંદ ભવફંદને કાપનાર અભય આપનાર જેના ઉરમાં પુર્ણ પ્રકાશિ રહેવાથી જેનું મન વિશુદ્ધ થઈ ગયું છે એવા સંત પુરૂષોનિ કાયા શ્રીકાશિજી તુલ્ય છે; અને એવા સંત પુરૂષ જેને ત્યાં નિત્ય નિવાસ કરે; તેમનાં ભાગ્ય અનુપ એટલે કોઈ ઉપમા આપિ ન શકાય એવાં ઉત્તમ સમજવાં;–૬૫–મુમુક્ષુ કહે શ્રી કાશીજીમાં તો શ્રી ગંગાજી વહે છે; તેની ઉપર મણિકર્ણિકા નામનો સુંદર ધાટ બાંધેલ છે. ત્યાં જાવાથિ બહુજ શાંતિ શાંતિ થાય છે ને બધાય ઉચ્ચાટ મટિ જાય છે; તેમ સંતની કાયા કાશીમાં મણિ કર્ણિકાનો ધાટ અને શ્રી ગંગજી કયાં છે તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–સંતકિ કાયા કાશિમેં, મન મણિકર્ણિક ધાટ;
બડિ ગંગ સુબુદ્ધિ હૈ, મિલતે મિટે ઉચાટ;–૬૬–

અર્થાત્ સંતની કાયારૂપિ કાશીપુરિમાં વિશુદ્ધ સ્વચ્છ મનરૂપિ મણિકર્ણિકાનો ધાટ શાંતિદાયક હોય છે; અને જે મોટિ શુદ્ધ બુદ્ધિ છે તે શ્રી ગંગાજી છે; એવા સંતનો મન મણિકર્ણિકાનો ધાટ મળવાથિ એટલે તેના સાથે મન મળવાથિ, ને તેની ચાર વાતો સાંભળવાથિ ચિત્તનીચિંતા રૂપિ ગરમી મટિ બહુજ શાંતિ થાય છે; –૬૬–મુમુક્ષુ કહે શ્રી ગંગાજી તો શ્રી વિષ્ણુ ભગવાનના ચરણકમળનું જળ છે; ને તેના સ્નાન પાંનથિ પાપતાપ મટિ જાય છે; તેમ સંતના શ્રી અંગની ગંગના સંગથિ પાપતાપ મટે કે નહિ; અને તે

સંતની શ્રી ગંગા કોના ચરણુમાંથી નિકળિ;તે કહો, મુકુંદ કહે;

(દોહરો)–સંત શ્રી મુખસે કહત હૈ, વિષ્ણુ ચરણુકિ બાત;

ઇનકા શ્રવણુ અરૂ પાનસેં, પાપ તાપ તમ જાત,–૬૭–

અર્થાત્ જેમ શ્રી ગંગાજી શ્રી પતિના ચર્ણાર્વિંદનું જળ છે; તેમ સંતના શ્રી મુખમાંથિ પણુ શ્રી પતિના ચર્ણાવિંદના વર્ણન વાળિજ ગીરા ગંગ એટલે વાણી રૂપિ પાણી વહે છે;અને જેમાં મનને સ્નાન કરાવવાથી–(સાંભળવાથી) પાપ, તાપ (ચીંતા) અને તમ (અજ્ઞાન) દુર થૈ જાય છે મટિ જાય છે; માટે સંતની વાણી છે તે શ્રી ગંગાજી છે;–૬૭–મુમુક્ષુ કહેજી ગંગાજીને તો બ્રહ્માના કમંડળમાંથિ ભગીરથ રાજાયે ઘણી ચાહનાથિ મેળવ્યાં; તેમ સંતની શ્રી ગીરા ગંગાને કોણુ ચહેને મેળવે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–બ્રહ્મ કમંડળ સંત મન; ભરિ વિષ્ણુકિ વાત;

ભગિરથ જેસે ભાગ્યવંત, યહ ગંગાકુ ચ્હાત;–૬૮–

અર્થાત્ શ્રી બ્રહ્માજીના કમંડળ જેવું મોટું અને સ્વચ્છ સંતનું મન હોય છે; અને તેમાં શ્રી વિષ્ણુ ભગવાનનીજ વાતો ભરિ હોય છે; તે કોઇ ભગીરથ જેવા ભાવિક ભક્ત મેળવવા ચાહે તો મળે છે; –૬૮–મુમુક્ષુ કહે તે તો ઠીક પરંતુ શ્રી ગંગાજીની ધારા બ્રહ્મ કમંડળેથિ ધોધ બંધ પડી, તે શ્રી શંકર ભગવાને જટામા ઝીલીને ધારણ કરિ; તેમ સંતના શ્રી મુખની ગીરા ગંગને કોણુ ધારણુ કરે; મુકુંદ કહે;

(દોહરો)–સંત શ્રી મુખસે બહત હૈ, બચન ગંગકી ધાર;

શિવ જેસે અધિકારિ કોઇ, ઝીલે કર્ણ મોઝાર;–૬૯–

અર્થાત–સંતના શ્રી મુખથિ પવિત્ર વચન રૂપિ ગંગાનીં ધારા

છુટે છે તે કોઈ શિવ એટલે કલ્યાણ ઇચ્છનારા શીવ જેવા ઉંચા અધિકારિ કાનરૂપિ જટામાં ઝીલીને ધારણ કરે છે;-૬૯-મુમુક્ષુ કહે; શ્રી પતિનું ચર્ણામૃત જે શ્રી ગંગાજી છે; તેને શિરપર ધારણ કરવાથિ શિવજીનું સમર્થ પણ વિશેષ પ્રસિદ્ધ પગટ થયું ને પોતે કૃતાર્થ થયા એમ માન્યું; પરંતુ બીજો કોઇ અનાધિકારિ શ્રી ગંગાજીની ધારાને ઝીલવા જાત તો શું થાત; મુકુંદ કહે;

(દોહરો)-અન અધિકારિકે કર્ણકો, ફોડી જાય પતાલ;
મન મજબુત જટા બિચ, કોઇ રખિ હોત નિહાલ;-૭૦-

અર્થાત્ જેમ શ્રી સદા શિવ મજબુત જટામાં શ્રી ગંગાજીને ઝીલિને ધારણ કરિ શક્યા પરંતુ બીજું કોઇ ઝીલત તો તેનું તાળવું ફોડિને પાતાળમાં શ્રી ગંગાજી પેસિ જાત; તેમ સંતના શ્રી મુખથી વચન ગંગની ધોધ બંધ ધારા પડે છે, તેને પણ શિવની જટા જેવી ગંભીર બુદ્ધિવાળા અધિકારિ બુદ્ધિ અને મનરૂપિ જટાનિ ઘટામાં છટાથિ ધારણ કરે છે; અને જે અધિકારિ નથા તે સો વર્ષ સાંભળે તોય તેના કાન ફોડિને આ કાનેથિ આકાને નિકળિને વહિ જાય છે; મનમાં સ્થીર ઠેરતિ નથિ; તેથિજ કહેવાય છે કે; કથા સાંભળિ ફુટયા કાન તોએ ન આવ્યું બ્રહ્મ જ્ઞાન;-૭૦-મુમુક્ષુ કહે; શ્રી સદાશિવ શ્રીરામના અનન્ય ભક્ત છે; તેથિ તે નિરંતર સમાધિ ચડાવીને શ્રી પતિનું ધ્યાન અતઃકરણથી કરે છે ને શ્રી મુખથિ શ્રીરામનામનો મ્હામંત્ર જપ્યા કરે છે ॥ **रामनाम जो जपत महेशु, काशि मुक्ति हेतु उपदेशु,** ॥ એમ પોતે શ્રીરામનામનો જપ કરનાર; અને કાશિ નિવાશિ જનોને પણ કરાવનાર; તથા પોતાનાં પ્યારાં શ્રી પાર્વતિજીને પણ એજ સ્મરાવનારકે;

॥ शिवोवाच ॥ रामरामेतिरामेति । रमेरामे मनोरमे ॥
॥ सहस्त्र नाम तत् तुल्यं । रामनाम वरानने ॥

એવા શ્રી રામનામના મ્હાત્મ્યને તત્વે કરિને જાણનાર મ્હા પવિત્ર છે; તેથિ શ્રી ગંગાજી તેમની જટામા ઠેર્યાં; પરંતુ કોય પ્રભુથિ વિમુખે ઝીલ્યાં હોત તો ત્યાં ક્ષણ પણ ઠેરત નહિ; તેમ સંતની વચન ગંગા ક્યાં ઠેરે; ને ક્યાં ન ઠેરે તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–મન ચંગામેં ઠહરત હે, સંત બચન શુધ ગંગ;
મગધ જેસે મન મલિનમેં, નહિ લગત હે રંગ;–૭૧–

અર્થાત્ જે સારાં પવિત્ર મન છે તેમાં સત્પુરૂષની વિશુદ્ધ વચન ગંગા ઠેરે છે; અને જે, મગધ (સિંધ) દેશ જેવાં મલિન મન છે તેમાં રંગ લાગતો નથિ; જેમ સિંધમાં સુરસરિનો સબંધ નથિ તેમ મગધ જેવા મલીન મનમાં સંતનિ સુંદર ગીરા ગંગનો રંગ નથી, જેમ નિર્મળ સપેત કપડાને રંગવાથિ રંગની ખુબિ ખિલે; અને મેલા તેલવાળા કાપડ રંગવાથિ રંગ બરબાદ જાય; ખિલે નહિ; તેમ સંતની શ્રી વચન ગંગાનો પ્રવાહ પણ પવિત્ર મન ધારણ કરિ શકે; અને તેમાં ખિલે, અને મલિન મનમાં ઠેરે નહિ; તો પછી ખીલવાની તો વાતજ શી;–૭૧–મુમુક્ષુ કહે; તમે સંતની કાયાને શ્રી કાશીજીની ઉપમા આપો છો,તો કાશીજીમાં તો શ્રીરામાનંદસ્વામી બિરાજતા હતા; અને તેના સ્થાનમાં નિત્ય પ્રબંધ પાઠ થાતા, તેમ સંતની કાયારૂપ કાશીજીમાં શ્રીરામાનંદ સ્વામી ક્યાં છે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–રામભજન આનંદ રૂપ, રાજે રામાનંદ;
બડિ પ્રાતમેં પ્રેમસેં, પઢતે પાઠ પ્રબંધ;–૭૨–

અર્થાત સંત પુર્ષોના ચિતમાં શ્રી રામના ભજનનો જે આનંદ

છે; તે શ્રી રામનંદજી રૂપ છે; એટલે તે આનંદ રૂપિ રામાનંદ તેની કાયા કાશીજીમાં બીરાજે છે; તેથિ તે વ્હેલા ઉઠીને સ્તોત્ર પાઠના ઠાઠથી ઉચ્ચાર કરે છે;-૭૨-મુમુક્ષુ કહે; શ્રી કાશીજીમાં તો ભેરવની ચોકી રહે છે, તેથિ માયાવિનો દાવ ફાવતો નથિ; તેમ સંતની કાયા કાશીમાં ભેરવની ચોકી કયાં છે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)-સંતકી કાયા કાશીમેં, ભેરવરૂપ પ્રભુભાવ;
ઉનકિ ચોકીસે નહિં, ફાવે માયા દાવ;-૭૩-

અર્થાત સત્પુર્ષોમાં જે પ્રભુ પ્રત્યેનો પ્રેમ છે; તે ભેરવનીં માફક સત્પુરૂષનીં કાયા કાશીજીરૂપ છે; તેની રક્ષા કરે છે; તેથી તેની ઉપર માયાનો દાવ ફાવતો નથી;-૭૩-મુમુક્ષુ કહે; શ્રી કાશીજીમાં તો સંન્યાસિ ઘણા છે; ને તે વિષમય વિષય સુખોમાં લલચાતા નથી; અને તે બ્રહ્મમાં જ મગ્ન રહે છે; તેમ સંતની કાયા રૂપ શ્રી કાશીજીમાં સંન્યાસિ કોને સમજવા, તે કહો, મુકુંદ કહે;

(દોહરો)-સંતકી કાયા કાશીમે, સન્યાસિ સુ વિચાર;
બ્રહ્મ વિના દુસરા વિષય, ગ્રહ તે નહિં લગાર;-૭૪-

અર્થાત સત્પુર્ષોની કાયા રૂપિ કાશીજીમાં સારાસારનો વિવેક છે; તેથિ પવિત્ર વિચારોજ તે કરે છે; તે ઘણા પવિત્ર વિચારો રૂપિ ઘણા સંન્યાસિ છે; અને તે બ્રહ્મવિનાં અન્ય ચિંત્વન કરતા નથી; અથવા સંન્યાસિ એટલે, સં, નામ સારિ રિતે, ન્યાસ, નામ શર્ણાગતિ વિદ્યા, તેનો અનુભવ કરનારા, સારિ રિતે ન્યાસ વિદ્યાના નેતા તે સંન્યાસિ; પરબ્રહ્મને પરાયણ રહેનારા જે વિચાર તે સંન્યાસિ છે;-૭૪-મુમુક્ષુ કહે; શ્રી કાશીજીમાં અન્નપુર્ણા દેવી છે, તે ભુખ્યાને ભોજન દે છે; ને પ્રભુના કૃપાપાત્ર ભક્તોને નિત્ય તે ભોજન આપે છે; તેમ સંતની

કાયા કાશીજી છે તેમાં અન્નપુર્ણા દેવી ક્યાં છે; તે કહો; મુકુંદ કહે;
(દોહરો)–મન અનપુર્ણાદેવિ હે, ભજન ભોજન નિત દેત;
કૃપાપાત્ર કોઇ રામકા, યહ ભોજન નિત લેત;–૭૫–

અર્થાત સત્પુર્ષોનું મન અનપુર્ણાદેવિની પેઠે ભજનરૂપિ ભોજન દે છે; અને પ્રભુના કૃપાપાત્ર ભક્તજનો એ ભગ્વત ભજનરૂપિ ભોજન સંતની મનોવૃત્તિરૂપિ અન્નપુર્ણા પાસેથિ નીત્ય લ્યે છે; જેમ શ્રીકાશી નિવાશી અન્નપુર્ણાદેવીના આપેલ ભોજનથી ભુખ મટિ જાય છે; તેમ સંતની મનોવૃતિ રૂપિ અન્નપુર્ણાના આપેલ ભજનરૂપિ ભોજનથી ભવોભવની ભુખ મટે છે, અર્થાત આશા તૃષ્ણા મટિ જાય છે. –૭૫–મુમુક્ષુ કહે શ્રી કાશીજીમાં તો મુખ્ય શ્રી વિશ્વનાથ તથા શ્રી પાર્વતિજી બિરાજમાન છે; તે સંત પુરૂષની કાયા રૂપિ કાશીપુરિમાં ક્યાં છે તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–સંતકિ કાયા કાશીમેં વિશ્વનાથ વિશ્વાસ,
શ્રદ્ધા રૂપ શ્રી પાર્વતિ, હે વિશ્વાસકી પાસ;–૭૬–

અર્થાત સંતનિ કાયારૂપિ કાશીજીમાં જે શ્રી પતિપર અડગ વિશ્વાસ છે; તે શ્રી વિશ્વનાથરૂપ છે; અને જે શ્રીપતિમાં શ્રદ્ધા છે તે શ્રી પાર્વતિજીરૂપ છે; ॥ શ્રદ્ધાવિશ્વાસરૂપિણં ॥ (એમ શ્રી તુલસીદાસજી પણ રામાયણમાં કહે છે;)–૭૬–મુમુક્ષુ કહે શ્રી વિશ્વનાથજી તો શ્રીપતિના ધ્યાંનમાં જલમીનવત તલ્લીન રહે છે, અને શ્રી રામ ષડાક્ષર મહામંત્રનો જપ ક્યાં કરે છે; તેમ સંતની કાયારૂપિ કાશીજીમાં શ્રી વિશ્વનાથરૂપ વિશ્વાસ શું કરે છે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)––સંત શ્રીવર કે ધ્યાન મેં, જલમીન વત તલ્લીન;
રામ નામ યહ રટત હે, શ્વાસ, શ્વાસ સબ દિન;–૭૭–

અર્થાત્ સંત અડગ વિશ્વાસથિ શ્રીપતિના ધ્યાન પરાયણ રહે છે; ને શ્વાસે શ્વાસ શ્રદ્ધાથી શ્રીરામ નામનો જપ કરે છે;-૭૭-મુમુક્ષુ કહે શ્રી વિશ્વનાથજી તો હૃદયમાં શ્રીપતિનું ધ્યાન કરવાથી વારંવાર આનંદમાં મગ્ન થૈને મુસ્કાય છે; અને જ્યારે જ્યારે શ્રીઅવધપુરિમાં શ્રીરામચંદ્રજીનું પ્રાગટ્ય; તથા શ્રીવ્રજ ભુમિમાં શ્રીકૃષ્ણચંદ્રનું પ્રાગટ્ય થાય છે; ત્યારે ત્યારે ત્યાં જઇને શ્રીપતિના પ્રાગટ્યના ઉછરંગથિ શ્રીપતિના ગુણ ગાયને તેનિ આગળ નાચે છે; તેમ સંતના વિશ્વાસરૂપિ શ્રીવિશ્વનાથ શું કરે છે, તે કહો, મુકુંદ કહે;

(દોહરો)-સંત શ્રીવર કે ધ્યાનમેં, મગ્ન રહિ મુસ્કાય;
ઇષ્ટ દેવ કે દ્વાર જઇ, નાચિ ગુણ ગણ ગાય;-૭૮-

અર્થાત્ સંતપુર્ષો પરમ સંતોષી હોય; કેમકે તેના હૃદયમાં શ્રીપતિપર વિશ્વાસ પુર્ણ હોય; તેથિ બીજી હાય ઓય નથિ કરતાને વિભુને નથિ વિસરતા, નિવૃતિથિ નારાયણનું ધ્યાન કરે છે અને તે આનંદમાં મગ્ન થૈને મુસ્કાય છે; અર્થાત્ શારિરનાં અવયવો આનંદનાં ઉભરાથિ ઉછળે છે ને મુખથિ મંદહાસ્ય થૈ જાય છે, તેનું નામ મુસ્કાય છે એમ કહેવાય છે; અને પોતાના ઇષ્ટ દેવના દ્વારમાં જઇને નાચે અને શ્રી હરિના ગુણ ગાયને ખુશિ થાય છે; શ્રી અયોદ્ધાનાથના આંગણામાં અને શ્રી દ્વારકાંનાથના દ્વારમાં સંત વારંવાર જાય છે ને વિષ્ણુના ગુણ ગાય છે;-૭૮-મુમુક્ષુ કહે શ્રી વિશ્વનાથજી તો પોતાની પુર્ણ પ્યારિ શ્રી કાશીપુરિનાં અશ્રીત જનોને અંતે કર્ણમાં શ્રીરામ મંત્ર આપિનેં તારિલ્યે છે; તેમ સંત શું કરે, તે કહો; મુકુંદ કહે;

(દોહરો)—સંતકી કાયા કાશીકે, જો હે સેવક લોક;
ઇનકોં અષ્ટાક્ષર મંત્ર દઇ, તારત સંત છચોક;-૭૯-

અર્થાત્ સંત પુરૂષની કાયારૂપિ કાશીજીનાં જે આશ્રીત સેવક આજ્ઞા પાલન કરનારાં લોકો જે છે; તેને મંત્રોમાં મ્હારાજારૂપ, મ્હામંત્ર; એવો જે શ્રીમત અષ્ટાક્ષર મંત્ર છે; તે સવિધિ સંસ્કાર પુર્વક આપીને અંતે જરૂર સંત પોતાનાં આશ્રીતનો ઉદ્ધાર કરે છે; એટલે જેમ શ્રી કાશીપુરિનાં વાશી જનોને શ્રીવિશ્વનાથ શ્રીરામ મ્હા મંત્ર અંતે આપે છે તેથિ તે લોકો સંસારને તરિ જાય છે, તેમ સંત પણ સવિધિ પંચ સંસ્કારથી શ્રીમત્ અષ્ટાક્ષર મંત્ર આપે તેના જાપથિ પાપથિ સાફ થૈને શ્રીવૈકુંઠમાં જીવ જાય છે ને અહિં પ્રકરણ પુરૂં થાય છે.

પ્રકરણ છઠું

મલીન ચિત ચમાર.

મુમુક્ષુ કહે મલીન ચિતને ચમારની ઉપમા આપિ; તે ઘટિત છે; મલીન મનવાળાને માટે લોક વાયકા પણ એમ બોલે છે; કે; માળો એ તો મ્હા મોચી છે; હે; માળા મોચી; એમ મોઢે પણ કહે છે; તે બરાબર છે મોચી કહો કે ચમાર કહો; તે નામ, નોખાં, પણ ધંધો એકજ છે; વાસ્તે તે મલીન ચિતની ચમારની સાથે યથાર્થ સરખામણી કરિ ઘો; એટલે એના ચિન્હથિ ચેતિ શકાય કે આવું મન મોચિ કહેવાય; એટલે એનાથિ દુર રહેવાય; મુકુંદ કહે;

(દોહરો)-મલીન ચિત ચમાર હૈ; મંગલ મથુરાં જાન;
મથુરાં પુરિ ચમારકી, કથા કહું સુન કાન;-૮૦-

અર્થાત્ જે મલીન નામ મેલું મન છે; તે મોચી [ચમાર] બરાબર છે: ને જે મંગલ એટલે પવિત્ર મન છે; તે શ્રી મથુરાંપુરિ જેવું છે; તે બેઉમાંથિ પ્રથમ મલીન ચિતની ને ચમારની સરખામણી કરિને, આ પછિના, પ્રકરણુમાં શ્રી મથુરાંપુરિની, મંગલ મનની સાથે સરખામણી કરિને કહિશ,-૮૦-મુમુક્ષુ કહે; મલીન ચિતને ચમાર જેવું કહો છો તો ચમારની પાસે તો ચાંબડામાં સોંસરવાં કાંણા પાડવાની, આર, હોય, તેથિ તે ચાંબડાં વિંધે; તેવિ આર મલીન ચિત ચમાર પાસે કયાં છે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)-કૂટિલ વચનકિ આર સેં, વિંધે કલેજા બ્હોત;
પર દારા પર દામમે, મલીન મ્હોતે જોત;-૮૧-

અર્થાત જેમ ચમાર પાસે ચામડામાં છેદ પાડવાની, આર, હોય છે; તેમ મલીન ચિત રૂપિ ચમાર પાસે કલેજામાં કાણા પાડવાની કુટિલ વચન રૂપિ આર હોય છે; અને જેમ ચમારનું ચિત ચામમાં ને દામમાં ચોટયું રહે; તેમ મલીન ચિત પણુ પરસ્ત્રીની ચાંબડીના રંગ રૂપમાં, ને તે પ્રાપ્ત કરવા માટે પારકા પૈસામાં મોહ પામીને મેળવવાનો લાગ; મલીન ચિત રૂપિ ચમાર જોયા કરે છે;-૮૧-મુમુક્ષુ કહે; ચમારને ત્યાંતો ચાંબડા કાપવાની, રાંપી, હોય; ને એક કુંડ હોય, તેમાં મ્હા મલીન દુર્ગંધવાળું પાણી ભર્યું હોય; તેવું મલીન ચિત ચમાર પાસે શું છે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)-કપટ, રાંપી, સેં કટત હૈ; દામ પ્યારકા જાની;
મુખ ચમારકા કુંડ હૈ; પાની મલીન બાની;-૮૨-

અર્થાત મલીન ચિત રૂપિ ચમાર,કષ્ટ રૂપિ,રાંપી,થી,કોયનાં ખિસા-માંથી;કોયના હિસામાંથી;કોઇના હિસાબમાંથિ; કોઈની, હિંસાથી, કોઇની ચોટિમાંથિ; કોયની ઓટિમાંથી; કોયની પાકિટમાંથિ; કોયના પગારમાંથિ, કોયના હાટમાંથિ; કોયની વાટમાંથિ; કોયના ડંડમાંથિ; કોયના ફંડ-માંથિ; કોયને ડરાવિને હરાવિને, કોયને, મરાવીને, એમ અનેક પ્રકારે અનિતિથિ; પારકા દામ કાપિ લે છે; અને તેવાં મલિન ચિત રૂપિ ચમારનું જે મુખ છે; તે ચમારના કુંડ જેવું અપવિત્ર રહે છે; કેમકે તેમાં મ્હા મલીન પાણી રૂપિ વાણી અપવિત્રજ ભરિ હોય છે; પ્રભુ ચર્ચારૂપ પવિત્ર પાણી રૂપિ વાણી તેમાં બીલકુલ હોય નહિં;-૮૨-

મુમુક્ષુ કહે; ચમારના ચિતમા દિનરાતને પ્રાત ચાંબડાંનીજ ચિતવણી થયા કરે છે; અને દિનરાતને પ્રાત એ ચામડાં ચુંથવાના ધંધામાંજ લાગ્યો રહે છે, તેમ મલીન ચિત રૂપિ ચમાર શું કરે છે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)-ચમાર જેસે મલીન મન, ચિતવત ચામકી બાત;
ઉસ ધંધામેં લગરહે, દિન રાત અરૂ પ્રાત;-૮૩-

અર્થાત ચમાર જેવું મલીન ચિત છે તે, પરસ્ત્રીઓની ચાંબડી-ના રંગનું; અવયવોનું, ને આકારનું. અખંડ સ્મરણ કર્યા કરે છે; અને દિનરાતને પ્રાત ચાંબડાંની ચિતવણીનોજ ધંધો છે; બધાં પ્રકૃ-તિનાં પુતળાં ચાંબડેથિ મઢેલાં, મળ, મુત્ર, લાળ, લીંટ, શ્લેષ્મ, ચિપડા ને મેદ માંસથી ભરેલાં ખોખાં એકજ ચીજનાં બનેલાં છે; અને તે સહુની અંદર એક સરખો આત્મા **इश्वर अंश जीव अविनाशी** છે; એવો મલિન ચિત રૂપિ ચમારને વિવેક નથા, તેથિ ચામનું ચિં-તવન ચિંતાતુર થૈને કર્યા કરે છે; માટે મલીન ચિત ચમાર તુલ્ય છે;

-૮૩-મુમુક્ષુ કહે; ચમારની પાસે તો, કાલબુત, અને, વિંગડો, હોય છે; તેથિ તે વારંવાર ચાંબડાં કૂટયા કરે છે; તેમ મલીન ચિત ચમાર શું કરે છે તે કહો; મુકુંદ કહે;

(દોહરો)-મન મલીનમેં મેધજી, કાલબુત હે કામ;
વિંગડ રૂપ ઉપસ્થસેં કુટત નારિકે ચામ;-૮૪-

અર્થાત મલીન ચમાર રૂપિ ચિતમાં કાલબુત રૂપ કામનું જોર બહુ જ હોય; તેથિ વિંગડા રૂપિ જે ઉપસ્થ છે; તેનાથી વારંવાર મહા મલીન મુતરવાળાં સ્ત્રીઓનાં ચાંબડાંને રગડયા ખુંધ્યા કરે છે; માટે તેવા ચિતનીને ચમારની સરખામણી થૈ શકે છે; અને તેવા ચિતને ચમારની ઉપમા અયોગ્ય નથી;-૮૪-મુમુક્ષુ કહે; બસ બસ હવે તો હદ થૈ ગૈ; કહેવાનું કહેવાઇ ગયું; અસંતના અવગુણનોને સંતના સદ્ગુણનો પાર નથિ; આવી વાત લંબાવ્યે સાર નથી;મ્હારે ને તમારે સ્નાન સંધ્યાના સમયને વાર નથિ; મને આવું સાંભળવામાં પ્યાર નથિ; માટે કરો આ પ્રકરણ બંધ; ને સ્મરો સંત ભગવંતનો સબંધ સમજુ આટલું સાંભળ્યે અધર્મથિ અટકશે ને અણુસમજુ એ-આજ ભટકશે; મુમુક્ષુએ એમ કહ્યું કે પ્રકરણ પુરૂં થયું;

પ્રકરણ સાતમું

શ્રી મથુરાંપુરિ.

શ્રીમત્ મ્હારાજાધિરાજ, ગરિબનિવાજ, ગોબ્રાહ્મણ પ્રતિપાલ, રંકના રખવાલ, સંત સુખકારિ, દુષ્ટને દુખકારિ, શ્રી ગોવર્ધનધારિ, મુરારિ વ્રજવિહારિ, બાંકા બિહારિ, બંસીધારિ, ભુમિભાર હારિ, અસંખ્ય અવતાર, અવિકારિ, લીલાધારિ શ્રીકૃષ્ણચંદ્રની પુર્ણપ્યારિ; પાપહારિ શ્રી મથુરાંપુરિની કથા કહો; એમ મુમુક્ષુયે કહ્યું કે તુરત મુકુંદે કહેવા ચહ્યું મુકુંદ કહે;

(દોહરો)–તનબ્રોજ મન મથુરાંપુરિ; સંત શરિરકું જાન;
મથુરાં પુરિ અરૂ સંતકી કથા કહું સુન કાંન;–૮૫–

અર્થાત સંત્પુર્ષોનું તન (શરીર) જે છે તે શ્રી વૃજભુમિ જેવું મહા પવિત્ર છે- અને મન છે તે શ્રીકૃષ્ણચંદ્રની પ્રાગટય ભુમિ શ્રી મથુરાંપુરિ તુલ્ય છે; કેમકે શ્રી વૃજભુમિમાં શ્રીકૃષ્ણચંદ્ર પધારવાથિ બિરાજવાથિ વિહાર કરવાથી શ્રીકૃષ્ણના ચર્ણાર્વિંદના સ્પર્શથી શ્રીવ્રજની રજ સર્વને શિરોધાર્ય થૈ છે; અને પરમાત્મા શ્રીકૃષ્ણચંદ્રના શ્રીપાદ અંકનથી પવિત્ર થૈ છેઃ તેમ સંત પુરૂષની મનરૂપિ મથુરાં પુરિમાં પણ પરમાત્માનું પ્રાગટય થયું હોય છે; અને તેના તન રૂપિ વ્રજભુમિમાં વિહાર કરે છે; તેથિ શ્રીપતિના ચર્ણાર્વિંદની રજરૂપિ મહા પવિત્ર વિચારરૂપિ રજ; શ્રીવ્રજની રજની પેઠે સર્વને શિરોધાર્ય થાય છે; અને શ્રીપતિના ચર્ણાર્વિંદના અંકનરૂપિ ઉર્ધ્વપુંડ્ર સંતની તનરૂપિ

શ્રીવ્રજભુમિ ઉપર પણ હોય છે; તેથિ સંત્પુર્ષોનાં તન શ્રીવ્રજભુમી; અને મન શ્રી મથુરાંપુરિ તુલ્ય પવિત્ર છે; કેમકે ॥ यः स्मरेत् पुंडरिकाक्ष, सबाह्याभ्यंतरःशुचि ॥ અર્થાત પુંડરિકાક્ષ એવા શ્રીકૃષ્ણચંદ્રના સ્મરણને પ્રભાવે સંત પુરૂષોના તન અને મન પવિત્ર રહે છે; –૮૫–મુમુક્ષુ કહે શ્રીવ્રજમાં તો શ્રી વસુદેવજી, તથા શ્રી દેવકી માતાજી તથા શ્રી નંદરાયજી અને શ્રી યશોદાજી હતાં; તે સંત પુરૂષની તન રૂપિ વ્રજભુમિમાં અને મન રૂપિ શ્રી મથુરાં પુરિમાં કયાં છે તે કહો- મુકુંદ કહે;

(દોહરો)–દીનતા માતા દેવકી, વસુદેવ વિવેક;
નિજાનંદ સો, નંદ, હૈ, સુ-મતિ-યશોદા છેક;–૮૬–

અર્થાત સત્પુર્ષો નિરાભિમાની દીનતાવાળા નમ્ર હોય છે; વિવેકી હોય છે; અને પોતે પોતાના આનંદમાં મગ્ન હોય છે; ને સારિ બુદ્ધિવાળા હોય છે; એટલે તેમાં જે દીનતા છે તે શ્રી દેવકી માતાજી છે; કેમકે નિરાભિમાની દીનતાથિ દીનાનાથ પ્રગટે છે; માટે દીનતા (નમ્રતા) દેવકી રૂપ ગણાય; અને સારાસારનો વિવેક જે છે તે શ્રી વસુદેવજી તેને સારાસારનો વિવેક હતો તેથિ કંસને વિવેક વડીયે સમજાવિને દેવકીને જીવતદાન દીધું; તેમ સંત પુરૂષમાં પણ સારાસારના વિવેક રૂપિ વસુદેવ છે; તેથિ દીનતારૂપિ દેવકીનો; અર્થાત નમ્રતાનો નાશ કંસ રૂપિ ક્રોદ્ધથિ થવા દેતા નથિ; એટલે દીનતારૂપિ દેવકીમાં પ્રભુ પ્રગટે છે; અને સંત પુર્ષોમાં સદા આનંદ રહે છે તે શ્રી નંદરાયજી છે; અને સત્પુર્ષોની સુ-મતિ (સારિ બુદ્ધિ) જે છે; તે શ્રી યશોદાજી રૂપિ છે; કેમકે યશને દેનાર તે યશોદા; તો સત્પુર્ષોનિ સુમતિ યશને દેનારજ હોય છે; માટે તે શ્રી યશોદા રૂપ છે;–૮૭–મુમુક્ષુ કહે; શ્રી

વ્રજભુમિમાં વસુદેવ, દેવકી, નંદ, અને યશોદાને ત્યાંતો શ્રીકૃષ્ણચંદ્ર પરમાત્મા પ્રગટ હતા તેથિ તેનું ગુણ ગાન ધ્યાન બન્યું રહેવાથી તે ભવસાગરને તરિ ગયાં; તેમ સંત પુરૂષના તન રૂપિ શ્રી વ્રજમાંને મન રૂપિ મથુરામાં શ્રીકૃષ્ણચંદ્ર ક્યાં છે અને કેવિ રિતે તે ભવસાગરને તરે છે તે કહો; મુકુંદ કહે;

(દોહરો)—તન વ્રીજ મન મથુરાં વિશે, વસે પ્રગટ ભગવંત;
ઉનકા ગાન અરૂ ધ્યાનસેં, ભવ તરિ જાવે સંત.—૮૮—

અર્થાત સંતના શ્રી અંગરૂપિ શ્રીવ્રજમાં ને મનરૂપિ મથુરાંમાં પ્રગટ શ્રીકૃષ્ણચંદ્ર બિરાજે છે; તેના ગાન ધ્યાનથિ સંત સંસાર સાગરને તરિ જાય છે—૮૮—મુમુક્ષુ કહે સંતમાં પ્રગટ ભગવંત શ્રીપતિના ધ્યાન સહિત ગુણગાન કરવાથિ વસે છે તેનું શું પ્રમાણ; કેમ ખાત્રી થાય; તે કહો; મુકુંદ કહે; પ્રમાણ શ્રીમદ્ ભગવતના શ્લોકનું શ્રી વેદ વ્યાસજીના વચનનું છે; કે; ॥ कलौ केशव किर्तनात् ॥ અને એથિ વિષેષ જોયે તો—

॥ श्लोक ॥ नाहंवसामी वैकुंठे योगीनां हृदये नच ॥
॥ मद्भक्ता यत्र गायन्ति तत्र तिष्टामि नारद ॥

એમ શ્રી ભગવાનનુંજ વચન છે હે નારદ! વૈકુંઠમાં વસતો નથી, યોગીના હ્રદયમાં પણ વસતો નથી, મારા ભક્તો જ્યાં ગાયન કરે છે ત્યાં હું સ્થિતી કરૂંછું, એટલે સંતને સદા વસંત દીવાળિ, શ્રીપતિનાં ગાયન કરે ને ભવને તરે ફરિ ન અવતરે નિત્ય નારાયણના ગુણ ગાય તે, ના, રદ, થાય, ને ન ગાય તે રદ થાય; મુમુક્ષુ કહે; શ્રીકૃષ્ણચંદ્ર પ્રભુયે તો શ્રી વ્રજચોરાસી કોશમાં વસીને અનેક લિલાઓ

કરિ છે; અને સુરિ સંપતિનું સ્થાપન અને આસુરિનું ઉથ્થાપન કર્યું; તેમ સંત કયા ચોરાશી કોશમાં લીલા કરે છે અને કોનું સ્થાપન ને કોનું ઉથાપન કરે છે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–અન્નમય કોષ વિશે વસિ, લીલા કરત નિત સંત;
સુરિ સમ્પતિ સ્થાપિકે, કરે અસુરકા અંત;–૮૯–

અર્થાત અન્નમય કોશ એટલે સ્થુળ શરિર છે તેમાં વસીને સંત્પુર્ષો નિત્ય નવિન લીલાઓ એટલે ઉત્સવો, આખ્યાનો, ઇત્યાદી નિત્ય નવિન કરે છે; અને ભગવાન જેમ ગ્વાલ બાલને આનંદ આપતા તેમ આનંદ આપે છે; સદ્ગુણોરૂપ સુરિ સંમ્પતિ સ્થાપે છે; ને અવગુણરૂપ આસુરિ સમ્પતિને ઉથાપે છે;–૮૯–મુમુક્ષુ કહે; શ્રીકૃષ્ણચંદ્રે તો પાખંડિ પુતનાંના પ્રાણ ચુશિને મોક્ષમાં મોકલી, તેમ સંત કઇ પુતનાંના પ્રાણ ચુશિને મોક્ષમાં મોકલે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–પુતનાં રૂપ પાખંડકા, પીંડ ચુસત હૈ સંત;
નિજ મતમેં મિલવાયકે, તારત ઉનકું અંત.–૯૦–

અર્થાત સંત પુરૂષને કોય પુતનાની પેઠે પાખંડ વેશ ધારણ કરિને છેતરવા યા નાશ કરવા આવે તો તેને પણ વિવેક અને વિજ્ઞાન રૂપ રશ્મીથી તેનું અજ્ઞાન રૂપ અંધારૂં અને તેથી પેદા થયેલ પાખંડ વેશ રૂપ; પિંડ જે છે; તેને સત્પુરૂષ ચતુરાયથિ ચુશિને પોતાના વિશુદ્ધ મતમાં મેળવિને અંતે તેને તારિ લ્યે છે; જેમ શ્રી રામાનુજ સ્વામી મ્હારાજે યાદવ પ્રકાશાદિનો પાખંડ મત મુકાવિને સ્વમતમાં મેળવિને અંતે તાર્યા તેમ;–૯૦–મુમુક્ષુ કહે શ્રીકૃષ્ણચંદ્રે તો ગાડામાં શકટાસુર, હતો તેથિ તેનો પગનિ પાટુથિ પુરો ચુરો કર્યો, ને, ગાડાંને, ઉંધું પડકિ દીધું; તે માથે પોતે બેસિને મેંઆવું મેંઆવું એમ

કિલકારિ કરવા લાગ્યા, તેમ સંત પુરૂષ કયા શકટનો નાશ કરે છે, તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–શકટ રૂપ જંજાળને, પટકે મારી પાંવ;
ગોવિંદકા ગુન ગાયકે, કહે મેંઆવં મેંઆવં.–૯૧–

અર્થાત્ સત્પુરૂષ જે છે તે શ્રીપતિની શેવા સિવાય જે જગ જંજાળનાં ધોંસરાં વાળાં શકટ, એટલે, ગાડાં; કે જેમાં પરિણામે પારાવાર સંકટ ભરેલાં છે; એવાં શકટને પોતાની માથેથિ ઉલાળિને ઉંધું વાળિને નિરાંતે નારાયણના ગુણ ગાયને કહે છે કે, હે શ્રીહરિ હું તારિ પાસે આવું તારિ પાસે આવું એમ કાયમ કિર્તનના રૂપમાં કિલકારિ કરે છે;–૯૧–મુમુક્ષુ કહે શ્રીનંદરાયજીના દ્વારમાં બે સાગનાં ઝાડ હતાં, તેમાં ઉખળિ ભરાવિને શ્રીકૃષ્ણચંદ્રે ઉખેડિ નાખ્યા; તેમ સંત કઇ ઉખળિથિ કયાં સાગનાં બે મોટાં ઝાડને ઉખેડિ નાખે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–ઉપસ્થ, રસના, સ્વાદ દો, બડે સાગકે ઝાડ;
સંત તિવ્ર વૈરાગ્યસેં, ઉનકું દેત ઉખાડ.–૯૨–

અર્થાત્ સ્ત્રીના અંગ સ્પર્શ સંભોગાદિનો. અને જીભના રસનો એ બે સ્વાદરૂપ સાગનાં ઝાડ સર્વથિ ઉખેડયાં ઉખડે નહિં એવાં જબરજસ્ત સ્વાદરૂપિ સાલનાં ઝાડ અનાદિથિ બેઉ, દેહના દ્વારમાં ઉભાં છે તેને સત્પુર્ષો સુમતિ રૂપિ યશોદાની બાંધેલ ઉખળિરૂપિ તીવ્ર વૈરાગ્યની અને રાગનિ વૃત્તિથિ ઉખેડી નાખે છે;–૯૨–મુમુક્ષુ કહે પછી તો ઉખળિ પણ શ્રીનંદરાયજીએ છોડાવિ નાખિ હતિ તેમ, સંતનિ સુમતિ માતાએ બાંધેલ રાગ અને વૈરાગ્યરૂપિ ઉખળિ કયારે છુટે તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–બ્રહ્મભાવ સબ જગતમેં પુર્ણ સિદ્ધ જબ હોય;
રાગ વિરાગ છુટે તબૈ, સબિ બ્રહ્મમય જોય.–૯૩–

અર્થાત્ જ્યારે પરબ્રહ્મની પ્રપ્તી થવાથિ પ્રલ્હાદનિ પેઠે સર્વમાં, બ્રહ્મમય દ્રષ્ટિ થૈ જાય છે; ત્યારે તે સર્વમાં ત્રીજું તત્વ જે બ્રહ્મ વ્યાપક છે, તેને જ્ઞાન દ્રષ્ટિથિ દેખે છે; જીવ અને જડ પ્રકૃતિને જોતો નથી; સર્વમાં સર્વેશ્વરનેજ જુવે છે; તેથિ કોયમાં રાગ અને કોયમાં વિરાગ રહેતો નથિ; પરંતુ પરબ્રહ્મમય થૈને તલ્લીન વૃતિ રહે છે; બીજું ભાન થાતું નથિ તેથિ રાગ વિરાગ રૂપિ, ઉપાધિ, ને આનંદ રૂપિ નંદરાયજી છે; તે છોડાવિ નાખે છે;–૯૩–મુમુક્ષુ કહે શ્રીવ્રજમાં તો શ્રીયમુનાં મ્હારાણીજી છે; તેના સ્નાન પાનથિ યમદુત દુર રહે છે; તેમ સંતની તનરૂપિ શ્રીવ્રજભુમિમાં, શ્રીયમુનાં મ્હારાણી કયાં છે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–સંત શરિર વ્રજ ભુમિમાં, વાણી યમુનાં રૂપ;
ઉનકે શ્રવણ અરૂ પાનસેં, યમદુત હોતે ચુપ;–૯૪–

અર્થાત્ સંતના શ્રીઅંગરૂપિ શ્રીવ્રજ ભુમિમાં સંતનિ પવિત્ર વાણીને શ્રીયમુના મ્હારાણીના, પવિત્ર પાણીરૂપ જાણીને પ્રિતિ આણીને બેઉ પાણી જોડીને શ્રવણ રૂપિ સ્નાન, અને, પાલનરૂપિ પાન કરે તો યમનાદુત ડરે; દુર રહે છે;–૯૪–મુમુક્ષુ કહે શ્રીવ્રજ ભુમિમાં તો એક બંસિબટ છે, તેનિ તળે આવિને શ્રીકૃષ્ણચંદ્ર બીરાજતા; તેસો બંસીબટ સત્પુરૂષના શ્રી અંગરૂપ વ્રજમાં ક્યાં છે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–સંત અંગમેં બંસિબટ. સો હૈ દ્રઢ વિશ્વાસ;
ઉનકિ નજીક આયકે, બૈઠત હૈ શ્રી નિવાસ.–૯૫–

અર્થાત્ સત્પુરૂષોને શ્રીપતિમાં દ્રઢ વિશ્વાસ જે છે, તે શ્રી બંસિ-

બટ રૂપ છે; જેમ બંસિબટ પાસે પ્રભુ બીરાજતા, તેમ વિશ્વાસની પાસ શ્રી નિવાસ વસે છે; માટે વિશ્વપતિ પર જે વિશ્વાસ છે; તેને બંસિબટની ઉપમા ઘટિત છે–૯૫–મુમુક્ષુ કહે શ્રીકૃષ્ણચંદ્ર પર્માત્મા તો વ્રજમાં વાછડાં ચારતા;અને કોય વિઘ્નકાર રાક્ષસ આવે તેને મારતા, તેમ સંત ક્યાં વાછડાંને ચારે, ને કોને મારે, તે કહો; મુકુંદ કહે;

(દોહરો) બછરા રૂપ શુભ વૃત્તિકોં, ચારત હે નિત સંત;
વિઘ્નકાર વિચારકા, આનત હે યહ અંત;–૯૬–

અર્થાત સારા વિચાર રૂપિ વાછડાંનુ સંત રક્ષણ કરે છે; (ચારે છે) પાલન કરે છે; ને તેમાં વિઘ્નકારિ વિચાર (ખરાબ વિચાર) રૂપિ રાક્ષસ આવિને ભળે તો તે દુષ્ટ વિચાર રૂપિ દાનવનો નાશ કરે છે;–૯૬–મુમુક્ષુ કહે; શ્રી કૃષ્ણચંદ્રનાં વાછડાં તો બ્રહ્મા ચોરિ ગયા, તોપણ વાછડાં ત્યાંને ત્યાં તેવાંને તેવાં જ બ્રહ્માયેં જોયાં; તેમ સંતના પવિત્ર વિચાર રૂપિ વાછડાંને કોણ ચોરિ જાય તોય ત્યાંને ત્યાં તેવાંને તેવાં દેખાય તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–શુભ વ્રતિકું છિનલિયે, અજ જેસે કોય ચોર;
તોહુ નહિં છિન વાત હે, દીસત ઠોર કિ ઠોર–૯૭–

અર્થાત સત્પુર્ષોનીં પવિત્ર વ્રતિને ને સારા વિચારોને ચોરિ લેવાને માટે દેવતાઓ સિદ્ધિઓ દ્વારા; ઇંદ્રાદિક અપ્સરાઓ દ્વારા; કામાદિ ચોર સંતના પવિત્ર વિચારોરૂપિ વાછડાંઓને ચોરિ જાય તોપણ સંતના પવિત્ર વિચાર સંતમાં તેવાને તેવા જ દેખાય છે; સિદ્ધિઓમાં, કે અપ્સરાઓમાં લપટાતા નથિ; તો પછી લૌકિક મૃત્યુ લોકનીં મળ મુત્ર માંસાદિકવાળિ સ્રીઓમાં, અને સંસારની નાશવંત ક્ષુદ્ર સ્મૃદ્ધિમાં તો નજ મ્હોવાય, ને તેના પવિત્ર વિચારોરૂપિ વાછડાં

નજ ખોવાય, તેમાં તો કહેવુંજ શું;–૯૭–મુમુક્ષુ કહે શ્રી કૃષ્ણચંદ્રે તો બકાસુરની, ચાંચ, ચિરિ નાખીને કુવલિયા પિડના દાંત ઉખેડિ નાખ્યા, ને મારિ નાખ્યો, તેમ સંત ક્યા બકાસુરની ચાંચ ચિરિ નાખે, ને ક્યા કુવલિયા પિડના દાંત ઉખેડિ ને મારિ નાખે તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–બકાસુર બકવાદકી, ચાંચ ચિરત હૈ સંત;
ક્રોદ્ધ કુવલિયા પિડકા, ઉખાડિ ડારત દંત;–૯૮–

અર્થાત્ સંતપુર્ષો વૃથા બકવાદને બાદ કરિને શ્રી હરિને સ્મરે છે; એટલે બકવાદ રૂપિ બકાસુર મરિ ગયો; ખાસ શ્રુતિની આજ્ઞા છે કે ॥ अन्यवाणि विमुंचथः ॥ અર્થાત–બીજી વાણી બંધ કર;– એ આજ્ઞા મુજબ સંત શ્રી પતિની વાત વિનાં બીજો વૃથા બકવાદ કરતા નથી; અને ક્રોદ્ધરૂપિ કુવલિયાપિડના કુસંગ અને, કામના, રૂપિ બેઉ દારૂણ દુઃખ દેનારા દાંતને ઉખેડી નાખે; એટલે ક્રોદ્ધરૂપિ કુવલિયાપિડ પતિ જાય;–૯૮–મુમુક્ષુ કહે; શ્રી કૃષ્ણચંદ્રે તો ધેનુકાસુરને મારિને મોક્ષ માર્ગે મોકલિ દીધો; તેમ સંત ક્યા ધેનુકાસુરને મારિ મોક્ષ માર્ગે મોકલીધ્યે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–ધેનુક રૂપ આસુરિ ધન, ધારત નહિં હૈ સંત;
ઉનકોં ઉડાય દેત હૈ, મોક્ષ માર્ગ કે પંથ;–૯૯–

અર્થાત જેમ ધેનુકાસુર તાલ વનનાં ફળ કોયને ખાવા દેતો નહિં, તેમ ધનના લોભિ ધેનુકાસુર જેવા જાણો; તે ખાય નહિં ને ખર્ચે પણ નહિં; દાટિ મુકે; પરંતુ જેમ શ્રી કૃષ્ણચંદ્ર તે વનમાં પધાર્યા તો ધેનુકાસુરને મોક્ષ માર્ગે મોકલીને તાલ વનનાં તમામ ફળ ભગવાનના ભક્તોને ગોવાળિયાઓને ખાવાનિં ખુબ છુટ કરિ દીધી;

તેમ ધનના લોભી ધેનુકાસુર જેવાના કુળમાં પણ એકાદ સંત પુરૂષ અવતરે તો બાપ દાદા ડાબલા ડાંટતા આવ્યા હોય તે તમામ ધન ધર્મના કામમાં શ્રી પતિની સેવામાં ખરે રસ્તે ખર્ચિ નાખે; તેથિ તે ધન મેળવિને મુકિ ગયેલાંનું પણ શ્રેય થાય; અથવા કોઇનું આસુરિ ધન (પાપનો પૈસો સંત પાસે આવે તો તે પોતેં ન રાખે; બારો-બાર શ્રીપતિના શ્રૃંગારમાં સમર્પે; જેમ વારાંગનાના, વિત્તનો મુગટ બનાવિને શ્રીરંગજીને–સ્વીકાર કરાવ્યો; તેમ કરે;–૯૯–મુમુક્ષુ કહે શ્રી કૃષ્ણચંદ્રે તો કાળંદ્રિના ધ્રોમાં મ્હાવિષધર કાળિનાગ આવિને વસ્યો હતો, તેને નાથીને વશ કારિને તેમાંથિ કાઢિને કાળંદ્રિ નાધ્રેને વિષ રહિત કર્યો; તેમ સત્પુરૂષ ક્યા કાળંદ્રિનાધ્રેને નિર્ઝેર વિષ રહિત કરે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–મન કાલંદ્રિ કુંપમેં, કામ કાલિયા જાંન;
વાકાં વશકરિ લેત હૈ, સંત ધરિ હરિ ધ્યાન;–૧૦૦–

અર્થાત્ મન રૂપિ કાળંદ્રિમાં કામ વિષય રૂપિ વિષધર કાળિનાગ રહે છે, તેને સત્પુર્ષો શ્રીપતિના ધ્યાનના બળથિ કબજે કરિને કાઢિ મુકે છે; શ્રી તુલસીદાસજી કહે છે કે,

जहां काम तहां राम नहिं, राम तहां नहिं काम;
तुलसी दोनुं ना बने; रवि रजनि एक धाम;

એવિ રિતે જેમ કાળંદ્રિમાં શ્રીકૃષ્ણચંદ્ર પધાર્યા તો કાળિનાગને કાયર કરિને કાઢયો, તેમ મનમાં પણ જો એજ અવિનાશિ નારાયણનુ ધ્યાન થાય એટલે કામરૂપિ કાળિનાગને કાયર કરિને કાઢે;–૧૦૦– મુમુક્ષુ કહે, શ્રીકૃષ્ણચંદ્રેં તો દાવાનળને પણ શાંત કર્યો હતો, તેમ સંત ક્યા દાવાનળને શાંત કરે છે તે કહો; મુકુંદ કહે;

(દોહરો)—શોક દવાનલ જલત હૈ, જન મન બનકે માંય;
સંત શાંત યહ કરત હૈ, ગ્નાન ગાથ સમુઝાય;—૧૦૧—

અર્થાત્ જગજનના મન રૂપિ વનમાં અનેક પ્રકારની તૃષ્ણાને લીધે શોક (ચિંતા) રૂપિ દાવાનળ (અગ્ની) અનાદિથી લાગી રહેલ છે; તેને સંત પુરૂષો ગ્નાન આપી, તૃષ્ણાને કાપીને સંતોષરૂપિ શાંતિ આપે છે;—૧૦૧—મુમુક્ષુ કહે શ્રીકૃષ્ણચંદ્રે તો ગોવર્ધન ધારિને ગૌ ગોપિ ગોપની વિપતિ વિદારિ; તેમ સંત કયા ગોવર્ધનને ધારે, અને કયાં ગૌ ગોપિ ગોપનીં વિપત્તિ વિદારે, તે કહો; મુકુંદ કહે;

(દોહરો)—ધૈર્ય ગોવર્ધન ધારિકે, વિપત્તિ કરે વિદાય;
ગૌ ગોપિ અરૂ ગોપ યહ શુદ્ધ વૃત્તિ સમુઝાય;—૧૦૨—

અર્થાત્ શ્રીકૃષ્ણચંદ્રને ઇંદ્રે ન ઓળખવાથિ વ્રજનો વિનાશ કરવા દારૂણ દુઃખરૂપ વર્સાદ વર્સાવ્યો; તેમ સંત પુરૂષને સંસારિ લોકો ન ઓળખવાથિ અનેક પ્રકારનાં દુઃખો આપે; પરંતુ જેમ શ્રી કૃષ્ણચંદ્રે ગોવર્ધન ધારિને ગૌ ગોપિ ગોપનિ વિપતિ વિદારિ; નાશ ન થાવા દીધો; તેમ સંત પુરૂષ પણ દુઃખને વખતે દીલગીર નથિ થાતાને ધીરજ રૂપિ ગોવર્ધન ધારણ કરે છે ને નિતિ ધર્મના શુભ વિચાર રૂપિ ગૌ ગોપિ ગોપનો નાશ થવા દેતા નથિ; પવિત્ર વિચારોની રક્ષા કરે છે;—૧૦૨—મુમુક્ષુ કહે પછી તો ઇંદ્ર શ્રીકૃષ્ણચંદ્રને પરિબ્રહ્મ પર્માત્મા સમજીને શર્ણે થયો; અને કરેલા અપરાધની માફી માગી; તેમ સંતને શર્ણે સંસારિ કેમ થાય;ને ક્યારે કરેલ અપરાધની માફી માગે, તે કહો; મુકુંદ કહે;

(દોહરો)—ઢાલ ધિરજ તલવાર ક્ષમા, ધરિ હરિ નામ જપાય;
મુકુંદ કહે મ્હા શત્રુ પણ, તેથિ શર્ણે થાય;—૧૦૩—

અર્થાત જેમ શ્રીકૃષ્ણચંદ્રથિ, ઇંદ્ર, ડરિને શર્ણે આવ્યો ને અપરાધની ક્ષમા માગી, તેમ સંત પુરૂષ પણ, ધીરજની ઢાલ ને ક્ષમા રૂપી ખડગ ધારણ કરિને શ્રીપતિને સ્મરે તો સંતના શત્રુ પણ વેલા મોડા ડરિને માફી માગેને શર્ણે થાય; કેમકે ધીરજ સર્વથિ શ્રેષ્ટ હથિયાર રૂપ છે; એમ સમજીને સત્પુરૂષો દુઃખમાં ધીરજ, ધારે તો દુખ દેનાર હારે;-૧૦૩-મુમુક્ષુ કહે, શ્રીકૃષ્ણચંદ્રે તો કેશિનો કાળને અધાસુરનો અંત આણ્યો હતો, તેમ સંત કોનો અંત આણે, તે કહો; મુકુંદ કહે;

(દોહરો) કેશિ રૂપ પર દ્રેશકું, સંત કરત હૈ બંધ;
અધાસુર અભિમાનકા, આનત હૈ યહ અંત;-૧૦૪-

અર્થાત્ કેશિને જેમ શ્રીકૃષ્ણચંદ્રે માર્યો ને અધાસુરને સંહાર્યો, તેમ સંત પુરૂષો કેશિરૂપિ દ્રેશને, ને અધાસુર રૂપિ અભિમાનને મારિ નાખે છે,-૧૦૪-મુમુક્ષુ કહે; શ્રીકૃષ્ણચંદ્રે તો કુબજાને કરૂપડીમાંથી સરૂપવંતી બનાવી, અને ધોબિને મારિને પટકુળ (વસ્ત્ર) લૈ લિધાં; તેમ સંત કઇ કુબજાને કરૂપિમાંથિ સરૂપિ બનાવે ને ક્યા ધોબિને મારિને કેવાં વસ્ત્ર લૈ લ્યે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)-કુબજા કુમતિ મિટાયકે, કિયા સુમતિ શુભ રૂપ;
ધોખા ધોબિ મારિકે,'લિયા પ્રેમ પટરૂપ-૧૦૫-

અર્થાત્ શ્રીકૃષ્ણચંદ્રે કદરૂપિ કુબજાને સરૂપવંતિ બનાવિ; તેમ કુબુદ્ધિરૂપિ કુબજાને સુબુદ્ધિરૂપિ સારૂં રૂપ આપે છે; અર્થાત્ કુબુદ્ધિમાંથિ સુબુદ્ધિ કરિ દયે છે; અને શ્રીકૃષ્ણચંદ્રે જેમ ધોબિને મારિને પટકુળ લીધાં, તેમ સતપુરૂષ ધોખા રૂપિ ધોબિને મારિને પ્રેમરૂપિ પટકુળ લ્યે છે; અર્થાત કોઇનો ધોખો કરતા નથિ, કહે મને અમુક

માન કેમ ન આપે; મને કેમ બોલાવે નહિ; મને આમ કેમ કહે; ઈત્યાદિ કોઇનું ઓછું લગાડતા નથિ; ને સર્વમાં સમાન પ્રેમ રાખે છે;–૧૦૫–મુમુક્ષુ કહે શ્રીકૃષ્ણચંદ્રને તો દરજી મળ્યો તેણે સોય દોરાથિ બધાં વસ્ત્રો શીવીને બંધ્ધ બેસતાં કરિ દીધાં; તેમ સંતને કયો દરજી મળે; ને કેવિ રિતે પ્રેમના પટકુળ શિવિને સરખા કરિ આપે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–ગુરૂ દયા દરજી સમજ, સતસંગત સોય રૂપ;
રામ રટણુકિ દોરિસેં સિવે પટ અનુરૂપ.–૧૦૬–

અર્થાત્ જેમ શ્રીકૃષ્ણચંદ્રને દરજી મળ્યો; તેમ સંતને સદ્‌ગુરૂની દયા રૂપિ દરજી મળે છે; ને સતસંગ રૂપિ સોય (તજવિજ)થાય છે; તેથિ કુતર્કાદીક કડચલિઓ મટાડીને શ્રીરામ રટણની લેહ લગાડીને, પ્રેમરૂપિ પટકુળ પ્રભુના ચર્ણાર્વિંદમાં બરાબર બેસતાં કરિ આપે છે; જેમ એક રસ દોરાથી વસ્ત્ર શીવેઃ વસ્ત્રમાં ટુટેલ ન હોય, તેમ શ્રી રામનામ સ્મરણ એકતાર થૈને કરે, વચમાં તાર ટુટે નહિ તેમ સ્મરણની દોરીથી પ્રેમના પટકુળ સાંધે;–૧૦૬–મુમુક્ષુ કહે; શ્રીકૃષ્ણચંદ્રને માળિયેં પુષ્પના હાર પહેરાવ્યા ને નાપીકેં (વાણંદે) દર્પણ દેખાડયું; તેમ સંતને કયો માળિ કયાં પુષ્પના હાર પહેરાવે, અને કયો નાપીક (વાણંદ) કયું દરપણ દેખાડે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–શ્રવણ શબ્દ કુસુમ ગુંથિ, મનન માલિ પહેરાય;
અનુભવ, દર્પણ, નાપીક, નિદિધ્યાસ સમુઝાય.–૧૦૭–

અર્થાત્ સત્સમાગમમાંથિ સાંભળેલ શબ્દરૂપિ પુષ્પ; ત્યાજ્ય ગ્રાહ્યનો વિચાર કરિને તથા સારિ રિતે વારંવાર તેનું મનન કરિને યાદ રાખવાં; એટલે કે શ્રવણ થયેલ શબ્દરૂપિ પુષ્પનો, હાર, બનાવિને

મનનરૂપિ માળિ કંઠે ધારણ કરાવે; અર્થાત સાંભળેલું ભુલી ન જાય, કંઠે કરિ રાખે; તે વારંવાર મનન કરવાથિ કંઠે થાય; અને માત્ર સાંભળેલું કંઠે કરિને અટકે નહિ પરંતુ નિત્ય તેનો નિદિધ્યાસ કરે (કર્તવ્યમાં મુકે) અર્થાત સાંભળેલાંનો અમલ કરે; તેનુ નામ નિદિધ્યાસ રૂપિ નાપીક અનુભવની આરસી દેખાડે; નામ અનુભવ થાય કે અમુક નિત્ય શુભ કાર્ય કરવાથી અમુક લાભ દીલમાં થયા એમ અનુભવવા માંડે ને અજ્ઞાન છાંડે;-૧૦૭-મુમુક્ષુ કહે; શ્રીકૃષ્ણચંદ્રે તો ચાંણુર અને મુષ્ટિક નામના મલ્લોને માર્યા અને મામા કંસનો પણ અંત આણ્યો; તેમ સંત કયા મલ્લોને મારે; ને કયા કંસનો વંસ કહાડે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)-ચાણુર મુષ્ટિક મોહ મદદ, ઉનકુ મારત સંત;
મેં મેં મામા કંસકા, આનત હૈ યહ અંત;-૧૦૮-

અર્થાત જેમ શ્રીકૃષ્ણચંદ્રે ચાણુર મુષ્ટિક મલ્લને માર્યા, તેમ સંત પુરૂષ પણ માયિક વસ્તુમાં મોહ રૂપિ ચાંણુરને, અને પોતાને પ્રાપ્ત થયેલાં ઐશ્વર્યના મદ રૂપિ મુષ્ટિક મલ (પાપ) ને મારે છે, એટલે મોહ અને મદ ઉપર વિજ્ઞાનથિ વિજય કરે છે; અને મ્હારાપણું એવો જે મમકાર રૂપિ મહા મોહ, એજ મામો કંસ છે તેનો પણ અંત આણે છે; અર્થાત સત્પુરૂષ જે છે તે મોહમદ અને મમકાર ઉપર વિજ્ઞાનથિ વિજય કરે છે.-૧૦૮-મુમુક્ષુ કહે; શ્રી કૃષ્ણચંદ્રે તો કંસનો વિધ્વંસ કરિને શ્રી ઉગ્રસેનજીને રાજ્યગાદી આપી, અને શ્રી મથુરાપુરીમાં ઉગ્રસેનજી મંગલ કાર્ય કરવા લાગ્યા. તેમ સંત પુરૂષ મનરૂપિ મથુરાંની રાજ્યગાદીપર કોને સ્થાપે, તે કહો; મુકુંદ કહે;

(દોહરો)-ઉગ્રસેન અવિનાશિકા, અખંડ સ્થાપે રાજ;
મુકુંદ મન મથુરાં વિશેં કરત સુમંગલ કાજ;-૧૦૯-

અર્થાત્ સત્પુર્ષો મનરૂપિ મથુરાંમાંથિ કંસાદિ દુર્ગુણ દાનવના દળનો નાશ કરિને, ઉગ્રસેન રૂપિ અવિનાશિ જે આત્મા છે; તેનું રાજ્ય સ્થાપે, તેને શ્રીપતિ સત્તા આપે ને પાપો કાપે; તે પ્રતાપે મન મથુરાંમાં મુકુંદ આનંદકંદની સ્હાયથિ સારા સંકલ્પો રૂપિ માંગલીક કાર્ય કરે છે; -૧૦૯- મુમુક્ષુ કહે શ્રીકૃષ્ણચંદ્ર તો ત્યાર પછી શ્રી વ્રજ મથુરાંમાંથિ શ્રી દ્વારકાંપુરિમાં પધાર્યા હતા, તેમ સંત કઈ દ્વારકાપુરિમાં પધારે છે, તે કહો; મુકુંદ કહે;

(દોહરો)-દિવ્ય દેહ દ્વારામતિ, ઉનમેં જાવે સંત;

બ્રીજ મથુરા પુરિકી કથા,કા આયા અબ અંતઃ-૧૧સ-

અર્થાત્ જેમ શ્રીકૃષ્ણચંદ્ર શ્રી દ્વારામતિમાં પધાર્યા તેમ સંતપુર્ષો દિવ્ય દેહરૂપિ દ્વારામતિમાં પધારે છે; એટલે હવે અહીં શ્રીવ્રજ મથુરાપુરિની કથાની સમાપ્તી થાય છે;-૧૧૦-મુમુક્ષુ કહે શ્રીકૃષ્ણચંદ્રે તો શ્રીવ્રજ મથુરામાં ઘણી લીલાઓ કરિ છે, ને તેમાં હજી ઘણું કહેવાનું બાકી રહ્યું છે, ત્યાંજ સમાપ્ત કેમ કરોછો મુકુંદ કહે;

(દોહરો)-સંત ઔર ભગવંતકી, લીલાકા નહિં પાર;

અપના હિતકે કારણે, બહુત ઇતના વિસ્તાર;-૧૧૧-

અર્થાત શ્રી ભગવાનનીને ભક્તજનોની લીલા વિસ્તારથિ કહેવા બેસિયે તો પાર આવે નહિ એટલિ અપાર છે; આખું શ્રીમદ્‌ભાગ્વત્ રામાયણ વિગેરે દરેક, ઇશ્વરકૃતિના ઇતિહાસો અધ્યાત્મમાં ઘટાવિ શકાય એવિ રચનાથિજ રચાએલા છે; પરંતુ અહિં આપણે માટે; આટલો વિસ્તાર વર્ણન પ્રમાણે વર્તનમાં લેવાય તો ઘણો છે;-૧૧૨-મુમુક્ષુ કહે આ કથા સાંભળિને મ્હારે કેવું ચિતને બનાવવું; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)—યહ ગાથા સુનિ ચિત કરો, ચાહે ચમાર રૂપ;
ચાહે મન મથુરાં કરો, ભજી બ્રીજકો ભુપ;—૧૧૨—

અર્થાત્ આ કથા સાંભળિને ચાહે તો ચિત્તને ચાંબડાંમાં ફેરવિને ચમારરૂપ કરો, ને ચાહે તો શ્રીવ્રજવિહારિ ગોવર્ધનધારિ ભવભય હારિ સદા સુખકારિ શ્રીકૃષ્ણચંદ્રને ચિતમાં રાખિને શ્રીમથુરાંપુરિ જેવું પવિત્ર મન બનાવો;—૧૧૨—મુમુક્ષુ કહે અપવિત્રને ઓળખિને તેનાથી પ્રથમ દુર થાયે પછિ પવિત્ર થવાય એટલા માટે મલીન મનને મસાણ તુલ્ય આપે આગળ કહ્યું તે સાંગોપાંગ સમજાવો એટલે ઓળખી શકાય; મુકુંદ કહે શ્રીપતિની શેવાનો સમય જાય છે, લંબાણ થયું જણાય છે; તેથિ આ પ્રકરણ પુરૂં થાય છે હાલ હું શ્રીપતિની શેવામાં જઇશ ને કાલે બીજું પ્રકરણ કહીશ એમ મુકુંદે કહ્યું એટલે અહિં; સાતમું પ્રકરણ પુરૂં થયું;

પ્રકરણ આઠમું.

મલીન મન મસાણ.

મુમુક્ષુ કહે આપે મલીન મનને સ્મશાનની ઉપમા આપી તે બરાબર છે લોકોમાં તેવાઓને માટે લોકવાયકા પણ એમ વપરાય છે કે માળો એતો મસાણિયો છે; પરંતુ કેવાં ચિન્હથિ મસાણ જેવાં મન વરતાય, તે કહો મુકુંદ કહે.

(દોહરો)-મલીન મન તે મેઘજી, સમજ સ્મશાન સમાન;
પવિત્ર મન તે સમજવું, સમર્થ તિર્થ શ્રીમાન.-૧૧૩-

અર્થાત્ જે મલીન મન છે તે સ્મશાન જેવું અપવિત્ર ગણાય; અને જે પવિત્ર મન છે તે શ્રેષ્ટ તિર્થ સ્થળ જેવું શ્રીતરફથિ માન પામેલું ગણાય;-૧૧૨ મુમુક્ષુ કહે; સ્મશાનમાં તો ભુતાવળ ભરિ હોય, તેમ મલીન મનમાં ભુતાવળ ક્યાં છે તે કહો; મુકુંદ કહે;

(દોહરો)-ભરિ ભુતાવળ મેઘજી, મન મસાણુ મોઝાર;
કામ ક્રોધ મદ લોભ એ, ભુતાવળ ભયકાર;-૧૧૪-

અર્થાત્ જેમ ભુતાવળ ભય બતાવે છે તેમ કામી ક્રોધી લોભી અને મદાન્ધ કઇકને ભય બતાવે છે;-૧૧૪-અને જેમ ભુત જેને તેને વળગે છે ને કઇક લોકોને ભરખિ જાય છે તેમ કામી પુર્ષો કૈક સ્રી ઓને, અને કામી સ્રીઓ કૈક પુર્ષોને વળગે છે અને તેનાં તમ્મામ પુન્યને, પવિત્રતાને દ્રવ્યને ને કૌવતને તથા કિર્તિને ભરખિ જાય છે અર્થાત્ નાશ કરે છે; તેથિ સાક્ષર સજ્જનો કહે છે કે,

॥ दर्शनात् हरते चितं । स्पर्शनात् हरते धनं ॥
॥ संभोगात् हरते वीर्य । नारी प्रत्यक्ष राक्षसी ॥

એનોજ અર્થ દોહરામાં દર્શાવ્યો છે કે,

(દોહરો)-ચિત્ત વિત્તને વિર્ય એ, ત્રણે નારિ લૈ જાય;
તેથિ દુર રહે મેઘજી, તે સમજુ કહેવાય;—૧૧૫-

પરંતુ મનમાં કામ રૂપિ ભુત ભરાય તો ભરખિ જાય; અર્થાત્ ચુસિ જાય, નાશ કરિ નાખે;-૧૧૫-અને જેમ ભુત મોટા આબરૂદાર શેઠ શ્રીમંત કે રાજાના ઘટમાં ઘુસે તો એવા આબરૂદાર ગ્રહસ્થો પણ મર્યાદા મુકિને માથાંપિટે, ને ક્ષુદ્ર બળિદાનને વાસ્તે બહુજ લાલચ

જણાવે, ને નિચ લોકો જે ભુવા ભરાડી, તેની પાસે વારંવાર ક્ષુદ્ર બળિદાન માગે છે; તેવિ રિતે લોભ પણ લાખો પતિને લબાડિ વેડા કરાવે છે ને ધંધાની ધમાલમાં પાયમાલ પમાડે છે, ને કૈકની પાસે કાલાવાલા કરાવે છે; અને જેમ ભુત ખાંવખાંવ કરે; તેમ ક્રોધ પણ હાવ હાવ કર્યા કરે છે; અને જેને ભુત ભરાણું હોય તે જેમ કૈકનો તિરસ્કાર (અપમાન) કરે છે; તેમ મદાન્ધ એટલે મદમાં આંધળા થયેલા પણ કૈકના તિરસ્કાર કરે છે; ને અંતે નર્કના અધિકારિ ઠરે છે; એજ આ દોહરામાં ઉચરે છે કે;

(દોહરો)–તનમદ ધનમદ રાજ્યમદ, જન જાતિ મદ પાંચ;
એવા મદાન્ધ મેઘજી, સહે નર્કનિ આંચ;–૧૧૬–

અર્થાત્ તનનો મદ, ધનનો મદ, સત્તાનો મદ, જનસમુહનો મદ, અને ઉચ્ચ જાતિનો મદ; જેને હોય, તે કૈકનિ ખત્તાઓ લીએ ને પછી નર્કમાં ગર્ક થાય; જેને ભુત વળગે તે અવિવેકથિ ગમેતેમ બકે છે, તેમ મદાન્ધ પણ ફાવે તેમ ફેંકે ને ગમેતેમ બકે છે; માટે કામ, ક્રોધ, મદ, અને લોભ, એ ચાર તો ભુતાવળના મુખ્ય પટેલ છે; બાકી, દંભ, દ્વેષ, જુઠ, કપટ, વિગેરે ભુતાવળ તો તે ચારેય પટેલના તાબામાં ઘણી છે;–૧૧૬–મુમુક્ષુ કહે; ઠીક, જેના મનમાં કામ ક્રોધ મદ લોભાદિ ભુતાવળ ભરિ હોય તે મન સ્મશાન જેવાં ગણાય,પરંતુ સ્મશાનમાં તો, ચિત્તા મળગે ને મુડદાં બળે, તેમ ચિત્તા અને મુડદાં મલીન મન મસાણમાં ક્યાં છે તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–ચિંતા રૂપ ચિત્તા બળે, મન મસાણ મોઝાર;
અજ્ઞ જીવ શબ રૂપને, બાળે સહુ સંસાર,–૧૧૭–

અર્થાત્ જેમ સ્મશાનમાં ચિત્તા બળે, તેમ મલીન મનરૂપિ સ્મ-

શાનમાં પણુ અનેક પ્રકારની ચિંતાની બળતરા હોય છે; એટલે ચિંતા ચિત્તા સમાન છે તેથિ કોય સમજુ માણુસે કુંડળિયામાં કહ્યું છે કે;

ચિંતા જ્વાલ શરિરમેં, દવ લગી સો ન બુઝાય;
બાહીર ધુંવા ન દેખિયે, ભીતરહી ધુંધવાય.
ભીતરહી ધુંધવાય જલે જ્યું કાચકી ભઠ્ઠી;
લોહિ માંસ જલિ જાય, રહે પીંજરકી ઠઠ્ઠી.
કહે સુકવિઆ કાન, સૂન હો મેરે મિતા;
સો નર ક્યું જીવંતુ જાહિકે ઉરમેં ચિંતા;

(દોહરો)–ચિંતાસેં ચતુરાય ઘટે, ઘટે રૂપ ગુણુ ગ્યાન:
ચિંતા બડી અભાગણી, ચિંતા ચિતા સમાન.–૧૧૮–

એટલે જે પરમાત્મા પ્રાપ્તીની ચિંતા સિવાયની નાશવંત વસ્તુની જે ચિંતા છે તે અશુદ્ધ ચિતા તુલ્ય છે; તે મલીન મનમાં સદા સળગ્યા કરે છે; અને અજ્ઞાની દેહાધ્યાસી જીવ મુડદાં જેવો છે, તેને સર્વ સંસાર, વિષયરૂપિ વળીની સાથે, બાંધીને બાળે છે, જેમ મુડદું બળિને રાખ થૈ જાય તેમ જીવ ઇશ્વરનો અંશ હોવાથી નાશ નથિ થાતો પરંતુ બળવાનું કષ્ટ સહન કરવું પડે છે;–૧૧૮–મુમુક્ષુ કહે સ્મશાનમાં તો દાગુ લોકો ચેહની ચારે બાજુથી મુડદાને વળિના ઘોંકા મારિ મારિને બરાબર સળગાવિનેજ ત્યાંથી ખસે છે, તેમ મલીન મન રૂપિ સ્મશાનમાં અજ્ઞાની જીવરૂપી મુડદાને કયા દાગુ કઇ વળિના ઘોંકા મારિને સળગાવે, તે કહો, મુકુંદ કહે;

(દોહરો)—વચન વળિથી ઘોચિને, સગાં દાગુ દે દાહ;
ચિંતા રૂપ ચિત્તા વિશે, સળગાવે ચોપાહ.–૧૧૯–

અર્થાત્ મુડદાને જેમ ચારે બાજુથી વળિના ઘોંકા મારિને સળગાવે, તેમ અજ્ઞાનિ જીવ મુડદાં સમાન; કે જેને પોતાના ખરા

હીતની ખબર નથી કે ખરે વખતે ખરો રક્ષક સદાનો સંગી શ્રીપતિ છે, તેને યાદ કરૂં ને બીજું વિસરૂ; તેવા અજ્ઞાનીને તેના નાશવંત શરિરનાં, લાગતાં વળગતાં સ્વારથિ સગાં સંબંધી તેના જેવાં અજ્ઞાની દુનિયાંદારિ, મરવા પડેલા માંદાંના ખાટલા પાસે ચારે બાજુ વિંટાયને વચન રૂપિ વળિયોના ઘોંકા મરવા પડેલા માંદા પ્રાણીને મારે છે; અર્થાત શ્રીપતિ સિવાય બીજી વાતો સંભળાવિને ચિંતાની જવાળા વધારિને તેને બહુ બાળે છે; અને તે મુર્ખે જીંદગીભર જંજાળનાં જોતરાં ખેંચ્યાં હોય; સત્સંગથી સદ્‌ગુરૂશ્રીને ચર્ણે જઇને જ્ઞાન મેળવ્યું હોય નહિં તેથી નકામી ચિંતા કરે છે, જેમ દાણુ લોકો ચારે કોરથી ઘોંકા મારે, તેમ મરનારની પાસે બેઠેલાં અજ્ઞાની મલીન મન વાળા દાણુ જેવા લોકો પણ એક તરફથી કહે છે કે કયાંય કાંય મેલ મુંક છે; કોયની પાસે કાંઈ પૈસા માગવાંગ છે; તો કહો; પહેલો મરનાર પ્રાણી મહા કષ્ટમાં હોય; ગળામાં જાળું ઘરરર ઘરરર થાતુ હોય બોલવાની પણ શુદ્ધ કે શક્તિ હોય નહિ; ત્યાં વળિ બીજી બાજુથી હાથ પકડીને કહે તમે મને ઓળખો છો હું તમારો સાળો થાઉ છું; આ તમે તો તૈયારિ કરોછો પણ મ્હારિ બ્હેન બિચારિ નાની બાળ છે તેનું કાંય વિચાર્યું, અરે હાયહાયરે એનું હવે કોણ ધણી;ત્યાં ત્રીજી બાજુથિ કહે આમ શું પડયા છો જરા હુશિયારિ રાખો, જો આ તમારાં નાનાં બચાં બિચારાં રડે છે; તેને હિમ્મત આપો; આમ કાયાનાં ને માયાનાં સ્વારથી સગાંસબંધી વચન રૂપિ વળિથિ બરાબર બાળે છે; ને કષ્ટમાં ઔર કષ્ટ વધારે છે; તેથિ મરનારને વારંવાર મુર્છા આવિ જાય છે; ત્યાં વળિ ચોથિ બાજુથી ચીસ પાડે છે કે અરે હાય હાયરે બાપલિયા ઓટલો વળી ગયો; એમ ચોતરફથી દુનિ-

ચાંદાદિ દાગુની પેઠે વચનરૂપી વળીયોના ધોંકા મારિને બાળે છે; એ મરવા પડેલા ને રોમ રોમમાં દાહ ઉઠયો હોય, એકસોઆઠ ડીગરિ કાળ જ્વર રૂંડયો હોય; તેત્રીશ કોઠે અગ્નિ લાગી ચુકી હોય, જીભ ટુંકી પડથી જાતી હોય; નસોનસ તડોતડ તુટતિ હોય; કાળભૈરવને જોય ને થરથર કંમ્પતો હોય; તેમાં શાન્તીદાયક શ્રીપતિનું સ્મરણ કરાવનાર કોક અને ચિંતારૂપિ ચિત્તામાં સળગાવનાર સર્વ સંસારછે; અને મરનારે પણ જીવતા સુધી મોહમમતાથી મ્હારૂં મ્હારૂં કરિ મુકી જવાનું મેળવવામાંજ વય વિતાડિ હોય; કોઇ દીવસ સત્પુર્ષોનિ કે શ્રીપતિની સેવા સ્મરણ કે સત્સંગ કરવા નવરોજ ન થયો હોય; પછી અંતકાળે શ્રીપતિ ક્યાથિ યાદ આવે; પરંતુ કદાચ પુર્વનો અભ્યાસ હોય, ને યાદ આવ્યા હોય તોપણ તેને ભુલાવિને નર્કને રસ્તે વોરાવે, તે પછી પાસેથી ખસે, માટે તેવાં સ્ત્રથીં કાયામાયાનાં સગાંસબ્બંધી વાન કરાવનારાંજ કહેવાય; તેથિ તેવાંઓ દાગુ તુલ્ય કહેવાય; અને તે મુવા પછી પણ મોકાણ્ય ન મુકે, ખુબ ભેળાં થઇને ખરખરો કરે, –મુમુક્ષુ કહે ખરખરાનો અર્થ શું છે તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–મરે મલીન નર, તે પછી, કરે ખરેખરો ગામ;
સાચો ગદ્ધો સમજવો, ભાવે ભજ્યા ન રામ;–૧૨૦–

અર્થાત્ ખર એટલે ગધેડો, અને ખરો એટલે સાચો, તેથી ભ-ગ્વત્ ભજન કર્યા વગર આખી જીંદગી જગ જંજાળનાં જોતરાં ખેંચી ખેંચિને ગુમાવિને આ,ખરેં, અમુલ્ય આત્માને ડુબાવ્યો; માટે તે ખર–ખરો; અર્થાત ગધેડો ખરો એમ બધાં મળિને નકકી કરે; કહે આપણે સહુએ એને ભુલાવ્યો અને તે ખર, (મુર્ખ) ગધેડો ભગ-વાનનું ભજન કરવું ભુલ્યો માટે તે ખર ખરો;–૧૨૦–મુમુક્ષુ કહે;

ત્યારે મોટા જ્ઞાની ભક્ત લોકોનો પણ મુવા પછી માણસ ખર ખરો તો કરે છે તેનો શું અર્થ સમજવો; મુકુંદ કહે તેવા સત્પુર્ષો ભગવદ્ ભજીને શ્રીહરિના ધામમાં જાય તેનો ખર ખરો કોય કરે જ નહિં; મુમુક્ષુ કહે; અરે, એ શું કહો છો; એવા સત્પુર્ષોની કીર્તિ તો ઠામે ઠામ ને ગામે ગામ ગાજી રહિ હોય, તેથિ ઘણા લોકો આવે છે, ને બહુ યાદ કરે છે; મુકુંદ કહે; તેનું નામ ખર ખરો નહિં પરંતુ તારિફ કહેવાય; મુમુક્ષુ કહે ત્યારે ખર ખરો અને તારિફ બેઉનું સ્વરૂપ સમજાવો, એટલે જાણી શકાય, મુકુંદ કહે, સાંભળો પ્રથમ ખોટ ખાનારનો ખર ખરો કહી બતાવું અને પછી તત્વજ્ઞાનીની તારિફ કહિશ; આ, ખર ખરાનો નમુનો; અરેરે બીચારો આશા તૃષ્ણા ભર્યો ઉપડી ગયો; બાપડાની મનની મનમાં રહિ ગઇ; અહાહા શું એના મનમાં છોકરાઓ પરણાવવાની ઉમેદ, શું, એને વંડીનો વારશો મેળવવાની વલખના, શું, તેને કાકીનો કેસ ઝીતવાની કલપના, મ્હારે ઘેર બેસવા આવે ત્યારે કહેતા કે ભાભી, આપણે દોઢસો રૂપિયાનું દારૂખાનું આપણા બાબુડાના વિવાહમાં વાપરવું છે; અને ભલે દુષ્મનોની છાતિ દાઝે પણ વિલાયતિ બેંડ વાજા સાથે નવરંગી નાયકાઓ અને પુનાની પલટન મંગાવવી છે; કોર્ટમાં કેસ છે તે લાભમાં થૈ જાય તો મને મજા પડે; આવી દુનિયાદારિની વાતો કરતા કરતા મરિ જાય તેની પાછળ ઉપર મુજબ ખર ખરો થાય, અને શ્રીપતિને સ્મરિને ભવજળ તરિને શ્રીહરિને ધામે ધુમધામે જે મહાત્મા ભક્ત તત્વજ્ઞાની જાય તેની તારિફ ; આ પ્રમાણે થાય કે અરે ભાય એતો કોય અવતારિ પુરૂષજ હતો; આઠે પ્હોર મુખમાં શ્રીરામ નામ સિવાય બિજી વાતજ નહિ; આપણે ગમે તેમ ગપોડા માર્યા કરિયે પણ તેતો તેના તરફ ધ્યાનજ ન આપે, બસ એક પ્રભુનુંજ ધ્યાન ને શ્રીપતિના

ગુણગાનમાંજ ગુલતાન; કોયની ચાડી ચુગલી કે મ્હારૂં ત્હારૂં તો તેને નહિજ; તેતો કળીયુગમાં બીજો પ્રહલ્લાદજ હતો; પ્રભુનો જીવ હતો તે પ્રભુયે પાસે બોલાવિ લીધો; એતો આ ટાણે ઇશ્વરના દરબારમાં આનંદમાં હશે; આપણા કર્મ ફુટયાં; એવા સત્પુરૂષ કાંય ઠામ ઠામ મળે છે; મુવા પછી આમ વાતો થાય તેનું નામ તારિફ કહેવાય; મુમુક્ષુ કહે વાહ મન ભગવદ્ ભજનમાં તલ્લીન રાખિયે તો તારિફ થાય ને શ્રી વૈકુંઠે જવાય, પરંતુ જગના વિષમય વિષયમાં મન જોડા ખાય તેવું હોય તો; મુકુંદ કહે તો જમપુરમાં જાય જુતા ખાય ખર ખરો થાય ને તે મસાણ તુલ્ય મન કહેવાય; મુમુક્ષુ કહે મસાણમાં તો ચિતા ખડકવાને કાષ્ટ જોયે તે મન મસાણમાં કોને સમજવાં તે કહો; મુકુંદ કહે;

(દોહરો)-વિષય આશ રૂપ કાષ્ટની, ચિતા મન મોઝાર;
તેનિ જ્વાથિ બળે. ચિંતાતુર સંસાર,-૧૨૧-

અર્થાત જેમ ચિંતામાં ઝાઝા લાકડાં ખડકયાં હોય, તેમ મોટિ જ્વાળા થાય, ને મુડદું વ્હેલું બળિ જાય, તેમ મલીન મનરૂપિ મસાણમાં પણ જેટલા વિષય મેળવવાની આશા રૂપિ લાકડાં વધારે હોય તેટલી જ્વાળારૂપિ ચિંતા વધારે પ્રકટે, ને જગતના વિષયોની વાસના રૂપિ જ્વાળાથી બળિ બળિને આત્મા અનાત્મા સરખો તત્વ જ્ઞાનહીન દેહાધ્યાસિ થૈ જાય; તે મુડદાલ મુડદાં જેવા થૈને આશાની જ્વાળામાં સદાય સળગ્યા કરે; જેમ અગ્નીમાં વધારે લાકડાં પડે તેમ વધારે વિષયો પ્રાપ્ત થાય તેમ તેમ બીજા નવા વિશેષ મેળવવાની મરજી થાય; તે મળે તો ઓર વધારે વિષયની જ્વાળા રૂપિ ચિંતા પ્રગટે; ને મુડદાં તુલ્ય અજ્ઞાની જીવ, તેમાં બળ્યા કરે; તેમ આ સર્વ

સંસાર વિષયના લાકડાંવાળી ચિત્તારૂપ ચિંતામાં સદાય સળગ્યા કરે છે;–૧૨૧–મુમુક્ષુ કહે; જ્યાં મુડદું બળતું હોય ત્યાંથિ તો દુર્ગંધિવાળો ધુમાડો ચોપાસ આસપાસ બાસ મારતો, ઉડતો હોય; ને તેની દુર્ગંધથિ નાક આડો ડુચો દેવો પડે; તેમ મલીન મન મસાણનો ક્યો ધુમાડો છે, તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–ચિંતારૂપ ચિત્તા તણો, મન મસાણમાં વાસ;
અપકિર્તિ રૂપ ધુમ્રનિ, બાસ ઉડે ચૌપાસ;–૧૨૨

અર્થાત મલીન સ્મશાન જેવા મનમાં અનેક, વિષયો મેળવવાની વાસના હોય, તેથી તે હરદમ હાયઓય અને ઉંધાચત્તા ધંધાની ધમાલમાં ધુડધ્ય ધાલ્યા કરે; અને વિષય ગ્રહણ કરવા માટે કૈકનાં દીલ દુભાવતો હોય, પૈસા માટે કૈક પાપો કરતો ફરતો હોય; તેથિ તેની કુવાસનાની અપકિર્તિ જ્યાં ત્યાં ફેલાય રહિ હોય;–૧૨૨–મુમુક્ષુ કહે; મુડદાંની કુવાસથી તો નાક આડો ડુચો દેવો પડે; તેમ અપકિર્તિ રૂપિ ધુમાડાથિ તો ડુચો નથી દેવો પડતો; મુકુંદ કહે; મુડદાના ધુમાડાથી તો માત્ર નાક આડોજ ડુચો દેવો પડે છે; ને જેનુ મન મસાણ છેવું અને આત્મા અનાત્મા સરખો અજ્ઞાની શબ તુલ્ય અશુદ્ધ વિષય આશાની અગ્નીમાં બળતો હોય તેનું તો સવારમાં કોય સમજુ મોઢું પણ ન જુવે; ને સવારમાં કોય ભુલથી તેવાનું નામ લ્યે તો પણ લોકો કહે છે કે તે મસાણિયાનું નામ મુકો; નહિં તો હાયઓય કર્તાં દીવસ વિતશે, ને સુખે અનાજ પણ નહિ ખવાય, પ્રભાતના પહોરમાં ઉઠીને, તે મસાણિયાને ક્યાં યાદ કર્યો; પ્રભુને યાદ કરો; મુમુક્ષુ કહે; જી, હા, લોકો એમ પણ કહે છે કે આજે ઉઠીને પ્રભુ જાણે કોનું ડાચું દીઠું છે, કે દીલ બળ્યાજ કરે છે; મુકુંદ કહે

તે માટેજ ઉઠતાવેત પરમાત્માને યાદ કરવા તથા શ્રીપતિના સ્વરૂપનું ધ્યાન કરવું શ્રીરામકૃષ્ણ ગોવિંદનારાયણ ઇત્યાદિ મ્હા મંગળ નામની ધુન બોલવી, શ્રીરામનામ સ્મરણ કરવું; તથા પ્રભાતમાં પ્રભુની પ્રભાતિયો બોલવી; કેમકે તે મંગલ દાયક છે, માટે મંગળામાં મંગળદાયક શ્રીપતિનું જ ગાન ધ્યાન સ્મરણ સેવન જે બને તે કરવું એવી આપણા રૂષિ મુનિ તથા આચાર્ય આલવારો અને શ્રીપતિની આજ્ઞા છે; કેમકે, તે ઇશ્વર આનંદઘન, અખંડાનંદ શ્રી (કલ્યાણ) પતિ અર્થાત શ્રી (લક્ષ્મી) પતીજ કહેવાય છે; માટે તેને યાદ કરવાથી આપણો દિવસ આનંદમાં વિતે; ને ઓલ્યા ઉપર કહ્યા તેવા તો મસાણિયા જ કહેવાય; એટલે સ્મશાનના ધુમાડાથી તો માત્ર નાક આડોજ ડુચો દેવો પડે, ને મસાણ જેવા મલીન મનવાળાંથી તો મોઢુંજ ફેરવિ જાવું જોયે. કાન આડી આંગળિયો દૈ દેવિ જોયે અને ત્યાંથી જલ્દી ખસિ જાવું જોયે, મુડદાનો ધુમાડો તો માત્ર સ્મશાનની આસપાસજ બાસ મારે, ને મલીન મન રૂપિ મસાણનો અપકિર્તિ રૂપિ ધુમાડો તો દસે દીશામાં ફેલાય ને ગંધાય ઉઠે છે; માટે તે મન મસાણનો ધુમાડો પેલા ધુમ્ર કર્તાં વધારે ખરાબ છે; ને તેવું મલીન મન, મસાણ, પણ પેલા મસાણ કરતાં વધારે અપવિત્ર છે; મુમુક્ષુ કહે; ઘણા ભક્ત લોકો પણ. વિષ્ણુની વિર્હાગ્નીમાં બળ્યા કરે છે; અને એના નિત્ય ધામના નિવાસને માટે આશાઓ ઉરમાં ઉભરે છે તે અગ્ની અને આશાઓની જ્વાળાઓ કેવિ જાણવિ; મુકુંદ કહે તે મ-હા પવિત્ર યજ્ઞની અગ્ની; અને વિશુદ્ધ વેદોક્તમંત્રથી હોમેલા ઘ્રતની આહુતિથી ઉત્પન થયેલી સુગંધીમય શિખાઓ શુભ આશાઓ કહે-વાય; અને ખુબ શાણગારિને ધામધુમથી મંત્રના ઠાઠથી વેદોના પાઠથી જેમ યજ્ઞ કુંડમાં બીડું હોમાય, ને યજ્ઞશાળામાં કુસુમ વૃષ્ટિઓ, અને

જય જય નમઃ ઈત્યાદી માંગલીક શબ્દોના, અને, વિવિધ વાજીંત્રોના ઘોષ ગાજી ઉઠે તેમ એવા અનન્ય વિર્હાતુર ભક્ત જનોની, ભગવાનને ભેટવાની આશા રૂપિ ઉતમ અગ્ની; અને આહુતિરૂપિ ઉના નિશ્વાસ, અને મંત્ર રૂપિ મ્હા મંગળમય નારાયણના નામથિ ઉભરતિ આશાની જ્વાળા, અને પુર્ણાહુતિ રૂપિ પરમપદનું પ્રયાણ થાય તે વખતે જેમ યજ્ઞમાં ભુદેવ બીડું શણગારિને યજ્ઞ નારાયણને અગ્નીદ્વારા અર્પણ કરે; તેમ તત્વજ્ઞાની ભક્ત જનોને શ્રી વૈકુંઠવાસી દીવ્ય પાર્શદો સારિ રિતે શણગારિને શ્રીપતિને અર્પણ કરે છે; મુમુક્ષુ કહે જે યજ્ઞ કુંડમાં બીડું હોમાય; ને તેનિ ભસ્મ થાય તેને તો શ્રીપાર્વતિ પતિના ભક્તો ભાવથી અંગ ઉપર ધારણ કરે છે; તેમ તત્વજ્ઞાની વિષ્ણુના વ્હાલા ભક્તોના શરિરને તો કાંઇ યજ્ઞશાળામાં તો નથા બાળતા; તેને પણ બાળવા તો સ્મશાનમાંજ લઇ જાય છે; માટે તે અપવિત્ર થયા; ને એની ભસ્મને કોણ ધારણ કરી રહ્યા તે કહો; મુકુંદ કહે અરે તે શું અપવિત્ર થાય, તેના સ્પર્શથિ તો સ્મશાન પણ પવિત્ર થાય; અને ભુત પ્રેતાદિ પણ તરિ જાય, તે વિશે શ્રીમત્ બ્રહદ્ બ્રહ્મ સંહિતામાં સોમશર્માનું ચરિત્ર અને ભક્તમાળમાં કામધ્વજની કથા વાંચો તો જાણુંશ કે તેના અંગના ધુમ્રથી કેટલાં પ્રેત પાર પડિ ગયાં; અને જેમ યજ્ઞની ભસ્મને શ્રીપાર્વતિ પતિના ભક્ત લોક ભાવથી ધારણ કરે છે તેમ અનન્ય વિષ્ણુના વિર્હાતુર ભક્તોના શરિરની ભસ્મને ભાવથી ભોળાનાથ શ્રીઅંગ ઉપર ધારણ કરે છે; મુમુક્ષુ કહે જી, હા, મહિમ્ન સ્તોત્રમાં પુષ્પદંતે પાર્વતિ પતિની પ્રાર્થના કરતાં કહ્યું છે કે ॥ **चिता भस्म लेपः** ॥ મુકુંદ કહે તે ચિંતાતુર અશુદ્ધ ઉર વાળાની ચિતાની ભસ્મનો લેપ નહિં; પણ પોતાના પુર્ણ પ્યારા વિષયથિ ન્યારા નિત્ય નારાયણને સ્મરનારા વ્હાલા શ્રી વૈષ્ણવોની ચિતાની ભસ્મને

ભાવથી શ્રીઅંગપર પધરાવે છે; તેનાં પ્રમાણ પુરાણોમાં છે; મસાણ જેવાં મલીન મન વાળાની ચિતાની ભસ્મને તે ધારણ કરેજ નહિં; મુમુક્ષુ કહે બરાબર તે વાત તેમજ હોવા સંભવ છે; પરંતુ મલીન મનને સ્મશાન તુલ્ય કહો તો, સ્મશાનમાં હમેશાં ખાંપણ ગોતવા માટે ચાંડાલણિઓ ફર્યા કરે; તેવિ, ચાંડાલણિઓ મલીન મન મસાણમાં ક્યાં છે તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–મન મસાણમાં નિંત ફરે, આશારૂપ ચંડાળ્ય;
વિષય ખાપણને ખોળવા, કરે આળ પંપાળ;–૧૨૩–

અર્થાત મલીન મનરૂપિ સ્મશાનમાં અશુદ્ધ વિષયને મેળવવાની આશા રૂપી ચાંડાલની નિત્ય ફર્યા કરે છે તે ખાપણ જેવા અપવિત્ર વિષય ને ગોતવાની ગડમથલ કર્યા કરે છે,–૧૧૩–મુમુક્ષુ કહે આશાને ચાંડાલણીની ઉપમા કેમ આપિ; મુકુંદ કહે ક્રોધ ચાંડાળ કહેવાય છે, ને તે આશામાંથી ઉત્પન્ન થાય છે; તેથી આશા, ક્રોધરૂપિ કાળ ચાંડાળની, મા, થાય; માટે તે ચાંડાલણી કહેવાય; ખુદ ગીતા ચાર્ય શ્રી કૃષ્ણચંદ્ર કહે છે કે ॥ **कामात् क्रोधाभि जायते** ॥ અર્થાત કામના એટલે આશામાંથિ ક્રોધ પેદા થાય છે. ને પછિ તેમાંથિ તેનાં પરિવાર રૂપ અનેક અવગુણ ઉત્પન્ન થાય છે; તેમાંથિ અસંખ્ય અનર્થ પ્રગટે છે; તે સર્વનું મુળ કારણ આશા છે; માંટે તે ચાંડાલણિ કહેવાય; તે આશારૂપિ ચાંડાલણિ મલીન મન રૂપિ મસાણમાં ખાપણ જેવા ક્ષુદ્ર અશુદ્ધ વિષયો મેળવવા મથ્યા કરે છે; અર્થાત વિષય કેમ પ્રાપ્ત થાય, તેનું ચિંત્વન કરતિ, આશારૂપિ ચાંડાલી, મનરૂપિ મસાણમાં નિત્ય ફર્યા કરે છે; ને જેમ ચાંડાળિ ચારિમેર ઝાળાં ઝાંખરામાં તપાસ કર્યા કરે, ને અહિંથી ખાપણ મળશે, આંહિં ખાપણ હશે; તેમ

તપાસ કર્યા કરે છે; તેવિ રિતે આશાવાન પણ વિષય મેળવવા માટે અનેક ઝાળાં ઝાંખરાં જેવાં, કટુ વચનઃપિ કાંટાથિ ભરેલાં ક્રૂર, અભિમાની, અને ધનના મદમાં અંધ બનેલા લોકોની લાલચ રાખિને જ્યાં ત્યાં રઝળ્યા કરે છે; મુમુક્ષુ કહે ,ત્યારે શ્રીપતિને પામવાની આશા પણ ચાંડાળિ કહેવાય શું; મુકુંદ કહે અરે; એશું બોલ્યા; એતો એક શ્રીપતિનેજ વ્હાનારિ પતિવ્રતા પરમેશ્વર પતિનીજ પત્ની કહેવાય; તે આશા તો મહા મંગલમય પરમ પવિત્ર પરમેશ્વરનેજ પતિવૃત ધારણ કરિને પરણિ ચુકિ હોય; તે બીજા વિષયનું સ્વપ્ને પણ ચિંત્વન કરે નહિં ને તેના પતિ શ્રીમન્નારાયણને પરાયણ રહે; કેમકે શ્રીપતિથિ શ્રેષ્ટ અન્ય કોય ક્યાંય હોય તો તેની આશા કરે ન; જેની લેશમાત્ર વિભુતિથિ આખું જગત ઝગમગી રહ્યું છે; ને જેનાથી શ્રષ્ટિની સોંદર્યતા છે, એવાં સાક્ષાત શ્રી લક્ષ્મીજી પણ જેના શ્રી ચર્ણાવિંદની સેવા કર્યા કરે છે; તે શ્રીપતિ સ્મરણ કરવાથી જેના મન મંદિરમાં પધારે તેને અન્યની શુંતમાં રહે; કે તે સર્વ ઐશ્વર્યના સ્વામીને છોડીને અન્યની આશા કરે; મુમુક્ષુ કહે હવે હું સમજ્યો, કે જે શ્રીપતિનિ ભક્તિમાં વિરોધી આશા હોય, તે ચાંડાળિ તુલ્ય કહેવાય; અને એવિ આશાઓ જેના મનમાં હોય તે મન મસાણ તુલ્ય ગણાય; પરંતુ સ્મશાનમાંતો દાટેલા મુડદાને ખોદીને કાઢિ જનારૂં ગોરખોદા નામનું જાનવર રોજ રાત્રે આવે, ને મુડદાંને કાઢવાના પ્રયત્ન કરે; ને લાગ ફાવે તો લઇ જઇને ચુંથિ નાખે છે; તેવું ગોરખોદું જાનવર મલીન મન મસાણમાં ક્યાં છે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)—મન મસાણમાં મેધજી, ગોરખોદાં રૂપ કામ;
નિત્ય નિહાળે પર પ્રિયા, ચહે ચુંથવા ચામ;—૧૨૪—

અર્થાત્ મન મસાણુમાં જે કામ છે તે ગોરખાદાં રૂપ છે; કેમકે ગોરખોદું જેમ રાત્રે મુડદાંને કાઢિ જાવાની તજવિજ કરે છે, તેમ કામી પુરૂષ પારકી સ્ત્રીને, ને, કામી સ્ત્રી પારકા પુરૂષને મેળવવાના પ્રયત્ન રાત્રે કરે છે; અને પારકાં દ્રવ્યને પણ કાઢિ જવાની તજવિજ રાત્રે કરે છે; અને લાગ ફાવે તો જેમ ગોરખોદું દાટેલાં મુડદાંને કાઢિને દુર લઈ જઇને ચુંથિ નાખે, તેમ દાટેલાં દ્રવ્યને કામી ગોરખોદાં જેવાં લોકો કાઢિને દુર લઇ જાય, અને પછી તેને ચુંથિ નાખે અર્થાત ચોરિનું દ્રવ્ય હોય તેથિ તેને આડે અવળે કુમાર્ગે વાપરિ નાખે, અને તેવીજ રિતે કામી પુરૂષ પરસ્ત્રીને, ને કામી સ્ત્રી પરપુરૂષને તેના ઘરમાંથી કાઢિને દુર દેશ લઇ જાય છે; અને ત્યાં તેનાં અપવિત્ર અવયવો ચુંથે છે; માટે તે ગોરખોદાં જેવાં લોકોનો,સમજુ સંગ કરે નહિ; કેમકે તેવા કામી, અને કુલટાઓ કોયનાં સગાં થાય નહિ પૈસાથીજ પ્રિત રાખનારાં હોય; તેવિ એક કુલટાનો કીસ્સો કહુ સાંભળો; એક ગામમાં એક ગરિબ એંશિ વર્ષની ડોશીને એકનો એક જ જુવાન દીકરો હતો તેને પ્લેગ થયો ને તે ગયો એટલે તે દુખિયારિ ડોસિ વિલાપ કરિને રોવા લાગી, ત્યારે તે મરનાર છોકરાની જુવાન કુલટા કામની તે ડોશીને કહેવા લાગી, કે સાસુજી, સાસુજી, રૂવોછો શા માટે; તે બિચારિ ડોશી કહે, વહુ. હું તારાને મ્હારા દુઃખને રોઉછું; હવે તારિ જુવાન જીંદગી કેમ જાશે, ને ખાવાપીવાનું શું થાશે; ત્યારે તે દુષ્ટ કુલટા કુકામી તે ડોશીને કહેવા લાગી કે તમારૂં તમે જાંણો બાકી મારિ ચિંતા ન કરસો, અમે તો કાંતસું રેંટિયાને ચાવસું ચણા પંડે સલામત તો ડાઢિયારા ઘણા; એમ કહિ જે હતું તે લઇને રવાના થઇ ગઈ રસ્તામાં એક મોટા ગામની ધર્મ

શાળામાં જઇને ઉતરિ ત્યાં એક તિર્થવાસિ બાવાજી બીચારા બેશુદ્ધ તાવમાં ગડથલીયાં ખાતા આવ્યા; ને તેના ખડીયામાં કાંઇક કસ છે તેમ જોયું કે તુરત ભક્તાણી બની, ધોળું ધોતિયું પ્હેરિને તેની પાસે જઇને પગ ચાંપતી ને પંખો કરતી કહેવા લાગી કે અરે પારકા પરદેશમા તમે તૈયારિ કરિ હવે મારૂં કોણ ધણીરે, બાવાજીના બાર વાગી જાય એમજ હતા, ફરિ ઉઠે એમ હતાજ નહિ તેથી તેની બૈરિ બની બેઠિ; લોકો પુછવા લાગ્યાં તે કોણ છે; તે કહે મ્હારો ધણી છે; બાવાજી સાંભળતાતા; પણ બોલાતું કે, ઇશારે સમજાવાય તેવું તેને ભાન ન્હોતું તોય જોર કરિને જરા બોલ્યા કે અરે એએએ ખોપ; કુલટા કહે તમે ચંતા કરોમાં, ખોપો ચોથી ચોપડી ભણે છે; હમણાં બે વરસમાં મોટો થૈ રેસે; લોકો કહે બાઇ; મ્હારાજ શું કહે છે કુલટા કહે, ઇતો મારો દીકરો દેશમાં છે તેનું નામ ખોપો છે તેને યાદ કરે છે; વળિ થોડીવાર પછી બાવાજી માંડ માંડ બોલ્યા કે અહોહોહો વિપત; ત્યારે કુલટા કહે તમેં વિપતની વેદના કરોમાં; તે સાસરે જાસે ને મોટિ થાશે; લોકો કહે બાઈ; બાવાજી શું માગે છે; કુલટા કહે એતો અમારિ છોકરિનું નામ વિપતિ છે તેને યાદ કરે છે; આમ થોડીવારમાં બાવાજીના બાર વાગિ ગયા કે તુરત કુલટા તેનો માલ કબજે કરિને તેને ગામનાં લોકો પાસે પરબારો દટાવીને વિદાય થઈ ગઈ; આ કુલટાના કિસ્સામાંથી સમજવાનું એ, છે કે ઉપરનો ત્યાગ કરિને બાવા થાવામાં કોઇ દીવસ એવિ હાલત અજાણ્યા દેશમાં થાય; અને કુલટાઓ કેવિ નિર્દય હોય તે સમજવાનું છે; માટે તેવિ કુલટા, અને કામીઓથી કાયમ દુર રહીને દીલને ન સુધારે ને મનને મોકળું મુકે તો એટલે બધે દરજ્જે દુાષત બનીને મસાણ તુલ્ય થઇ જાય, ને ગોરખોદાં રૂપ કામ વ્યા-

પિને તમામ પુન્ય લે જાય; ને નર્કની ટિક્ટિ દે જાય. પરિણામે કોટિકોટિ કષ્ટ પૈદા થાય, ઘોર નર્કમાં જાય, તે બધું માત્ર એક મન બગડવાથી એવું થાય; અને જો મનને સુધારવાની તજવિજ કરવા માંડિયે તો હદપાર પવિત્ર પણ થૈ જાય; જુવો સુર તુલસી ને અંગદ સિંહનાં આખ્યાનથિ તમે ક્યાં અજાણ્યા છો તે મહાત્માઓ પહેલી સ્થાતિમાં કેવા કામી હતા ને જાગ્યા ત્યાંથી સવાર કર્યું ને મનને સુધારવા સચોટ કમર કસીને તૈયાર થયા તો, પરિણામે કેવા પાવન થયા ને મોક્ષમાં ગયા; મુમુક્ષુ કહે વાહ, તે તો રૂબરૂ ભગવાનને ભેટ્યા, તે નિશાનીમાં ત્રૈલોક તારણી તુલસીકૃત રામાંયણ રચી; અને સુરદાસજી અષ્ટ સખામાં ગણાયા, અને અંગદસિંહનો હિરો હાથોહાથ શ્રી જગદીશ્વરે સ્વીકાર્યો; મુકુંદ કહે જોયું; તેનાં મન પ્રથમ કેવાં હતાં, ને ચેત્યા ત્યાંથી સવાર કર્યું તો પરિણામે મહા પવિત્ર મંદીર જેવાં મન, ને તિર્થ જેવાં તન થૈ ગયાં; મુમુક્ષુ કહે; મહા મલીન મસાણ જેવાં મન બનિ ગયાં હોય તેમાંથિ આ એકજ ભવમાં તિર્થ જેવાં તન, ને મંદીર જેવાં મન, પવિત્ર કેવી રિતે કરિ શકાય તે કુંચિ બતાવો; મુકુંદ કહે ભલે બહુ સારૂં, તમારૂં મન સુધારવા માગો છો તો મલીન મન મસાણ જેવાંમાંથી મંદિર જેવાં કરવાની કુંચી બતાવીશ; પરંતુ બરાબર સાચવજો, ખોય ન નાખતા; મુમુક્ષુ કહે નહિં ખોઉં બરાબર સંભાળિ રાખિશ; મુકુંદ કહે હું સ્નાન ધ્યાન કરિને આવું, અને આ પ્રકરણ અહિં પતાવું; પછી નૌમાં પ્રકરણમાં નારાયણને પામવાની ચાવી બતાવું એમ કહ્યું એટલે આ પ્રકરણ પુરૂં થયું;

પ્રકરણ નૌમું.

મન મસાણમાંથિ મંદિર.

શ્રીપતિનું ધ્યાન કર્યા પછી મુકુંદને મુમુક્ષુએ કહ્યું કે મન મસાણ શાથિ થયું; અને તેમાંથી મંદિર શિ રિતે થાય; તે હવે કહો; મુકુંદ કહે;

(દોહરો)–હરિ શેવા વિણ મેઘજી, મન ઘર બન્યું મસાણ;
મન મંદીર તન તિર્થ સમ, હરિ સેવાથી જાણ;–૧૨૫–

અર્થાત્ પરમેશ્વરથિ વિમુખ રહ્યા; અને ઘરને પોતાનું સ્વતંત્ર સમજીને અહં બુદ્ધિથી ઉપયોગ કર્યો; ને શિષ્ટે શાસ્ત્રમાં બતાવેલ ધર્મ ચુકયા; તેથિ મન, અને ઘર. સ્મશાન જેવાં અપવિત્ર થયાં છે; કેમકે જે ઘરમાં ભગવાન શ્રીરામચંદ્ર કે, કૃષ્ણચંદ્ર, જગન્નાથ કે દ્વારકાંનાથ, વેંકટનાથ કે રંગનાથ; કોઇ પણ શ્રીવિષ્ણુ ભગવાનનું વિગ્રહ છબી, કે શાલીગરામ, પધરાવિને સેવા પુજા થાતિ હોય તે ઘર મંદીર કહેવાય; અને જે ઘરમાં શ્રી પતિની સેવા થાતિ ન હોય તે ઘર સ્મશાન તુલ્ય અપવિત્ર ગણાય; અને એજ પ્રમાણે જે મનુષ્યના મનમાં માનસીક પુજાના સંકલ્પો થતા હોય તે મન મંદીર કહેવાય; અને જેના મનમાં માનસીક પુજાની ધારણા ન હોય, ને મલીન વિષયોના વિચારો થતા હોય તે, મન સ્મશાન સમાન ગણાય; અર્થાત જેના ઉરમાં કેશવ ભગવાનની માનસીક સેવા ન થાય તે આત્માને

શબ તુલ્ય શાસ્ત્રો કહે છે; તેથિ શબ, જેવા જીવ જેમાં છે, તે મન સ્મશાન સમાન સમજો; અને મનમાં માનસીક, અને ઘરમાં કાયિક અર્થાત કાયિક વાચિકને માન્સીક શ્રીપતિની સેવા જે કરે, તેનું ઘર અને શરિર તિર્થ તુલ્ય, અને મન મંદિર સમાન જાણો;-૧૨૫-મુમુક્ષુ કહે ધ્યાન કરિએ ને આંખો મિચિને માનસીક પુજામાં, મન લગાડીએ ત્યાં કુ, વિચાર રૂપિ ભુતડાં ભર્યાંજ હોય તે આવિને અવળે રસ્તે ખેંચિ જાય, તેનું શું કરવું; મુકુંદ કહે; શિવાજી મ્હારાજના સમર્થ સદ્‌ગુરૂ શ્રી રામદાસ સ્વામીના આખ્યાનમાં આપે વાંચ્યું તો હશે; તેણે; ચાંફળ ગામના સ્યશાંનને ખીલીને તેમાં શ્રીરામ સ્વામીનું મંદિર બનાવ્યું, તેમ આપણે પણ પ્રથમ મશાણ જેવું મન હોય, તેને, ખિલિ લૈયેં તો કુવિચાર રૂપિ ભુતાવળ જાગી ન શકે; ને આનંદથી નિરાંતે નારાયણનું ધ્યાન થૈ શકે; સુમુક્ષ કહે; તે મન મસાણને કેવિ રિતે ખિલવું; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)—મન મસાણને ખિલીલ્યો, લૈને ખીલા ચાર;
તો ભુતાવળ ભાગશે, જીવ થશે ભય પાર;-૧૨૬-

અર્થાત જેમ સ્મશાનને ચારે દિશા ઉપર મંત્રથિ સિદ્ધ કરિને લોઢાના ખિલા ઠોકી બેસાડે તો ભુતાવળ જાગે નહિ; તેમ સ્મસાન રૂપ મલીન મનને ચારે દિશા ઉપર સિદ્ધ ખિલા ઠોકી દયેતો ભુતાવળ રૂપ કુ, વિચાર જાગે નહિ;-૧૨૬-મુમુક્ષુ કહે તે ચાર સિદ્ધ ખિલા કોને સમજવા; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)-મન મસાણ ખિલવા તણા, મુખ્ય ખિલા છે ચાર;
હરિ સ્મરણ, સત્સંગ, ને, સદ્‌ વાંચન, સુ-વિચાર;-૧૨૭

અર્થાત મન મસાણમાં જેમ કામ, ક્રોદ્ધ, મદ, અને, લોભ,

એ ચાર દિશા ઉપર ચાર ભુતાવળના મુખ્ય પટેલ છે; તેમ, શ્રી હરિનું નામ સ્મરણ, સત્પુર્ષોનો સંગ, પવિત્ર જ્ઞાન વૈરાગ્ય વાળાં પુસ્તકોનું વાંચન, અને સારાં સારાં શ્રીપતિની શેવા સંબંધી કાર્યના વિચાર; એ ચાર મુખ્ય ભુતના માથા પર ઠોકી દેવાના સિદ્ધ ખિલા છે;–૧૨૭–મુમુક્ષુ કહે, તેમાંથી કયો ખિલો કઇ દિશાએ કોના માથા પર ઠોકવો; તે કહો; મુકુંદ કહે;શ્રી રામનામ રૂપિ સિદ્ધ ખિલો કામ ઉપર પશ્ચિમ દિશાયે ઠોકી બેસાડવો; અર્થાત્ શ્વાસે શ્વાસ શ્રી રામ નામનો જપ કર્યા કરવો, ક્ષણ પણ શ્રીરામનામ ન ચુકવું તો તેથિ મુખ્ય ભયંકર કામ રૂપિ ભુત, જાગી નહિ શકે; શ્રી તુલસીદાસજીએ કહ્યું છે કે, જહાં રામ તહાં કામ નહિ; ને તે કામ જેમ સર્વ દુર્ગુણોનો સરદાર છે, તેમ સામું શ્રીરામનામ પણ સર્વ સદ્ગુણોનું સર્દાર અને મ્હા મંગળોનું મુળ છે, માટે શ્રી રામનામ અખંડ જપાય તો કામ જાગી ન શકે; અને પુર્વમાં ક્રોદ્ધરૂપિ ભુત ઉપર સત્સંગ રૂપિ સિદ્ધ ખિલો મજબુત કરિને ઠોકી દેવો; અર્થાત સદા સત્સંગ કરવો, કે જેથિ વિવેક બન્યો રહે, એટલે કોદ્ધા રૂપિ જોદ્ધ જાગી ન શકે, શ્રી તુલસી કૃતમાં કહ્યું છે કે ॥ **विनु सत्संग विवेक न हो हि** ॥ મુમુક્ષુ કહે સત્સંગ કેટલાક દીવસ કરવો; તે કહો મુકુંદ કહે.

(દોહરો)–જબ લગ જગમેં અંગ હૈ, તબ લગકર સત્સંગ;
મુકુંદ માલીક મેળવિ, લે લે અંગ અભંગ;–૧૨૮–

અર્થાત છેલ્લા શ્વાસ સુધિ સત્ એટલે શ્રીહરિ, તેના સંગની અથવા તેના સંગીની જરૂર છે; તેમાં પણ શ્રીહારના સંગીનો સંગ વધારે વિશુદ્ધ કરે છે; તેમાં દૃષ્ટાંત એ છે કે જેમ અગ્નીને અડવાથી અંગ ઉપર બળતરા થાય તેથિ પણ અગ્નીમાં તપાવેલ લોઢાને

અડવાથી વિશેશ્ન બળતરા થાય છે;તેમસ્ત્રીના સંગથી કામોત્પતિ થાય તેના કરતાં પણ તેના સંગીકામી લોકોના સંગથી વધારે થાય, કેમકે તે, તે વિષયનું વર્ણન વિવિધ પ્રકારથિ કરે, એત્રિજ રિતે શ્રીહરિના સંગી સત્પુર્ષો શ્રી પતિના સદ્દગુણોનું વર્ણન વિવિધ પ્રકારે કરે; એટલે શ્રી પતિમાં ચિત ઠરે: કેમકે તેમાં શાન્તીનો ગુણ છે; જેનામાં જે ગુણ હોય, તે સંગથી અસર કરે; ૧૨૮ મુમુક્ષુ કહે, શ્રી હરિના સંગીકોને સમજવાં, મુકંદ કહે; મન થકી શ્રી પતિની માન્સીક શેવા કરે, ને તન થકી મંદિરમાં કે ઘરમાં શ્રી પતિની મુર્તિની પુજા પ્રેમથી કરે, ને અખંડ મનથી પ્રભુમાં મગ્ન રહે, તે શ્રી હરિના સંગી કહેવાય; ને તેના સંગથી તેવું થવાય, માટે આપણે તેવા થવું જોયે ને ન થયા હોયે તો તેવા થયા હોય તેનો સંગ કરવો જોયે; મુમુક્ષુ કહે તે વાત ખરિ પણ એવા સંત સદા આપણા સંગમા ક્યાંથી રહે; એવા આપણા ભાગ્ય ક્યાંથી; મુકુંદ કહે; એવા સત્પુર્ષોનાં બનાવેલાં પુસ્તકો છે, તે સત્પુરૂષ રૂપજ છે; તે તેમનીજ વાણી છે; માટે તેવાં સાત્વીક પુસ્તકોના વાંચનરૂપિ ત્રીજો સિદ્ધ ખિલો દક્ષિણ દિશામાં, મદ, ઉપર લગાવવો; એટલે મદ જાગીને શકે, ને જેવું વાંચન, હોય એવા વિચાર આવે, એટલે સદ્દ વાંચનથી સારા વિચાર રૂપિ ચોથો સિદ્ધ ખિલો ઉત્તર દિશામાં લોભ ઉપર લગાડવો; કે જેથી નશ્વર પદાર્થનો લોભ, ક્ષોભ ન પમાડી શકે; સત્પુર્ષોનાં બનાવેલ સાત્વીક પુસ્તકો એકાંતમાં બેસીને મન થકી મનમાં વંચાય, ને જીભેથી શ્રી રામનામનો જપ ચાલુ રહે; તો બેવડું કામ થાય, ને તેના પ્રભાવે મદ એટલે અભિમાન ગળિ જાય, ને સારા વિચાર ઉરમાં ભરાય; કે તુરત ઉરમાંથી લોભનો નાશ થાય, ને સંતોષનો પ્રકાશ પ્રગટે; તે માટે મન મસાણને ઉપર કહેલા ચાર ખિલાથી ખિલી રાખવું;

હરિ સ્મરણ, સત્સંગ, સદ વાંચન, ને, સુ–વિચાર, એ ચાર ખિલા ખુબ ધ્યાનમા રાખવા; ભુતાવળમાં જેમ કામને ક્રોધ બે પટેલીયા મોટા છે, તેમ તેના માથા પર ખોડવાના ખિલાઓમાં પણ શ્રી હરિ સ્મરણને સત્સંગ, એ બે ખિલા પ્રભાવે સોથી મોટા છે; પરંતુ તેમાં એક ચિવટ બરાબર રાખવાની છે; તે એજ કે માંહેથિ કોય ખિલો મોળો ન પડવા દેવા જોયે; નહિ તો કામ ક્રોધાદિ તુરત કુદિ નીકળશે ને ભુતાવળથી હૃદયને ભેળિ દેશે માંહેથિ માત્ર એક શ્રીરામ–નામ રૂપિ ખિલો કામ રૂપિ ભુતના સર્દારપરથી મોળો પડશે તો તુરત તે કામ; કુદિને, તેના જે ત્રણ મીત્ર ક્રોધ, મદ, ને લોભ છે, તેને છુટા કરવા માટે તેની ઉપરથી, સત્સંગ, સદ્ વાંચન, ને સુવિચાર રૂપિ ખિલા ખેંચિ લેશે, ને ત્રણેયને મોકળા કરિને પોતાની તમામ ભુતાવળને ભેળિ કરશે ને હૃદયમાં પાછુ પોતાનું રાજ્ય સ્થાપિને હૃદયને સ્મશાન રૂપ બનાવિ દેશે; માટે બહુજ હુશિયારિથિ સાવચેત રહેવાની જરૂર છે; મુમુક્ષુ કહે ચીરિ તે સાવચેત રહેવું, મુકુંદ કહે; શ્રી હરિસ્મરણ અને સત્સંગ મોળા પડવા ન દેવાં; બરાબર ખંતથી અંત પર્યંત તપાસ રાખવો કે, શ્રી રામનામનો જપ ચુકિતો નથી જવા તો; એ તપાસવું, અને મન નાશવંત વિષયોમાં તો નથિ રખડતું; તે તપાસ; તથા શ્રી હરિપર દ્રઢ વિશ્વાસ રાખવો, તો ભુત નહિ જાગે; માર ભગા ભુત ભાગે; એમ કહેવાય છે; માટે શ્રી હરિ સ્મરણ, સત્સંગ, સદ્ વાંચન, ને, સુ–વિચાર રૂપિ ખિલાનો માર નિરંતર માર્યા કરવો; મુમુક્ષુ કહે તે કુંચી તો ઠીક બતાવિ; પરંતુ પશ્ચિમ, પુર્વ, દક્ષિણ, ને, ઉત્તર, એ ચાર દીશાઓમાં ખિલા ઠોકવાનો સંકેત ખોલિને સમજાવો તો સમજાય; મુકુંદ કહે; તેનો સંકેત એવો છે કે, પશ્ચિમમા કામનું કાર્ય પ્રવૃતિનો પ્રભાવને સ્વ–

ભાવ બહુ છે,તેવા વિચારો ઉપર નારાયણુના નામરૂપિ નિવૃતિનો શાંતિદાયક ખિલો લગાવવો; અર્થાત પશ્ચિમના પ્રવૃતિવાળા પ્રાધાન્ય છે; સકામી વિચારોને શ્રીરામ નામ રૂપિ નિવૃતિથિ નિષ્કામી કરવા; એમ કહ્યું;અને પુર્વના રૂષિમુનિ તપેશ્વરિ પણુ ક્રોદ્ધી બહુ,તેથી પુર્વમાંકોધ કહ્યો,તેવા ક્રોદ્ધિવિચારોનો પ્રચાર ન થાવા સારૂ સત્સંગ રૂપિ ખિલો તેઉપર લગાવવાનું કહ્યું; કે જેથી વિવેક બન્યો રહે ને તપ કરિને ક્રોદ્ધી ન થાવું;અર્થાત હટથી તામસી થવાય તેવું તપ ન કરવું;એમ સમજવું; અને દક્ષિણમાં ઉંચ જાતિના મદ એટલે અભિમાન વાન લોકો વિશેશ છે તેથિ દક્ષિણમાં–મદ–અર્થાત અભિમાનનું સ્થાન કહ્યું; તેવા સ્વભાવ ઉપર સદ વાંચન રૂપિ ખિલો લગાવવાનું કહ્યું, કે જેથી ઉંચ જાતિનું અભિમાન અલગ થાય, ને કોયનો તિરસ્કાર ન કરાય; સંસાર સાગર તરાય; તેવું વર્તન કરાય, અને ઉત્તરમાં લોભના ક્ષોભ ભરેલા સ્વભાવ વાળાં લોકો વિશેશ છે તેથી, તેવા સ્વભાવ ઉપર સારા વિચાર રૂપિ ખિલો લગાવવાનું કહ્યું, કે જેથી શાશ્વતમાં રાગ, ને નાશ્વંતમાં વરાગ થાય જેથિ લોભ જાય; મુમુક્ષુ કહે પશ્ચિમની પ્રવૃતિથી તો જગઝગમખી રહ્યું છે; પુર્વના રૂષિ મુનિયોથી તો સત્ય ટકી રહ્યું છે; દક્ષિણુના આચાર્ય આલવારોથિ તો અવનિપર નર નારોએ આસ્તીકપણું ગ્રહ્યું છે, ને ઉત્તરના ઉત્તમ ભકતોને ત્યાં તો પરમેશ્વરનું પ્રાગટય ઘણે ઠેકાણે થયું છે, તે દિશાઓમાં દુરગુણ કેમ દેખાડો છો; મુકુંદ કહે;

(દોહરો)–રસ છોતા સબમેં રહે, રખિયે રસસે કામ;
અવગુણ છોતા છોડકે, સદ્દગુણ ગ્રહો તમામ;–૧૨૯–

અર્થાત ગુણુ અવગુણુ અવની ઉપર અપાર છે તેમાંથિ અવગુ-

ણુને ઓળખિને અળગા રાખવા, ને સદ્ગુણુને સ્વીકૃત કરવા માટે મેં કહ્યું છે, જુવો કે પશ્ચિમની પ્રવૃતિ આલોકને માટે છે; તેમ પરલોકને માટે કાર્ય કરવા કમર કસવી જોયે, એ સાર એમાંથી લેવાનો છે, અને પુર્વનાં પુર્વજોનાં શમદમ સત્ય શ્રેષ્ટ છે, તે ધારણુ કરવાં પણુ ક્રોધને કબજે રાખવો; અને, દક્ષિણુમાં આચાર્ય આલવારો આસ્તિક, નિર્ભિમાની, નારાયણુ પરાયણુ પ્રભુના પાર્ષદ પ્રગટયા તેનું અનુકરણુ કરવું; પણુ અન્ય અભિમાનિઓનું નહિ; અને ઉત્તરમાં પ્રગટેલાં અનન્ય ભકતોનું અનુકરણુ કરવું પણુ પૈસા માટે પાપ કરનાર લોભીનું નહિ; એમ સમજવાનું છે;–૧૨૯–મુમુક્ષુ કહે હવે તે સંકેત સમજ્યો, પરંતુ આત્મા અનાત્મા સરખો મુડદાં જેવો અચેત થે ગયો હોય તે સચેત કેમ થાય;

(દોહરો)–સંત મળિ સજીવન કરે, મુડદાંને મુળ રૂપ;
પરિબ્રહ્મ ભાસે પ્રગટ, આપે જ્ઞાન અનુપ;–૧૩૦–

અર્થાત સત્પુર્ષોનો સંગ કરે, એટલે તે અનાત્મા સરખા અજ્ઞાનવાનને જ્ઞાન આપીને દેહાધ્યાસ કાપિને સચેતન કરે; આપણા પરમ પુજ્ય મહાત્માશ્રી અનંતપ્રસદ ભાઇએ અંગદસિંહના આખ્યાનમાં મુખ્ય પ્હેલા સુત્રમાં કહ્યું છે કે, સતસંગ શું ન કરે, અહાર કૃતિમતિ સાત્વિક રહેતો, માટે તે મુજબ વર્તન રાખિને સાચા સંતની સોબત કરવાથી તે સુંદર સુબોધ આપે, દેહાધ્યાસ કાપે, તેથિ દેહ છે તે હું નથી પણુ દેહની અંદર આત્મા જે ઇશ્વરનો અંશ છે તે હું શ્રી હરિનો દાસ છું. એમ સમજાય અને અનુભવ થાય;–૧૩૦–મુમુક્ષુ કહે કેવિ રિતે અનુભવિ શકાય; મુકુંદ કહે; જેમ ડોળાં અને હીલોળાવાળાં પાણીમાં દાગીનો પડયો હોય; છતાં દેખાય નહિં; પરંતુ જેમ જેમ ડોળાશ દુર થતિ જાય ને નિર્મળતા આવતિ જાય, અને

હિલોળા એટલે પાણીમાં પ્રવનના કે મનુષ્યના આવાગમનથી ઉઠતી લહેરો; ક્રમ પડીને પાણી સ્થીર થૈ જાય કે તુરત માંહે રહેલી વસ્તુ દેખાય; તેમ હૃદયરૂપિ ઓવરની અંદર પાપ રૂપિ કાદવના પરિણામ રૂપ અજ્ઞાન રૂપિ ડોળાશ દુર થઈ જાય, અને પ્રવૃતિના વિચારો રૂપિ લ્હેરિઓ ઉઠતી બંધ થૈને નિવૃત્તિ રૂપિ સ્થિરતા થતિ જાય, તેમ તેમ હૃદયમાં પરમાત્મા પ્રગટ દેખાવા માંડે; તેને જોયને આત્મા સચેત થૈને શ્રૃતિમાં કહેલાં દશાંગુલ સાકાર પરબ્રહ્મની સેવામાં સામીલ થૈ જાય; તેના પરિણામે આત્મામાંથિ મહાત્મા ને તેથિ પરમાત્માના પાર્ષદમાં મળિ જાય ને સદા દિવ્ય લોકમાં દિવ્ય સેવામાં ભળિ જાય; એમ ક્રમે ક્રમે સત્સંગથી શ્રીપતિને પામીને અનુભવે; એ રિતે જ્ઞાનામૃત છાંટિને મુડદાં રૂપ જીવને મુળરૂપ સચેત કરિ આપે; અર્થાત તેને તેમનું સ્વરૂપ યથાર્થ ઓળખાવીને અનુભવ કરાવી આપે; મુમુક્ષુ કહે; અગાવ મુડદા જેવો થૈને મલીન મન રૂપિ સ્મશાનમાં રહેવાથી અપવિત્ર થૈ ગયો હોય; તે પવિત્ર પાછો શિ રિતે થાય તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–મન મસાણના સંગથી, તનમન મલીન થાય;
સંત વાણી રૂપ પાણીમાં, પડયે પવિત્ર થવાય;–૧૩૧–

અર્થાત જેમ સ્મશાનમાં જવાથી શરિર અપવિત્ર થયું ગણાય; તથાપિ તે શરિરને પાણીમાં બોળવાથી ન્હાવાથી) પવિત્ર થયું ગણાય તેમ મલીન મન રૂપિ સ્મશાનના સબંધે આત્મા અપવિત્ર થયો ગણાય; પરંતુ સંતની વાણીરૂપિ પાણી કર્ણ દ્વારા થૈને મન તથા આત્મા ઉપર પડે; તેથિ તે સંતની વાણી રૂપિ પાણીને સંબંધે અપવિત્ર આત્મા પણ ધોવાય ને પવિત્ર થૈ જાય; પરંતુ પાછું મસાણિયા જેવા

મનનો સંગ ન થૈ જાય તે જાળવવું જોયે; નહિ તો સત્સંગ કરિને ફરિ કુસંગ કરિયે તો હસ્તી સ્નાન જેવું થાય; જેમ હાથિને સ્નાન કરાવિને સાફ શરિર કરે પરંતુ પાછો પાંણીની બ્હાર નીકળિને સુંડમાં ધુળ ભરિને પોતાના શરિર પર નાંખે; તેથિ તે ન્હાયો ન ન્હાયા જેવો થૈ રહે; તેમ સત્સંગ કરિને કુસંગમાં ભળિયે તો સત્સંગ કર્યો, તે ન કર્યા જેવો થૈ રહે; માટે સત્સંગ કર્યા પછિ કુસંગથી બહુજ બચવું જોયે; અને સદા સાત્વીક રહિને સંતની વાણીનુંજ શ્રવણ તથા વાંચન રાખવું જોયે; અસંતની વાણી કદી પણ, વાંચવી કે, સાંભળવી, ન જોયે, જ્યાં સુધી શરિરમાં જીવ હોય ત્યાં સુધી સંતની વાણીનુંજ શ્રવણ વાંચન શ્રીહરિનું સ્મરણ ગુણગાન ધ્યાન જપ કે કિર્તન કથા કરવામાંજ વય વિતાડવિ જોયે; તો તેથિ મન મહા પવિત્ર મંદિર જેવું, અને તન શ્રેષ્ટ તિર્થ જેવું પવિત્ર થૈ જાય; –૧૩૧–મુમુક્ષુ કહે તન મનનો ભોકતા, આત્મા કેવો થૈ જાય તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–મન મંદિર તન તિર્થ સમ, આત્મ ઉપાસક રામ;
મુકુંદ કહે કોયનું પછિ, પડે ન તેને કામ–૧૩૨–

અર્થાત મન મંદિર જેવું અને તન તિર્થ જેવું મ્હા પવિત્ર શ્રી પતિને સંબંધે થૈ જાય; અને આત્મા પરમાત્માનો ઉપાસી ભક્ત થૈ જાય તેથિ ઉપર કહ્યા મુજબ હૃદયમાં શ્રી રામ સ્વામી, કે શ્રી કૃષ્ણચંદ્ર; અથવા શ્રી પતિનાં અનંત રૂપમાંથી જે પોતાને વધારે પ્રિય લાગે, તેની ભાવના કરે એટલે હૃદયમાં ધ્યાન દ્વારા દેખાય; તેની માનસીક સેવામાં મન થકી લાગી જાય; એટલે બ્હારની સામગ્રીનો ખપ ન પડે, જે ચીજ સેવામાં જોયે તે સર્વ, સંકલ્પથી હૃદયમાં

ાગટ થૈ શકે; ને પ્રભુની માન્સીક સેવાનાં કામમાં આવે; ને શેવા
રવામાં ફાવે, તેમ વિશેષ પ્રભુભાવે, એટલે જે આત્મા પરમાત્માથિ
ંમુખ હતો; અર્થાત નોતો ઓળખતો, તે ઓળખે ને પ્રભુની અ-
મુખ થાય સેવામાં સદાને માટે સંધાય; ને તેથી અનેક આશા-
ોનો ઉપાસી મટિને એક પોતાના ઇષ્ટ દેવનો જ ઉપાસી બને,
ેમ ડાળિ ઝાડથિ જુદિ પડી જવાથી સુકાય જતિ હોય, ને હજી
ા લીલી હોય ત્યાંજ ઝાડની સાથે મેળવિને જુક્તિથિ ચોટાડિ દે
ા જેમ પાછી લીલી થૈને વધવા માંડે, તેમ સર્વ જગત રૂપિ ઝાડનું
ુખ્ય થડ શ્રી પતિ જે છે; તેનિ ભક્તીથી વિમુખ થૈને સુકાય જાત
ાળિની પેઠે આત્મા મુડદાં જેવો થઇ ગયો હોય; તે પાછો શ્રીપતિની
ાથે મન થકી સંધાય ને લીલો થવા માંડે અર્થાત સંકોચાય ગયેલ
ાય તે વિકાસ પામે; ને આગળ જ્ઞાન વધવા લાગે; અને પોતાની
ુળ વસ્તુને પ્રાપ્ત થવાથી શાંતિ પામે; ને પુર્ણને સબંધે પુર્ણ થાય
ેટલે આશા તૃષ્ણાનો ગુલામ ન બને, અપુર્ણ ન રહે, તેથિ તેને
ાહ્ય વસ્તુઓની આશા ન રહે; પ્રભુમાંજ મગ્ન અર્થાત બ્રહ્મ નિષ્ટ
ન્યો રહે; એટલે તન તિર્થમાં મન મંદિર; ને આત્મા પર્માત્માનો
ુજારી સત્પુરૂષના સંગથી થાય. એમ મન મંદિર ને તન તિર્થ થૈ
ાકે;-૧૭૨-મુમુક્ષુ કહે ત્યારે તિર્થ તો મ્હારા પ્યારા પુર્ણ પુરૂષોતમ
લ છબિલા છોગાળા રસિલા રંગીલા શ્રી રણછોડરાયજી રાજાધિરા-
ની પુર્ણ પ્યારિ પાવનકારિ શ્રી કૃષ્ણચંદ્રની મુખ્ય રાજધાનીનું
થાન; સાત પુરિમાં પુરિ; ને ચાર ધામમાં મોટું ધામ પશ્ચિમનું
ાણાય છે અને જ્યાં શ્રી ગોમતિજી ગાજી રહેલાં છે, ને સાગરમાં
ંગમ થાય છે; તેના કિનારા ઉપર આવેલી; મોક્ષના દ્વાર રૂપ શ્રી

દ્વારિકાં પુરિ છે; તેની સાથે સંતની સોબતથિ તિર્થ જેવું તન, ને મંદિર જેવું મન થતું હોય તો સરખાવિ દયો; મુકુંદ કહે; મ્હારિ ક્યાં ના છે; પણ સાડાઆર થયા છે ને સહુ સૂઇ ગયાં છે; માટે આપણે પણ આરામ કરિયે ને શ્રી દ્વારકાંમાં દીલ ધરિએં, એમ કહ્યું કે, નવમું પ્રકરણ પુરૂં થયું;

પ્રકરણ દશમું.

શ્રી દ્વારિકાંપુરિ.

શ્રીપતિનું સ્મરણ કરિને પ્રાતઃકાળમાં સ્નાન સંધ્યા, પુજા પાઠ વિગેરે નિત્ય કર્તવ્યમાથી પરવારિને મુકુંદ અને મુમુક્ષુ મંદિરના સભા મંડપમાં સત્સંગ ચર્ચા કરવા બેઠા; ત્યારે મુમુક્ષુએ શ્રીપતિને સાષ્ટાંગ કરિને સદગુરૂશ્રીનું સ્મરણ કરિને વિવેકથિ વિચારિને યોગ્ય આસને બેસીને પ્રિતિથિ પ્રશ્ન કર્યો કે; કાલે તિર્થ સાથે તન; ને મંદિર સાથે મન, વિષે સંતના શ્રી અંગની સરખામણી શ્રી પતિની દ્વારામતિ પુરિ પ્રમાણે કરવાનું આપે કહ્યું હતું; તો શ્રી દ્વારકાં તિર્થમાં તો શ્રી ગોમતિજી છે; તે સંતના તનરૂપિ તિર્થમાં કયાં છે તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–સંત જુબાન સુ–ગો–થકિ; બુદ્ધિબળ વર્ણવાય;
તે માટે તે મેધજી; ગોમતિજી કહેવાય;–૧૩૩–

અર્થાત જેમ મોક્ષદાયનિ શ્રી દ્વારિકાંપુરીમાં શ્રી ગોમતિજી છે;

તેમ મોક્ષના દ્વાર રૂપ સંતના શ્રી અંગમાં, જે, જીભ્હા, ઇંદ્રિ છે, તેનું બીજું નામ–ગો;–અને બુદ્ધિ છે: તેનું બીજું નામ–મતિ;–એટલે તે બેઉ મળિને–ગોમતિ–કહેવાય; શાસ્ત્રમાં ઇંદ્રિયોને ગો–કહે છે; તે માયલી સુ ગો–એટલે શ્રેષ્ટ ઇંદ્રિ; જે જીભ છે; તેના થકી બુદ્ધિ અર્થાત, મતિ પ્રમાણે બોલી શકાય, એટલે બુદ્ધિનું બળ જીભથી જણાવિ શકાય; અને સત્પુરૂષની બુદ્ધિ મ્હા પવિત્ર હોય; તેથિ જીભથી વિશુદ્ધ વચનામૃત વહે; પવિત્ર સદબોધ આપે; અજ્ઞાન રૂપિ પાપ કાપે; તે માટે સંત પુરૂષોની વાણીનું નામ ગોમતિ છે;–૧૩૩– મુમુક્ષુ કહે શ્રી દ્વારિકાં ક્ષેત્રમાં જે ગોમતિજી છે: તેના સ્નાનથી તો પરિણામે બ્રહ્મગતિનિ પ્રાપ્તિ થાય છે; તેમ સંતના શ્રીમુખથિ વ્હેતાં ગીરા, (વાણિ) રૂપિ ગોમતિથિ પરિબ્રહ્મની પ્રાપ્તિ થાય છે કે નહીં; તે કહો મુકુંદ કહે;

(દોહરો–વ્હે છે ગંભિર ગોમતિ, સંત મુખેંથિ સાર;
લાખ્ખો લોકો નાહિનેં, પામે છે ભવપાર;–૧૩૪–

અર્થાત્ સંતના મુખથિ ગિરારૂપિ ગંભિર ગોમતીજી વ્હેછે તેમાં સ્નાન કરિને અર્થાત શ્રવણ કરિને જ્ઞાનવાન થૈને પાપ રૂપ મેલ ધોયને પ્રભુને ભજીને ભવપાર થાય છે; –૧૩૫–મુમુક્ષુ કહે; શ્રીદ્વારકાંનાં ગોમતિજીમાં તો જળ વ્હેછે તેમાં યાત્રિકો નાહિને પ્રભુના ચર્ણ સ્પર્શ કરે છે, તેમ સંતની જીભ ગો–અને–બુદ્ધિ–મતિ–માંથી કયું જળ વહે છે; અને ક્યાં યાત્રી સ્નાન કરિને શ્રીવરને ચર્ણ સ્પર્શ કરે છે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–વાણિરૂપ પાણિ વહે, સંત, તિર્થનિ માંહિ;
મુમુક્ષુ જન ત્યાં નાહિને, પડે પ્રભુને પાહિ;–૧૩૫–

અર્થાત જેમ શ્રીગોમતિજીના જળમાં નાહિને યાત્રિકો પ્રભુ પાસે જાય છે; તેમ સંતની બુદ્ધિથિ પ્રગટ થયેલ વાણી રૂપિ પવિત્ર પાણિ છે; તેમાં મોક્ષના અધિકારિ રૂપિ યાત્રાળુ લોકો હમેશાં શ્રવણ રૂપી સ્નાન કરે છે; તેથિ તેને શ્રીપતિમાં સચોટ આસ્તા થાય છે; અને તેથિ સદાને માટે નિષ્કામ ભાવે નારાયણના ચરણને શર્ણે જાય છે; ૧૩૫–મુમુક્ષુ કહે; શ્રીદ્વારામતિની ગોમતિના જળમાં ન્હાવાથિ તો ખારૂં જળ હોવાથી, ખસ, મટિ જાય છે; ને નિત્ય ન્હાય તો ખસ થાય નહિ; તેમ સંતની, વાણી રૂપિ પાણીમાં નિત્ય ન્હાવાથી, ખસ મટે ખરિ; કે નહિ; તે કહો; મુકુંદ કહેઃ

(દોહરો)—આશા તૃષ્ણા ખસ જુવો, જડા મુળથી જાય;
પાછિ કદી પિડે નહિ, મન મંગલ મય થાય;–૧૩૬–

અર્થાત જેમ શ્રીદ્વારામતિનિ ગોમતિના જળમાં ન્હાવાથી ખસ મટે છે; ને, નિત્ય ન્હાય તો પાછિ થાય નહિ; તેમ સંતની સુબોધ મય વાણી રૂપિ પાણીમાં નિત્ય મનને મજ્જન કરાવાથી અર્થાત સાંભળવાથી; મનની આશા તૃષ્ણા રૂપિ, ખસ, ખલાસ થાય છે; અર્થાત મન ઉપર આશા તૃષ્ણાનાં ભીંગડાં ચોટયાં હોય; તે ઉખડીને મન લીસ્સું, બિનલાલચી, નિર્લોભી બની જાય; અને પાછા તૃષ્ણાના ત્રંબાટ કર્તા નવા ફોડલા ઉડે નહિ;–૧૩૬–મુમુક્ષુ કહે શ્રીદ્વારામતિનિ ગોમતિમાં તો સ્નાન કરવાથિ, લુખસ, પણ મટિ જાય છે; અને પ્રથમ, જળનો સ્પર્ષ શરિરને થાય કે તુરત, તેનુ ખારૂં જળ છે તેથી ચટપટિ થાય છે (બળે છે,) તેમ સંતની ગીરા રૂપી ગોમતિમાં ન્હાવાથી, કેવિ રિતે, કઇ લુખસ મટે છે; તે કહો મુકુંદ કહે;

(દોહરો)—સંત સુ-ગોમતિ સ્નાનથી, ચટપટિ ચિતમાં થાય;
વિષય આશ, લલુતા લુખસ, મટિ મેઘજી જાય,–૧૩૭–

અર્થાત જેમ શ્રીદ્વારામતિની ગોમતિમાં સ્નાન કરવાથી, લુખસ વાળાં શરિરમાં ચટપટિ થાય છે; તેમ સંતનાં સુબોધમય સાચાં વચન, વિષમય વિષયની લલુતા રૂપિ લુખસના રોગવાળાં મનનેં પ્રથમ ખારાં લાગે છે; તોપણ નિત્ય સ્નાન રૂપિ શ્રવણ કર્યા કરે ને વિવેકથી વિચારે તો સદ્વર્તન કરવા; ને કુટેવ કાઢવા સારૂ; ચિતમાં ચટપટિ થાય છે, ને તેથિ પરિણામેં વિષમય વિષયની આશા, અને લોભની લલુતા રૂપિ, લુખસ; જે હોય, તે મટિ જાય; ને સંતોષ રૂપિ શાંતિ થાય;-૧૩૭-મુમુક્ષુ કહે; શ્રીદ્વારામતિની ગોમતિ સંગમમાંથી તો ગોમતિ ચક્ર મળે છે; તે મરવા વખ્તે છાતિ ઉપર રાખવાથિ, કિકટ જેવા અદ્ધમ દેશનાં લોકોને પણ મુક્તિ મળે છે; તેવાં ગોમતિ ચક્ર સંતની ગીરા ગોમતિના સંગમમાંથી મળે છે કે નહિ; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)-સત્ સંગમમાં ચક્ર રૂપ; શબ્દ મળે છે સાર;
તે મરતાં મન પર ધર્યે, થાય અધમ ઉદ્ધાર;-૧૩૮-

અર્થાત જેમ શ્રીગોમતિ સંગમમાંથી ગોમતિ ચક્ર મળે છે; તે મૃત્યુ વખતે છાત્તિ પર રાખવાથી અદ્ધમનો ઉદ્ધાર થાય છે; તેમ સત્સંગમાંથી સંતનાં પવિત્ર વાક્ય, તથા પ્રભુનાં પવિત્ર નામ; અને વેદોક્ત અષ્ટાક્ષર વિગેરે ગુરૂ મંત્ર; રૂપિ શ્રીગોમતિ ચક્ર પ્રાપ્ત થાય છે; તે દેહ ત્યાગ વખતે હ્રદય ઉપર રાખવાથી, એટલે સ્મરણ કરવાથી જરૂર પાપીને પણ પરમ ગતિની પ્રાપ્તી થાય છે;-૧૩૮-મુમુક્ષુ કહે શ્રીદ્વારકાં તિર્થમાં તો એક વખત જવાથી પછી વારંવાર જવાનું મન થાય છે; તેમ સંત-તિર્થમાં વારંવાર જવાનું મન એકવાર ગયા પછિ થાય કે૦નહિ; મુકુંદ કહે;

(દોહરો)–સંત સુરૂપ શુભ તિર્થને, જોવાનું મન થાય;
ફરિ ફરિ નિરખ્યા થકી નયનો નહિ ધરાય;–૧૩૯–

અર્થાત સંતના તિર્થરૂપિ તનનાં એક વખત દર્શન કરવાથી વારંવાર દર્શન કરવાનું મન થાય છે; તો પણ નેત્ર તૃપ્ત થતાં નથી; તમે ક્યાં અજાણ્યા છે, આપણા પરમપુજ્ય સંત શિરોમણિ મ્હાત્મા **શ્રીમાન અનંતપ્રસાદજી** આખ્યાન કે વ્યાખ્યાન કરતા ત્યારે એક દ્રષ્ટિથી તેમના શ્રીમુખ સામું સહુ જોય રહેતાં; ને આપણે બેઉ સાવ પાસે બેસતા, તોપણ નેત્ર દર્શનથી તૃપ્ત થતાં નહિ; એ અનુભવ આપને થયો છે;–૧૩૯–મુમુક્ષુ કહે સત્ય છે; પરંતુ અદ્વારકાં પુરિ સાથે એવા સાચા સંતનું શ્રી અંગ સરખાવો છો તો, શ્રીદ્વારકામાં તો શ્રીદ્વારકાં નાથના ડેરાં માથે મોટિ ધ્વજા છે; તથા સોનાનો કળસ શિખરપર શોભિ રહ્યો છે; ને આખા ડેરાં ઉપર સુંદર નકસીદાર કારિગીરિ કોતરેલ છે; તેમ સંતમાં તે ક્યાં છે તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–ચોટિ છે મોટિ ધ્વજા; સંત શિખર પર સાર;
કનક કળસ મસ્તક સમજ; તિલક સુ નકસી ધાર;–૧૪૦–

અર્થાત્ સંતનો દેહ છે; તે શ્રીહરિનું હાલતું ચાલતું મંદિર છે; કેમકે તેના હૃદયમાં શ્રીપતિ પ્રગટ રહ્યા છે; માટે સંતના દેહરૂપિ ડેરાં ઉપર જે લાંબી ચોટિ છે તે ધ્વજા રૂપ છે; અને જે તેનું બ્રહ્મ તેજથી કાન્તીવાન શ્રીમુખ છે, તે સોનાના, કળસ, સમાન છે, અને તેમના શ્રીઅંગ ઉપર જે દ્વાદશ શ્વેતઉર્ધ્વપુંડ્ર ઝળકી રહ્યાં છે તથા ભુજાના મુળમાં સુંદર શંખ ચક્ર અને કંઠમાં કમળ તુલ્સીની માળા છે; તે સુંદર નકસી છે;–૧૪૦–મુમુક્ષુ કહે શ્રીદ્વારકાં નાથના ડેરામાં તો શ્રીરણછોડરાયજી શંખ ચક્ર ગદા પદ્મધારિ દેખાય છે; ને આસ્તીક

જનના સમુદાય દર્શન કરવા દોડયા જાય છે; તેમ સંતના દેહ દેવળમાં કોણ; કોના દર્શને દોડે છે તે કહો; મુકુંદ કહે;

(દોહરો)-મન મંદિરમાં મુળ પુરૂષ; પ્રગટ રૂપ દેખાય;
દોડે દર્શન કારણે, ઇંદ્રિ ગણુ સમુદાય;-૧૪૧-

અર્થાત્ જેમ શ્રીદ્વારકાં નાથના ડેરામાં શંખ ચક્ર ગદા પદ્મધારિ શ્રીરણછોડરાયજીના દર્શન થાય છે; તેમ સંતના મન મંદિરમાં પણ એજ દીવ્ય પુરૂષનું દશાંગુલ રૂપ ધ્યાન દ્વારા દેખાય છે; અને જેમ શ્રીદ્વારકાનાથના ડેરામાં આસ્તીક જનના સમુદાય દર્શને દોડયા જાય છે; તેમ સંતની તમામ ઇંદ્રિયો હૃદયમાં રહેલા મુળ પુરૂષના રૂપમાં તલ્લીન થૈ જાય છે; અર્થાત કાંન પ્રભુના ગુણ ગાન સાંભળવામાં સજ રહે છે; જીભજલ્દી જગ પતિના જશ ગાવામાં લાગી જાય છે; નેત્ર બધેથી બંધ દ્રષ્ટિ કરિને શ્રીહરિને નિરખવામાં લાગી જાય છે;હાથ નાથની સેવાના કાર્યમાં લાગી જાયં છે; માથું નાથના ચરણ કમલમાં ઝુકિ રહે છે; પગ પ્રભુ પાસે પ્હોંચવા ઉતાવળ કરે છે; રસના હરિ રસને વશજ બની જાય; ઘ્રાણ (નાક) પ્રભુને ચડેલાં પુષ્પ તુલસીની સુગંધી લેવામાં સજ થાય; એમ દરેક અંદરની ને બ્હારની ઇંદ્રિયોને અવ્યવો અંદરથી અને બ્હારથી પ્રભુ ભક્તિ વળિ જાય; અર્થાત જેમ દ્વારકામાં સજજનો દર્શને દોડે; તેમ ઇંદ્રિયો મન મંદિરમાં મુળ પુરૂષના દર્શને દોડે છે;-૧૪૧-મુમુક્ષુ કહે શ્રીદ્વારકાધીશના ડેરાંની આસપાસ તો સુંદર અગરના ધુપની સુગંધિ છાય રહિ છે; તેવિ સુગંધિ સંતના દેહ દેવળની આસ પાસ ક્યાં છે; મુકુંદ કહે;

(દોહરો)-અગર રૂપ સંતોષનો, મન મંદિરમાં વાસ;
સુકિર્તિ રૂપ સુગંધિની, સુવાસ છે ચોપાસ;-૧૪૨-

અર્થાત જેમ શ્રીદ્વારકાંનાથના મંદિરમાં અગરબતી પ્રગટિ હોય; તેથિ તેની સુગંધિ ચોતરફ છાય રહે છે; તેમ સંતના મન મંદિરમાં પરમ સંતોષરૂપિ પવિત્ર શાન્તી નામની અગરબતિ પ્રગટ હોય છે તેથી તેની સુંગધરૂપિ સુવાસ; સારિકિર્તિ દેશો દેશમાં, અને દસે દિશાએ છાય રહે છે;–૧૪૨–મુમુક્ષુ કહે શ્રીદ્વારકાનાથના મંદિરમાં તો વારંવાર ભોગ આવે છે; તેની આગળ મસાલ અને છડિદાર હોય છે; અને ત્યાર પછી આરતી થાય છે; શંખના નાદ થાય છે; ઘંટના ઘોષ થાય છે; નોબત ગગડે છે; ઝાલર વગડે છે; અને આર્તિ થે રહ્યા બાદ પુષ્પાજલી થાય છે; ને શંખવતી જળની ધારા કરે છે; ને તે પછી છેવટ ભગવાન શ્રી પોઢે છે; એવો ઠાઠ સંતના તન તિ· થંમાં; ને મન મંદીરમાં ક્યાં છે તે બતાવો; મુકુંદ કહે;

(દોહરો)–ભોગ સદા સંયોગનો, શંખ શબ્દ ઓંકાર;
આર્તિ અખંડ ધ્યાનની, પ્રેમા શ્રૃજળધાર;–૧૪૩–

, અર્થાત જેમ શ્રીદ્વારકાનાથજીના મંદીરમાં વારંવાર ભોગ ધરાય છે, તેમ સંતના મન મંદિરમાં પણ વારંવાર માન્સીક સેવા વડીયે ભગવાનનો સંયોગરૂપિ ભોગ બન્યો રહે છે; અર્થાત પ્રભુનો દીવ્ય આનંદ મનથકી વારંવાર ભોગવ્યા કરે છે; અને શ્રીદ્વારકાંનાથજીના મંદિરમાં જેમ વારંવાર શંખના નાદ થાય છે તેમ સંતના મન મંદીરમાં વારંવાર પ્રણવ શબ્દ (ॐ) ઓંકારના ઉચ્ચાર થયા કરે છે; અને જેમ શ્રીદ્વારકાંધીશને આરતિના આંટા પ્રથમ શ્રીચર્ણવિં· દથી છત્ર સુધિ અને ફરિ છત્રથી ચરણ સુધી જેમ ફેરવે છે, તેમ સંત પોતાના હ્રદયમાં શ્રીપતિના શ્રીવિગ્રહનું ધ્યાન કરિને અખંડ, નખથી શિખ; અને શિખથી નખ સુધી વારંવાર મનને ફેરવ્યા કરે

છે; અને જેમ શ્રીદ્વારકાંધીશની આર્તિ થૈ રહ્યા પછી શંખ થકી જળની ધારા કરે છે; તેમ સંત શ્રીપતિના ધ્યાનના અનંદમાં મગ્ન થઇ જવાથી તેના નેત્રમાંથી હર્ષનાં અશ્રુની ધારા થાય છે;-૧૪૩- મુમુક્ષુ કહે શ્રીદ્વારકાંનાથજીના મંદિરમાં તો શંખમાંથી જળનો સ્ત્રાવ આર્તિની પ્હેલાંને પછી થાવ છે; તેમ સંત કયાં શંખમાંથી જળનો સ્ત્રાવ કરે છે તે કહો; મુકુંદ કહે;

(દોહરો)-સંત દેહ દેવળ વિશે, આંખ શંખ આકાર,
તેમાંથી ત્રસ ત્રસ પડે, પ્રેમ અશ્રૃની ધાર;-૧૪૪-

અર્થાત સંતના દેહ રૂપિ દેવળમાં આંખરૂપિ, શંખમાંથી પ્રભુને મળવાની આર્તિથી પ્રેમ પાણીનાં બાંદુઓ ટપટપ પડે છે; પ્રભુના વિયોગમાં વિરહનાં આંસુ; અને સંયોગ થતાં પ્રેમનાં આંસુ ઝરે છે; -૧૪૪-મુમુક્ષુ કહે; ભોગ, આર્તિ, શંખ શબ્દના ઉચ્ચાર, અને શંખવતી જળનો સ્ત્રાવ; તેનો જવાબ તો ઠીક મળતો આવ્યો; પરંતુ, મસાલ, છડિદાર, અને ઘંટના ઘોષ, સંતના દેહ દેવળમાં કયાં છે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)-સુમતિ મસાલ સદાય છે; મન મંદિર મોઝાર;
ઘંટ ઘોષ હરિઃ ૐ તે, સદ્વીચાર છડિદાર;-૧૪૫-

અર્થાત જેમ શ્રીદ્વારકાંનાથ આગળ મસાલ રહે છે તેમ સંતના મન મંદિરમા પણ સુમતિ એટલે સારિ, મતિ, રૂપિ મસાલ હોય છે, જેમ મસાલથી અંધારૂં દુર થૈ જાય છે, તેમ સારિ, મતિ, રૂપિ મસાલથી અજ્ઞાન રૂપિ અંધારૂં દુર થૈ જાય છે;તેથી સાચો રસ્તો બરાબર સુજે છે;જેથિ દોરડામાં સર્પની,નેસર્પમાં દોરડાંની ભ્રાંતિનથિ થાતી જેવાં હોય તેવા, જ દેખાય છે; કાળા કાચનાં ચસ્માં પ્હેરવાથી

જગતના તમામં પદાર્થ કાળા દેખાય પરંતુ જેવા હોય તેવા, ન દેખાય, તેમ તમોગુણી બુદ્ધિથી તેવું દેખાય અને લાલ ચસ્માંથી બધુ લાલ દેખાય તેમ રજોગુણિ મતિથિ પણ તેવુંજ દેખાય, અને સફેત ચસ્માંથી જગતની ચીજો જેવિં હોય તેવિ બરાબર દેખાય તેમ સાત્વીક બુદ્ધિ રૂપિ ચસ્માં; વા સાત્વીક મતિ રૂપિ મસાલથી બધા દેવમાં કયા દેવ મોટા હશે; કોણ મુક્તિ દઇશકે;ખરૂં શ્રેય શું કાર્ય કરવાથિ થાય; એવિ ભ્રાન્તીમાં ન ભુલાય, ને સંકલ્પ વિકલ્પ મટિ જાય, અને સુમતિ મસાલથી સિદ્ધ થાય કે સર્વ દેવમાં શ્રીપતિજ મોટા છે; ને ખરૂં કલ્યાણ તેના કિર્તનથીજ છે; એમ બરાબર સુજે એવિ જે મતિ તે મસાલ સંતના મન મંદિરમાં છે; અને જેમ શ્રી દ્વારકાં નાથનો છડિદાર ભોગ આવતિ વખતે બીજા આડા આવતાં માણસાને હટાવિને પોતે દ્વારમાં ખડો રહે છે; ને બીજા માંણસોને અંદર પેસવા નથિ દેતો, તેમ સંતના મન મંદિરમાં સદ્ વિચાર રૂપિ છડિદાર છે; તે બીજા નકામા વિષયના વિચારોને હટાવિને, પોતે દ્રઢ શ્રીહરિના ધ્યાનમાં અથવા શ્રીપતિ સબંધિ કોય પણ કાર્યમાં સ્થિર થઇને અડગ મ્હોરે ઉભો છે; તેથિ જેમ શ્રીદ્વારકાનાથનો છડિદાર ભોગ વખ્તેં અન્યને મંદર અંદર આવવા દેતો નથી; તેમ સંતનો સદ્વિચાર રૂપિ છડિદાર પણ ભગવાનના ભોગ રૂપ ભજન પુજન વાંચન કે ધ્યાન વખતે અન્ય વિચારને મન મંદિરમાં આવવા દેતો નથી; અને જેમ શ્રીદ્વારકેશના મંદિરમાં મંગળા વખ્તે સવારમાં તથા ભોગ આવ્યા બાદ બપોરના, તથા ઉથ્થાપનનાં ને આરતિનાં દર્શન વખ્તે સાંજના વારંવાર ઘડિઓમ્ ઘડિઓમ્ એમ ઘંટના ઘોષ થાય થાય છે; તેમ, સંતના દેહ દેવળમાંથિ પણ સવારના નિદ્રામાંથી જાગ્રત થતાં હરિઃ ૐ હરિઃ ૐ એમ વારંવાર અવાજ

થાય છે; તેવા જેમ શ્રીદ્વારકેશનો ઘંટ સાંભળિને સુતેલાં જાગીને કાર્યમા કુશળ થાય છે તેમ જ્યાં સંત પુરૂષ બિરાજતા હોય તેના મુખ મંદિરમથી હરિ ૐ હરિ ૐ થતો શોર સાંભળિને ગત્રીની ઉંઘથી તથા અનાદિની અજ્ઞાન રૂપિ ઉંઘથી મનુષ્ય જાગ્રત થાય છે; ને પોતાના કલ્યાણકારિ કાર્યમાં કુશળ થાય છે; અર્થાત જેમ સવારનો ચાર બજ્યાનો ઘંટ સાભળિને સાત્વીક દ્વારકાંવાસી લોકોના સમુદાય ગોમતિ સ્નાન કરવા જાય છે તેમ સત્પુરૂષના શ્રી મુખથી હરિ: ૐ હરિ: ૐ એવા શબ્દની ધ્વની કાનપર આવતાં સાત્વીક દીલ રૂપિ દ્વારકાં વાસીના સમુદાય, અજ્ઞાન રૂપિ ઉંઘથી જાગ્રત થૈને સંતની, ગો, મતિ, માં (સત્સંગમાં) સ્નાન કરવા (કથા સાંભળવા) જાય છે; જેમ ઘંટના ઘોષ થવાથી જણાય કે શ્રીદ્વારકાધીશનાં દ્વાર ઉઘડવાં હવે દર્શન થશે, તેમ હરિ ૐ એ અવાજથી જણાય કે સંત સમાધિમાંથી જાગ્યા; હવે સત્સંગનો લાભ મળશે;–૧૪૫–મુમુક્ષુ કહે મસાલ છડિદાર અને ઘંટના ઘોષનો જવાબ સાંભળિને તો સતોષ થયો; પરંતુ શ્રીદ્વારકાંધીશ દાદાના દરબારમાં તો નોબત ગગડે છે, ને ઝાલર વગડે છે ને છેવટ પુષ્પાંજળિથી પ્રભુને વધાવે છે; તે પછિ દર્શને આવેલાં લોકો ઘેરે જાય છે ને મંદિરમાં ગડબડાટ બંધ થૈને શાંતિ પસરે છે, ને શ્રીદ્વારકેશ દાદા પોઢે છે, તેમ સંતના તન તિર્થમાં અને મન મંદિરમાં કયાં થાય છે તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–નોબત નટવર નામની, ઝાલર જય ઉંચ્ચાર;
પ્રેમ રોંમ પુષ્પાંજળી, પોઢે વિશય વિચાર;–૧૪૬–

અર્થાત્ જેમ શ્રી દ્વારકાંધીશ દાદાના દરબારમાં મુખ્ય દરવાજા ઉપર; ક્રિડિંગધિંગ, ક્રિડિંગધિંગ, ક્રિડિંગધિંગ, એમ, નોબત, બજે

છે, તેમ, સંતના દેહ દેવળના મુખરૂપિ મુખ્ય દરવાજામાં પણ, હરિ-ગોવિંદ, હરિગોવિંદ, હરિગોવિંદ, એવી નટવરના નામની નોબત બજે છે; નટવર એટલે જગતરૂપિ રંગભુમિમાં જીવરૂપિ એકટરોને યોગ્યતા મુજબ, વેશ, લેવરાવીને ખેલ કરનાર મુખ્ય મેનેજર જે શ્રીપતિ છે; તેના નામની નોબત બજે છે; અને જેમ શ્રી દ્વારકાંનાથજીના મંદિરમાં ઝણુણુ ઝણુણુ ઝણુણુ ઝાલર બજે છે; તેમ સંતના મનમંદિરમાં વારંવાર પ્રભુના ઉપકાર સંભારિને, જયજયજય, જય-જયજય, જયજયજય, એવા ઉદ્‌ગારરૂપિ ઝાલરના અવાજ થાય છે; અને જેમ શ્રી દ્વારકાંનાથજીને વારંવાર પુષ્પાંજળિથી વધાવે છે, તેમ સંતને હૃદયમાં શ્રીપતિના ધ્યાનનો આનંદ પ્રાપ્ત થવાની શરિરપરની રોમાવળિ વારંવાર ખડિ થૈ જાય છે; તે પ્રેમની પુષ્પાંજળિ છે; અને જેમ શ્રી દ્વારકાંધીશ સાંજના તથા બપોરના પોઢે છે ત્યાર બાદ મંદિરમાં આવાગમન કરતાં લોકો બંધ થાય છે; તેમ સંત પણ બપોરના તથા રાતના શ્રીપતિના સ્મરણ ધ્યાનાદિમાં સ્થીર થઇને શાન્તિથી શયન કરે છે; ત્યારે તેની પાસે વ્યવહારિક વિચાર આવતા નથી, અને શ્રોતા, સોતા કે સરોતા, પણ આવજા કરતા અટકી જાય છે, અર્થાત્ વ્યવ્હારિક વિશયના વિચાર પોઢિ જાય છે;–૧૪૬–

મુમુક્ષુ કહે શ્રી દ્વારકાંધીશ દાદા તો શાન્તિદાય સુખશય્યામાં પોઢે છે; તેમ સંત કઇ શય્યામાં પોઢે છે; તે કહો; મુકુંદ કહે;

(દોહરો)–ધ્યાન વિશેં ગુલતાન થઇ, પોઢાડે વ્યવ્હાર;
અરસ પરસ પ્રભુમાં મળી, પામે સુખ અપાર;–૧૪૭–

અર્થાત્ જેમ શ્રી દ્વારકાંધીશ દાદા સુખશય્યામાં પોઢિને શાંત થાય છે તેમ; સંત શ્રીપતિના ધ્યાનમાં સ્થીર થૈને શાન્તી મેળવે

છે; વ્યવ્હાર કાર્યથિ પરવારિને પ્રભુમાં તલ્લીન થૈને બ્રહ્માનંદનું અપાર સુખ ભોગવે છે;-૧૪૭-મુમુક્ષુ કહે, શ્રીપતિના ધ્યાન પરાયણ રહેવાથી શું થાય; મુકુંદ કહે;

(દોહરો)-પાપપુરાણાં પરજળે; મળે મહા સંતોષ;
જીવન મુક્ત બન્યો રહે; ગ્રહે નહિં ગુણદોષ;-૧૪ -

અર્થાત્ જુનાં પાપો બળિ જાય, ને મ્હા સંતોષ મળે. જીવન-મુક્ત થાય; ને કોયના ગુણદોષ જોયને રાગદ્વેષમાં ફસાય નહિં;-૧૪૮-મુમુક્ષુ કહે તેમ જીવનમુક્ત થવાથી શું પરિણામ આવે; મુકુંદ કહે;

(દોહરો)-છેલ્લી દેહ પુરિ કરે; પછિ ન પાછા થાય;
અખંડ અક્ષય ધામમાં, ધુમધામેથી જાય;-૧૪૯-

અર્થાત્ છેલ્લી દેહ પુરિ કરિને શ્રી હરિને ધામે ધામધુમથી જાય, પછી, મર્ણ જન્મ મટિ જાય પાછા ને થાય,-૧૪૯-મુમુક્ષુ કહે સંતના શ્રી અંગને તિર્થ તુલ્ય કહ્યું તે બરાબર યોગ્ય છે; પરંતુ શ્રી દ્વારકાં તિર્થ યાત્રા કરવા જનારને તો સ્ટીમરની, કે, રેલ્વેની, ફી, હોય તો જ્વાય અને શ્રી ગોમતિ સ્નાન કરવા કર ભરવાનાં નાણું પાસે હોય તોજ ન્હાય શકાય છે, તેમ સંતના દેહરૂપિ દ્વારકાંની યાત્રયે જવામાં, અને ગીરારૂપિ ગોમતિમાં ન્હાવામાં નાણું ક્યાં બેસે છે; તે કહો મુકુંદ કહે;

(દોહરો)-ફુરસદરૂપિ ફી વિનાં, સંત તિરથ ન જવાય;
નવરાશરૂપ નાણું વિનાં, સંત તિરથ ન ન્હવાય;-૧૫૦-

અર્થાત્ ફુરસદરૂપી ફી હોય તો સત્સંગમાં જવાય, ને નિવૃતિ-રૂપિ નાણુ હોય તો બે ઘડી બેસીને સંતની વાણી સાંભળી શકાય, માટે ફુરસદરૂપિ, ફી, અને નવરાશરૂપિ નાણું મેળવિને સત્સંગથી મનને કેળવિને ભક્તિમાં ભેળવિને મુક્તિમાં મેળવિ સદા સુખિ સંત થાય છેતેવે શ્રીપતિને નિત્ય ધામે સત્સંગથી જવાય છે;–૧૫૦–મુમુક્ષુ કહે;શ્રીપતિના નિત્ય ધામનો મુળથી માર્ગ કયો છે; કયાંથી જવાય છે; કેવિ રિતે ક્યા કયા લોકમા થઇને જવાય છે તે ટુંકમાં અથ ઇતિ કહો મુકુંદ કહે; મનાકલ્પીત નહિ પણ શાસ્ત્રોક્ત નારદ પંચરાત્રમાં, બ્રહદ્ બ્રહ્મ સંહિતા, તથા; પ્રમેયશેખર; નો દર્શાવેલો માર્ગ કહું છું સાંભળો સુકૃતિ જીવ ઉપર જન્મતાં શ્રીપતિની કટાક્ષ પડે, તેથી અદ્વેષિ સ્વ-ભાવ પ્રાપ્ત થાય; તેથી ભગવત ભાગવતાદિ વિષયમાં અભિમુખપણું પ્રાપ્ત થાય, એટલે ભજવા યોગ્યને તજવા યોગ્ય વસ્તુનો વિવેક થાય, તેથી સત્પુર્ષો સાથે સમાગમ થાય, એથિ સદાચાર્યનું શરણ વરણ થાય, તેથી ત્યાજ્યને ગ્રાહ્ય વસ્તુનો નિશ્ચય થાય: તેથિ લૌકિક વિષયમાં વૈરાગ્ય (અરૂચી) અને પરબ્રહ્મને વિશે અતિરાગ (પ્રિતિ) થાય તેથી નાશવંત વસ્તુથી મન નિવૃત્ત થાય; અને પર્માત્માને પામવાનો મુખ્ય સિદ્ધ ઉપાય સ્વીકારે; તેથી ભગ્વતને ભેટવાની ત્વરા થાય, એટલે શ્રી કૃષ્ણ પર્માત્માનાં ગીતાજીનાં કહેલા "अहंस्मरामी॥ એ વચન મુજબ જ્ઞાનની સ્મૃતિ પ્રભુ આપે, તેથી સ્થુલ અને સુક્ષ્મ શરિરના જુદાપણાનો અનુભવ થાય; એટલે ધ્યાનમાં પર્માત્માનો સંસર્ગ થાય, તેથિ હૃદયમાં અનુગ્રહ કરવા સારૂ વૈકુંઠના માર્ગનો વિશેષ પ્રકાશ પ્રભુ કરે, એટલે ચૈતન (જીવ) હૃદય ગુફામાંથી નીકળવાની તૈયારિ કરે; ને સુષુમ્ણા નાડિમાં પ્રવેશ કરે; ત્યાંથી અર્ચિ-રાદિ માર્ગે ગમન કરે; અને અતિવાહક (એટલે દેવતાઓ)ને હાથે

વિમાનમાં બિરાજીને સત્કાર પામે; ત્યાંથી દશ; આવરણ ભેદિને તેની પાર જાય; ત્યાંથી પ્રકૃતિ મંડળને ત્યાગીને વૈકુંઠને સિમાડે વિર્જા ગંગા છે તેમાં શ્નાન કરે; ત્યાં સુક્ષ્મ શરિર છુટિ જાય, તેથી દિવ્ય ગુણો પ્રગટ થાય, અને અમાનવ (એટલે વૈકુંઠથી લેવા આવેલા દિવ્ય પુર્ષો)ના કરનો સ્પર્શ થાય; પંચોપનિષદ્મય દિવ્ય વૈકુંઠમાં ભગવાનને ભેટવા લાયક શરિર પ્રાપ્ત થાય; તે પછી જ્યાં કાળની કલના નથી એવો દિવ્ય દેશ પ્રાપ્ત થાય; ત્યાં ન્ત્રૈરમ્મદીયક નામનું સર છે તેમાં શ્નાન કરાવિને દીવ્ય અલંકારથી અલંકૃત કરે; ને દીવ્ય ભવ્ય વિમાનમાં પધરાવે; તે પછી; તિલ્યકાંતાર; નામનો પ્રદેશ આવે છે તેમાં પ્રવેશ થાય, ત્યાં દિવ્ય અપ્સરાઓથી સત્કાર પામીને; તિલ્યગંધ, નામના પ્રેદેશમાં પ્રવેશ કરે; ત્યાંથી, બ્રહ્મગંધ, નામનો પ્રદેશ આવે છે; તે પછી દિવ્યગોપુરની પ્રાપ્તી અર્થાત્ શ્રી વૈકુંઠ નગરનો દર્વજ્જો આવે છે; તેમાં થૈને દીવ્ય વૈકુંઠમાં પધારે છે, ત્યાંથી દિવ્યસુરિની પરિષદ (પાર્ષદોની સભા)માં થૈને રાજ્ય માર્ગે ગમન કરે છે; ત્યાંથી બ્રહ્મતેજમાં પેસે છે; ત્યાર બાદ બીજું દીવ્યભવ્ય ગોપુર આવે છે; તેમાં થૈને; બ્રહ્મવેશ્મ; નામનું સ્થળ છે તેમાં પધારે છે ને ત્યાંથી દિવ્ય મણિમંડપમાં પ્રવેશ કરે છે; ત્યાં દિવ્યસુરિપાર્ષદની મ્હોટિ સભા છે તે મળિને મુક્તનું સન્માન કરે છે; તે પછી; શ્રી, ભુ, લીલા સહિત સર્વેશ્વરનાં દિવ્યદર્શન થાય છે; તેથી તુરત પ્રણામ પુષ્પાંજલિ કરિને અતિ સંભ્રમયુક્ત હર્ષમાન થાય છે; ને શ્રી વૈકુંઠનાથની સમિપ જાય છે; ને શ્રીપતિના ચર્ણાર્વિંદમાં શિર્ષ ઝુકાવી સાષ્ટાંગ કરે છે કે તુરત શ્રીપતિ અતિ પ્રિતિથી સદ્ય સમાલીને પોતાના પર્યંક ઉપર (ખોળામાં) લઈ લે છે; એટલે અતિ ઉત્સાહે ઉમંગથી શ્રીપતિના મુખાર્વિંદનું અવલોકન (જોવું) અને આલાપન

(બોલવું) થાય છે; અર્થાત્ વાર્તાચિતો થાય છે; તે પછિ શ્રીપતિનું સ્વરૂપ એટલે શ્રી વિગ્રહની અંદર દિવ્યજ્યોતિ; અને રૂપ એટલે શ્રી વિગ્રહ; અને ગુણાદિ વિવિધ વિગ્રહ; વૈભવાદિનો યથાર્થ અનુભવ થાય છે; તેથી અનુભવ જનિત અધિક પ્રિતિ પ્રગટે છે; અને એક પરબ્રહ્મનાં અનેક રૂપો॥ एकोहंबहुस्यामि॥એક અનેક રૂપો ધારણ કરે છે તેને સૌને તે મુક્ત જુવે છે; અને તે સર્વની સાથે સારિ રિતે સમાગમ થાય; અને તે પછી સર્વકાળ, સર્વ દેશ, સર્વાવસ્થામાં ઉચિત સર્વ પ્રકારે કૈંકર્ય (શેવા)ની પ્રાપ્તી થાય છે; ને તે દેવાધિ દેવની દિવ્ય શૈવામાં દિવ્ય દેહે કાયમ રહે છે; ને સદા દિવ્ય આનંદ ભોગવે છે; એમ આપણે પણ પ્રથમ પ્રકરણની શરૂવાતમાં કહ્યું તેમ તન્દુરસ્તીની તજવિજ કરતાં મન્દુરસ્ત કરવા લાગીયે, ને નયનામૃતને બદલે જ્ઞાનામૃત લેવા જાગીયે તો જન્મ મર્ણ ઝીંતાય; મુમુક્ષુ કહે; કામ ક્રોધ લોભ મોહ વિકટ છે તે જન્મ મરણ જીતવા દે તેમ નથી, તેને પ્રભુયે શામાટે બનાવ્યા હશે; મુકુંદ કહે; ઈશ્વરમાં દોષારોપણ કરિયે તે આપણી ભુલ છે; નિયંતાયે નિરર્થક કોઇ ચીજ બનાવી નથી, બધી ચીજ ઉપયોગી છે, જો વિચારિને વાપરતાં આવડે તો; મુમુક્ષુ કહે, કામ, ક્રોધ, લોભ, મોહને ક્યાં કેવિ રિતે વાપરવા તે કહો; મુકુંદ કહે;

(દોહરો)—કામ રામને પામવા, લોભ વખતનો થાય;
ક્રોધ ધર્મ ધોવાય ત્યાં, મોહનમાં મહોવાય;—૧૫૧—

અર્થાત્ કામ એટલે કોઇ પણ પ્રકારની કામના ઇચ્છા જે છે તે કામનાને રામાંમાંથી કાઢિને રામમાં લગાડવી જોયેં, એટલે કે શ્રી રામને પામવાના પ્રયત્નમાં કામનો ઉપયોગ કરવો જોયેં, અને લોભ

જેમ પૈસામાં થાય છે તેને બદલે વખતમાં; એટલે કે, નિર્થક વખત ન ગુમાવતાં નીરંતર નારાયણના સ્મરણ સેવા વિગેરેમાં વખતનો ઉપયોગ કરવો જોયે; કેમકે ગયા પૈસા મળશે પણ ગયો વખત નહિં મળે; અને ક્રોધ આપણાથી નીર્બળ પ્રાણી ઉપર કરિને તેને કષ્ટ દઇએ, છીએ તેને બદલે જ્યાં સનાતન ધર્મનો નાશ થાતો હોય, ને નિર્બળને પ્રબળ વિનાવાંકે કષ્ટ દેતા હોય ત્યાં ક્રોધ કરિ સનાતન ધર્મનું રક્ષણ કરવું જોયે માટે તેવા ઉપયોગમાં ક્રોધને વાપરવાની પણ જરૂર છે; ને, ન વાપરે તો ધર્મનો ક્ષય થાય. કહેવાય છે કે;—

કાશીકી કલા ગઇ, મથુરાં મસિદ ભઇ;
ન હોત શિવાજી તો, સુનત હોત સબકી;

એવા સમયમાં ક્રોદ્ધ ન વાપરે તો ધર્મ ન રહે માટે ગાય બ્રાહ્મણ અને ગરિબને દુઃખ દેનાર પર ક્રોદ્ધ વાપંરવાની જરૂર છે; અને હાડમાંસથી ભરેલાંને ચાંમથી મઢેલાં માયામય સ્થુળ સ્રીપુરૂષોના શરિરમાં, ને નાશવંત વિષયોમાં મોહ કરિયે છીયે, તેને બદલે શાશ્વત શ્રીપતિના રૂપમાં મોહવાય રહેવું જોયે; એટલે કે મોહને મોહનમાંજ લગાડી દેવો જોયે; પરંતુ તેનો દુરઉપયોગ કરિને શ્રી હરિને દોષ દઇએ કે તેણે કામ ક્રોદ્ધાદિને શામાટે બનાવ્યા, તે આપણી અણુસમજાય છે, જેમ અણુસમજુ છોકરૂં ઘરમાં આગપેટિ હોય તેથી પોતાનાં લુગડાંને સળગાવે ને છરિથી પોતઃના હાથ કાપે ને પછી પિતાને દોષ આપે કે તમે અમને સળગાવવાને કાપવાની ચીજો કેમ ઘરમાં લાવ્યા; પરંતુ તેને ખબર નથી કે આગપેટિથી અગ્ની પ્રગટ કરિને રસોય કરાય ને દીવાબત્તી કરાય; અને છરિથી શાક ભાજી

સુધારાય; તેથિ જેમ તે દુરઉપયોગ કરિને દુઃખિ થાય છે તેમ આપણે પણ કામ ક્રોદ્ધાદીનો દુરઉપયોગ કરિને દુઃખ થાયે છિએં; ને તેનો સદુપયોગ કરતાં આપણુને નથી આવડતો તેનો ઇશ્વરને• દોષ દઇએ છીએ; પરંતુ ઇશ્વર તો અનેક વખત આપણુને આચરિ બતાવવા અવતાર ધારણુ કરિને પણુ આચરણુ કરિ બતાવે છે ને જુવો કે વેદમા પુરૂષ સુકતમાં પણ કહ્યું કે—

॥ ब्राह्मणोस्स्युमुख मासीद्बाहूरा जुन्न्यः कृतः ॥
ऊरूतद स्युयद्वैश्य पभ्द्याᳪशूद्रोऽअजायत ॥ ११ ॥

અર્થાત્ બ્રાહ્મણો પરિબ્રહ્મના મુખમાંથી પાટવી પુત્ર તરિકે પ્રગટ થયા પછી બાહુમાંથો ક્ષત્રીયો. ઉરૂમાંથી વૈશ્યો, ને ચરણુમાંથી શુદ્રો પ્રગટ થયા, ને એ ન્યાયથી પ્રથમ બ્રાહ્મણોને પ્રભુયે જગતનું રાજ્ય આપ્યું; જેથી અધ્યાપિ પર્યંત મ્હારાજ કહેવાય છે; પરંતુ રાજ્ય કરતાં આવડયું નહિં; ક્રોદ્ધાદિનો અવળો ઉપયોગ કરવા લાગ્યા; તેથી પછી ક્ષત્રીયોને રાજ્ય આપીને ગૌબ્રાહ્મણની રક્ષા કરવાની ભલામણુ ભગવાને તેને આપી; મુમુક્ષુ કહે; બ્રાહ્મણોયેં ક્રોદ્ધાદિનો શું અવળો ઉપયોગ કર્યો તે કહો; મુકુંદ કહે; બ્રાહ્મણો એવા થયા કે,

॥ शांतेशुरा, भयेदीना, परस्पर विरोधिता ॥
नहि विप्रा, राज योग्य, भिक्षा योग्य, पुनः पुनः

અર્થાત શાંત ઉપર શુરવિર્તા કરવા લાગ્યા, ને ભય દેખાડનાર લુચ્ચા લોકો આગળ દીનતા દર્શાવા લાગ્યા, અને આપસ આપસમાં દ્વેશ કરિને વિરોધિ થયા, તેથી તે પ્રભુના પાટવી કુમાર છે

છતાં તેને મેનેજમેટની પેઠે બેઠાં બેઠાં ક્ષત્રિઓ ખર્ચ આપે અને ક્ષત્રિઓ રાજ્ય કરે એમ ઠરાવ્યું; તે ફરજ પણ સહસ્ત્રા અર્જુન આદિ ક્ષત્રિઓ ભુલ્યા અને જમદગ્નીી ઉપર જુલમ કર્યો, એમ અવળે રસ્તે કામ ક્રોધને વાપરવા લાગ્યા, તેથી ઇશ્વર અંશી પર્શુરામે એકવિશ વખત નિઃક્ષત્રી પૃથ્વી કારને એકવીશ વખત બ્રાહ્મણોને રાજ્ય આપ્યું તો પણ બ્રાહ્મણોનો સ્વભાવ ઉપરના શ્લોક પ્રમાણેજ રહ્યો, અને ક્ષત્રીયોનો ગૌ બ્રાહ્મણનું પાલન કરવાનો ધર્મ ગયો, યારે ક્ષત્રીયોને રાજ્ય ધર્મ શિખવવાને માટે ને ગૌ બ્રાહ્મણનું રક્ષણ કરવાને સારૂ શ્રી પતિ ક્ષત્રીકુળમાં પવિત્ર ઇક્ષ્વાકુ વંશમાં શ્રીરામ રાજા રૂપેં જગભુપ બનીને કામ ક્રોધાદિનો, કયા, કેવિ રિતે ઉપયોગ કરવો, તે શીખવિ ગયા, જે શીખ્યા તે સુખિ થયા, ને ન શિખ્યા તે નર્કે ગયા; મુમુક્ષુ કહેવાહ બહુ સારૂં સમજાવ્યું; હવે હું રજા લઇશ, આજે મ્હારા ભાયનું યજ્ઞોપવિત છે તેનો બડવો રોઠો વાળવો છે ત્યાં જઇશ; મુકુંદ કહે, હેં, બડવો રોઠો વાળવો છે, બોલે હા; મુકુંદ કહે બડવા રોઠાનો અર્થ શું; મુમુક્ષુ કહે એ તો પ્રભુ જાણે તમે એનો અર્થ જાણતા હોતો કહો, મુકુંદ કહે બડવો રોઠો વાળવો છે એમ લોકો બોલે છે તે શબ્દ અપભ્રંશ થયેલો છે; ખરિ રિતે તો બટુક રૂઠયો વાળવો છે એમ મુળ શબ્દ હતો; મુમુક્ષુ કહે કેવિ રિતે બટુક રૂઠયો, તે યથાર્થ કહો; મુકુંદ કહે, યજ્ઞ એટલે પ્રભુને પામવાનો ઉપાય, અને ઉપવિત્ત એટલે બીજું વિત્ત, તે યજ્ઞો પવિત; અર્થાત્ પરિબ્રહ્મની પ્રાપ્તીના ઉપાયનો અધિકાર મળે છે; તે યજ્ઞો પવિત કહેવાય છે, એ ટલે તે દીવસથી સંધ્યા, પુજા, ગાયત્રી, વૈશ્વદેવ, વિગેરેથી વિશ્વપતિનું પુજન થૈ શકે છે; તે અધિકાર બટુક નામ બાળ બ્રહ્મચારિદ્વિજ પુત્રને મળે છે તે દીવસથી તે ગુરૂકુળમાં નિવાસ કરવા કાશીયે બ્રહ્મ

વિદ્યા ભણવા સંસારનો સબંધ છોડીને સંન્યાસીના વેશમાં સિધાવે છે; તેથી તે, બટુ, રૂઠગોને ભણવા ઉઠયો તેને પાછો વાળવા જાય છે; ત્યાંરે મહા મોહની મુર્તિ, મામો, અર્થાત્, મ્હામોહ, તે બટુક બ્રહ્મચારિને ખંભા ઉપર ખુબજોરથી પકડીને બેસાડીને બહુ બહુ નાશવંત વિષયોની લાલચોમાં ફસાવે છે ને બ્રહ્મ વિદ્યા ભણવા જતા અટકાવે છે, તો પણ તે સમજુ સાત્વીક સાચિ વિદ્યાનો સંગ્રહ કરવા શ્રીહરિને વરવાને બીજા વિષયોથી બે પરવા રહે છે તે, બટુ, રૂઠયો વળતો નથી; ને જે, માહામોહ, લાલચો આપે તેમાં ફસાય જાય, તે તુરત પાછો વળે છે; ને વિષયોને રળે છે; તુરત સાત્વીક વેશ છોડીને રાજસી ડ્રેસ ધારણ કરે છે ને ઘોડે બેસિને ફરે છે એમ, આ કાળમાં, બધેય બડવો રૂઠો વળે છે; મુકુંદે એમ કહ્યું એટલે દસમું પ્રકરણ પુરૂં થયું હરિઃ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ શ્રીહરિ દીલનું દરપણ (ઉર્ફે) મુકુંદના–મનોભાંત્ર. પ્રકરણ (૧૦) મું.

સમાપ્ત.

જીજ્ઞાસુને જાહેર ખબર.

માંગરોળવાળા મ્હાત્માશ્રી અનંતપ્રસાદજી, તથા પુજારિ મુકુંદદાસજી કૃત પુસ્તકો વી. પી. થી મળવાનાં ઠેકાણાં.

ઠકર ભગવાનદાસ દેવશીભાઇ. ભાવનગર, ઠે. ખારગેટ.

જોશી પુરૂષોતમદાસ લાધાભાઇ. માંગરોળ–ઠે. કોટ નાગરવાડો.

ઠકર હરજીવન નંદજી. વેરાવળ–ઠે. શ્રી અનંતાશ્રીત પુસ્તકાલય.

સમાસે, સસેક, રાગ, હરિગીત છંદ.
પોતે પોતાને નીત્ય તપાસો

ના દ્વાર વાળા પુરમાં આવિને જીવ કેટલું રળ્યો,
કેટલી મીલ્કત મેળવિ ભ્રમ કેટલો તારો ટળ્યો;—
કેટલા ભર્યા ભંડારને શું સાર તેમાંથિ મળ્યો,
કેટલી ટળિ તૃષ્ણાનિ અગ્ની શાંતિમાં કેટલો વળ્યો.—૧
તેનો તું ખાસ તપાસ કરજે જ્ઞાન દ્રષ્ટિથિ દિલ વિશે,
વૈરાગ્ય ઉર કેટલો વશ્યો કેટલું છે મન વિષયો વિશે;—
વૃત્તિ નિતિમાં કેટલી તારિ વિચારિ જો વળી,
ઇંદ્રિ પ્રબળ ક્ષુદ્ર વિષયના વેગથિ કેટલી વળી. —૨
ચિંતવન ચિતે રૂડી રિતે કેટલું પ્રભુનું થાય છે,
ચિંતાચિતે શેની વધુ છે, શું વિચાર કરાય છે;—
આ દેહમાં છે સ્નેહ કેટલો ચિત્ત વધુ શું ચ્હાય છે,
ભોગ વૈભવ દેખિને દીલ કેટલું લલચાય છે— —૩
કેટલું માનાપમાન તારા મન વિશે રેછે હજી,
કેટલાંના અપકારને ઉપકાર સ્ફુરે છે હજી;—
કેટલી કુટેવ ટળિ અને કેટલી હજી બાકી રહી,
કેટલી ઉપાધી અલગ થઇને કેટલી વળગી રહી.— ૪
દુર્ગુણો દુર કેટલા થયા કેટલા રહ્યા બાકી હવે,
સદ્ગુણુ સંપાદન કર્યા તે કેટલા આવિભવે;—
રજ, તમ, અને સત્વ, ત્રણેમાં કોણ છે મુખિ મનવિશે,
જીવ, બ્રહ્મ, ને માયા, ત્રણેમાં કોણ દીસે દસ દીશે.—૫
શું ચિત્તમાં સંશય રહ્યા શું દ્રઢ તારા દીલ વિશે,
શું નિત્યનું કર્તવ્ય તેં નક્કી કર્યું છે મન વિશે;—
એ સર્વનો જીવ ગર્વ છોડીને તપાસ કર્યા કરો,
શ્રેય સાચું સાચવિ અશ્રેય સર્વે પરહરો.— ૬
મુકુંદ મન મેધા[1] સદા સુધારવાજ મથ્યા કરો,
તજી વિશયની આશ વાસુદેવનીજ કથા કરો;—
એના બનીને અનન્ય અન્યન તન હવે ભવમાં ધરો,
પ્રારબ્ધ પુરૂં કરિને અવિચળ પદે જઇ થિર ઠરો.— ૭

૧ બુદ્ધિ.

જાહેર ખબર

શ્રી વૈષ્ણવ વિપ્ર મેઘજી લાલજી (ઉર્ફે) મુકુંદ રામાનુજ-દાસજી પુજારિ માંગરોળવાળા શ્રીમાન મ્હાત્માશ્રી અનંત પ્રસાદજીના કૃપા પાત્ર એમનાં બનાવેલ પુસ્તકે. નીચેને સિરનામે વી. પી. થી મળે છે; નીચેનાં પુસ્તકો તૈયાર છે; વી. પી. થી મંગાવો. પૈસા ધર્માદામાં જશે; તેથી બીજી આવૃત્તિ થશે:

નંબર.	નામ.	કીંમત.
૧	શ્રી રણુછોડરાય રત્નમાળા—પદ ૧૦૮. રસીકરાગ	૦—૪—૦
૨	શ્રી રઘુરાય રત્નમાળા—પદ ૧૦૮. રસીકરાગ	૦—૪—૦
૩	શ્રી મેઘજીનાં મ્હાવાક્ય—દોહા—૫૦૦.ને ૫૦ કવિત	૦—૪—૦
૪	દીલનુ દરપણ—૧૦—પ્રકરણ.(ઉર્ફે)મુકુંદના મનોભાવ	૦—૮—૦
૫	સંત પ્રભાવ—૮—પ્રકરણ.ટિકા સહિત—ગુજરાતિમાં	૦—૨—૦
૬	સંતોષ સુરતરૂ. ૧૧૩—દોહા—ટિકા ગુજરાતિમાં.	૦—૨—૦
૭	શ્રી દ્વારકાંધીશનાગરણા ને મીરાં ચરિત્ર.	૦—૨—૦
૮	શ્રી રામરક્ષાનું ગુજરાતિ ગાન. રસીક રાગમાં	૦—૧
૯	શ્રી ધનુરમાસનું ધ્યાન, ગાયન ૩૦. રસીકરાગ.	૦-
૧૦	શ્રી અનંત ઉપકાર આખ્યાન પુર્વરંગ સહિત.	૦—

ઉપરનાં પુસ્તકો મળવાનું ઠેકાણું—મું. માંગરોળબંદર

જોશી પુર્ષોતમદાસ લાધાભાઇ તથા ભવાનભાઈ લાલ

ને ત્યા—ઠે. કોટનાથ પાસે નાગરવાડામાં (**કાઠીયાવાડ.**

તેમજ વેરાવલ **ઠા. હરજીવન નંદજીને** ત્યાંથી ઉપરના

શ્રી અનંતપ્રસાદજીના હરેક પુસ્તકો મલસે છે. શ્રી અનંત

આશ્રીત પુસ્તકાલય. વેરાવળ. (કાઠીયાવાડ.)